Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું પાક્ષિક માધ્યમ

સળંગ વર્ષ ૯૩મું

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

CDO PRAKASH SAMIKSHA Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

FORTNIGHTLY VOLUME : 1 • ISSUE : 5 • PAGES : 40 • DATE : 5TH OCTOBER 2018 • YEARLY SUBS. RS. 50/-

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ આયોજીત પ.પૂ. ગચ્છાધિપતિશ્રીને સાંવત્સરી વંદન તથા અબડાસાની બંને પંચતીર્થી ચૈત્ય પરિપાટી



# Bipin Nagda's achievement for the year 2018


Apollo Munich CEO Club Award 2018 @ Switzerland


ICICI Lombard Elile CEO Club Award-2018 @ London


ICICI Lombard Udaan Target acheivement award by Kapil Dev-2018 @ Mumbai



HIRT Bahubali Award-2018 @ Goa


Liberty CEO Club Award 2018 @ Prague

અનંદલબ્ધીનિધાનાય

શ્રી શાંતિનાથાય નમ:

શ્રી ગૌતમસ્વામીને નમ:

શ્રી આર્ય–જય–કલ્યાણ–ગૌતમ–દાન–નેમ–નીતી–ગુણ–ગુણોદય
કલાપ્રભ–કવિ–વીર–મહોદય સાગર સૂરીશ્વરોભ્યો નમઃ



**શ્રી મહારાષ્ટ્ર રાજ્યે**
**ખાનદેશ વિભાગે**
# શ્રી પારોલાતીર્થની
## પવિત્ર ધરાઉપર

વિશ્વશાંતીદાયકત્રિલોકનાથ
**શ્રી શાંતિનાથજિનપ્રસાદે**

# શાશ્વતી ઓળીની આરાધના
## સહ ત્ર્યાન્હિકા મહોત્સવ ઉજમણા

**લાભાર્થી પરિવાર :– માતુશ્રી મીઠ્ઠીબાઇ દેવશીભાઇ ડાઘા (ગોએરસમા)**

## નેહનીતરતું નિમંત્રણ

સ્નેહી સ્વજનશ્રી ______________________________ પ્રણામ / જય જિનેન્દ્ર !

સહર્ષ જણાવવાનુ કે, શ્રી શાંતિનાથ દાદાની છાયામાં,
તપચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ના આજ્ઞાવર્તિની
શાસન પ્રભાવિકા, પરમવિદૂષી **પ.પૂ. જય લક્ષ્મીશ્રીજી મ.સા.** ના દિવ્ય આશિષથી
શાસન પ્રભાવિકા **પ.પૂ. પુણ્યોદયશ્રીજી મ.સા.** ના શિષ્યા
**પ.પૂ. સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.** આદી ઠાણા ૪ ની નિશ્રા માં...

## આસોમાસની શાશ્વતી નવપદ ઓળી સાથે ત્રિદિવસીય મહોત્સવ

કરાવવાનો અમૂલ્ય લાભ અમારા પરિવારને પ્રાપ્ત થયેલ છે. પરિવાર ધન્યતા અનુભવેછે.
શુભનિમિત્ત- પરમ વિદૂષી પ.પૂ. પુણ્યોદયશ્રીજી મ.સા.ની ૧૮ મી પુણ્યતીથી પ.પૂ. સંયમગુણાશ્રીજી મ.સા.ની ૪૦ વર્ષ સંયમ જીવનની અનુમોદના
તથા અમારા પૂ. પિતાશ્રી ચંદુલાલભાઇ દેવશી ડાઘા માતુશ્રી પુષ્પાબેન ચંદુલાલ ડાઘા ના જીવિત મહોત્સવ રાખવામાં આવેલ છે

**શાશ્વતી ઓળી આ.સુ.૭ થી આ.સુ. ૧૫ તા. ૧૫/૧૦/૨૦૧૮ થી તા. ૨૩/૧૦/૨૦૧૮ સુધી**

### તેમાં ત્રિદિવસીય મહોત્સવ

આ.સુ. ૧૧ તા. ૧૯/૧૦/૨૦૧૮ બપોરે ૨.૩૦ ક. પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા
આ.સુ. ૧૨ તા. ૨૦/૧૦/૨૦૧૮ સવારે ૯.૦૦ ક. શ્રી સિદ્ધચક્ર મહાપૂજન
રાત્રે ૮.૦૦ ક. મહાકાલિ માતાજીની ભાવના શ્રી. હંસકુમાર મૈશેરી ભણાવવા પધારશે
આ.સુ. ૧૩ તા. ૨૧/૧૦/૨૦૧૮ સવારે ૮.૩૦ ક. શ્રી નવકાર મહામંત્ર જાપ

**વિધિકાર :– નવકાર પ્રેમી શ્રી. જયંત રાહીના ધર્મપુત્ર શ્રી. હર્ષ દેઢીયા ના સથવારે**

પ્રસંગ ભલે અમારો, સંગ જોઇએ તમારો
ઉમંગ ભલે અમારો, રંગ જોઇએ તમારો
ઉત્સવ ભલે અમારો, ઉત્સાહ જોઇએ તમારો
આમંત્રણ ભલે અમારૂં, આગમન જોઇએ તમારૂં....

..........શુભસ્થળ..........
**શ્રી શાંતિનાથજી જૈન દેરાસર**
રથ ગલ્લી, પારોલા–425 111 જિ. જલગામ

..........લિ..........
પ્રમુખશ્રી ધનપતી કુવરજી મોમાયા
શ્રી.ક.દ.ઓ.શ્વે.મુ. જૈન શ્રીસંઘ પારોલા

..........નિમંત્રક..........
અ. સૌ. રાજુલ પિયુષ ડાઘા
અ. સૌ. વર્ષા કુમાર સોની, જૂહૂ
કુ. સલોની, કુ. ધન્વી, કુ. મેહા

# શ્રી વાપી અચલગચ્છ જૈન સંઘના આંગણે

પર્વાધિરાજ પર્યુષણ પર્વને સાર્થક કરાવનાર યુવા વિધિકાર - સંગીતકાર

## શ્રી હર્ષ દેઢિયા (તલવાણા-ઘાટકોપર)નો

અંત:કરણ પૂર્વક આભાર સહ આભાર વંદના...



સંવત ૨૦૭૪, ઈ.સ. ૨૦૧૮ના પર્યુષણ મહાપર્વની આરાધના શ્રી વિમલનાથ દાદાના આંગણે શ્રી વાપી અચલગચ્છ જૈન સંઘના આંગણે યુવા વિધિકાર શ્રી હર્ષ પ્રકાશ દેઢિયા (તલવાણા)ના સાનિધ્યમાં રંગે-ચંગે, ઉલ્લાસભેર તથા ઐતિહાસીકરૂપે ઉજવાઈ.

શ્રી હર્ષ દેઢિયા કચ્છી સમાજના તેજસ્વી તારલા છે, જિનેશ્વર પ્રભુના ભક્ત તથા એક અભ્યાસી પ્રવકતા પણ છે. તેઓના શ્રીમુખે નિકળતી વાણી તથા પ્રભુ ભક્તિ અદ્વિતય છે. પૂજન - વિધાનો તથા શાસ્ત્રીય સંગીતમાં તેઓ બેજોડ છે. આપના હસ્તે વધુને વધુ શાસન પ્રભાવનાના કાર્યો થતા રહે એજ શુભકામના.

લિ. શ્રી વાપી અચલગચ્છ જૈન સંઘ

UPASANA-9820167767



# અ.સૌ. તારા લલિત વાલજી મોતા

(ગામ : સુથરી – હાલે : નાસિક)

## માસક્ષમણ તપના આરાધકને વંદન

મોતા અને લોડાયા પરિવાર ના તારલીયા,
વનિતાબાઈના વાલથી પ્રકાશિત દિયા,
દમયંતીબાઈના રતનસમા ચમકતા ચાંદલીયા,
સુથરી અને સાંયરા ગામ ને ચમકાવ્યા,
પ.પૂ. ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. ની નિશ્રાને પામીયા,
દેવ–ગુરુ કૃપા અને શાસનદેવના આશિષસમયા,
અધિષ્ઠાયિકા શ્રી મહાકાલી માતાજીના મંગલમયા,
આપના ઉત્કૃષ્ટ તપના ઓવરણા લેતા
આપને હૃદયપૂર્વક અંતઃકરણ સાથે અભિનંદતા,
સુખશાતા વર્તે એજ મંગલમય શુભકામના....

: અનુમોદક :

માતુશ્રી વનિતાબાઈ વાલજી મોતા પરિવાર (સુથરી)
ધનરાજ વાલજી મોતા
દિપીકા શૈલેષ નાગડા (નલીયા)
કરાના ભાવેશ લલિત શાહ, ચિ. રિતેશ લલિત શાહ અને આર્ય ભાવેશ શાહ
માતુશ્રી દમયંતીબાઈ રતનશી લોડાયા પરિવાર (સાંયરા)

સૌજન્ય : શ્રીમતી કલ્પના બકીમચંદ લાલકા (લાલા)

SAIKALP CONSULTANCY PVT. LTD. - MULUND

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
**અન્વેષક**
CA મણિકાંત વસનજી નાગડા



**પાક્ષિક અંક નં. ૫**
**Date : 05-10-2018**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001
E-mail : kdoprakash@gmail.com

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**
**Mob.: 98211 54326**



પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com


**તંત્રી સમીપે**

# ''અનંતસિધ્ધિ''નો પુનર્વિકાસ અધિકૃત હોવો જોઈએ

છેલ્લા એકાદ મહીનાથી, અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ, તેમણે ભાંડુપની ''અનંતસિધ્ધિ' મિલકતના પુનર્વિકાસ કે આંશિક પુનર્વિકાસનું કાર્ય પ્રારંભવાનો નિર્ણય લઈ લીધો હોય તે દર્શાવવા, તે મિલકતને રસ્તા તરફની બાજુએ સુરક્ષાની મોટી આડ આપી છે, 'વિદ્યાર્થી સંઘ'ને કાર્યાલય માટે આપેલ નાનો ફ્લેટ ખાલી કરવા સૂચના આપી છે અને અરિહંત બેંકના મુખ્ય અધિકારીઓ સાથે બેંકની માલિકીની ઓફિસનો કબજો, યોગ્ય કરાર અન્વયે સોંપવા બાબતે સંયુક્ત બેઠક પણ કરી છે.

એ સૂચક છે કે થોડાક મહીનાઓ પહેલાં ટ્રસ્ટીઓએ પોતે ''અનંતસિધ્ધિનો પુનર્વિકાસ સર્વ સમંતિથી અને પારદર્શક રીતે કરવા પ્રતિબધ્ધ છે અને તે માટે તેમના સર્વ પ્રયાસો ચાલુ છે'' તે પ્રકારની તેમણે આપેલ આશ્વાસનનો ગંભીરતા તેઓ નજર અંદાજ કરી રહ્યા છે.

ગત મે મહીનામાં, મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિની એક સભાની કાર્યસૂચિ તરિકે, 'અનંતછાયા'ની વેચાણ દ્વારા મળેલ ૪૦-૪૫ કરોડમાંથી ''અનંતસિધ્ધિ''ના પુનર્વિકાસ માટે ૧૫ કરોડનો ઉપયોગ કરવા મહાજનશ્રીની મંજુરી મેળવવા બાબતની ચર્ચા વખતે, ઉપસ્થિત સભ્યોએ કરેલ આગ્રહપૂર્વકની માગણીને અનુલક્ષીને ટ્રસ્ટીઓએ આ અંગેની યોજનાની સવિસ્તર માહિતી તે પછીની સભામાં તેઓ આપશે અને તે પછી મંજુરી મેળવવા કાર્યવાહી કરશે તેવી ખાતરી પણ તેમણે એક રીતે મુંબઈ મહાજનને આવી હતી પરંતુ આવી કોઈ યોજનાની પણ હજી સુધી તેમણે કોઈ જાહેરાત કરી નથી કે તેની માહિતી આપી નથી, તેની ગંભીરતા પણ તેમણે ઓછી આંકી હોય તેવું હવે પ્રતીત થાય છે.

બીજી બાજુ ટ્રસ્ટીઓ તરફથી આ બાબતે કોઈ જાહેરાત કે માહિતી જ્ઞાતિને અપાઈ ન હોવાથી સ્વાભાવિકપણે જ્ઞાતિજનોમાં વિવિધ અટકળો થઈ રહી છે.

કેટલાક અહેવાલો અનુસાર, ટ્રસ્ટીઓએ એકાદ વર્ષ પહેલાં જાહેર કરેલ વિશાળ કદના પુનર્વિકાસની યોજના, જેમાં ભાંડુપ દેરાસરજીનું સ્થળાંતર કરવાનો સમાવેશ થતો હતો તેને બદલે દેરાસરજીને યથાવત રાખીને મુખ્યતઃ 'અનંતસિધ્ધિ'ના ફ્લેટ ધારકોને નવા ફ્લેટોમાં પુનર્વસન કરવાના હેતુસર જેટલું બાંધકામ અને કદાચિત એકાદ સભાગૃહને આવરી લેવાય તેટલો આંશિક પુનર્વિકાસ કરવાની યોજના માટે ટ્રસ્ટીઓએ ફેરવિચાર કર્યો હોય તેમ જણાય છે.

એ જે હોય તે, ટ્રસ્ટીઓએ આ પહેલાં આ પુનર્વિકાસ કાર્ય ડેવલપર દ્વારા કે અન્ય રીતમાં કરવા પહેલાં અત્રે જે મૂળભૂત મુદ્દાઓની પૂર્તિ કરવા પરત્વે ધ્યાન દોરવામાં આવ્યું હતું  તેને ટ્રસ્ટીઓ હજી પણ અવગણી રહ્યા હોય તેમ જણાય છે તેથી તેનો ફરીથી ઉલ્લેખ કરવો જરૂરી છે.

મુંબઈ હાઈકોર્ટે વર્ષ ૧૯૭૨માં, ભાંડુપની આ મિલકત, જે ચેરીટી કમીશનરના રજીસ્ટરમાં હજી પણ, સેનેટેરીયમ તરિકે નોંધાયેલ છે અને જેના લાભાર્થી ફક્ત જૈનો માટે ઉપયોગ કરાશે તેવા સ્પષ્ટ ઉદ્દેશ્યો તરિકે દર્શાવાયેલ છે, તેને હાઈકોર્ટે વર્ષ

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229



**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

૧૯૪૫માં મંજુર કરેલ અનંતનાથજી ટ્રસ્ટની સ્કીમમાં આમેજ કરીને, નવી સ્કીમ ચેરીટી કમીશનર પાસે મંજુર કરાવવાના સ્પષ્ટ આદેશો આપેલ છે તેના અનુરૂપમાં જ્યાં સુધી ભાંડુપની આ મિલકતનો, અનંતનાથજી ટ્રસ્ટની સ્કીમમાં જેવી રીતે અનંત નિવાસ, અનંત ભૂવન જેવી અન્ય મિલકતોનો હાઈકોર્ટ દ્વારા સમાવેશ કરાયો છે તેવી રીતે સમાવેશ ન કરાય ત્યાં સુધી, ખાસ કરીને, અત્યારની 'અનંતસિધ્ધિ' તરિકે ઓળખાતી મિલકતનો પુનર્વિકાસ કરવા જેવી મોટા ખર્ચ કે રોકાણને સ્પર્શતી યોજના, જે રોજબરોજના કે રાબેતાના વહીવટના કાર્ય કરતાં એક મોટા પ્રકલ્પના નિર્માણ સ્વરૂપની છે, તે મિલકતને સંલગ્ન ચોક્કસ મૂળભૂત ઉદ્દેશ્યોમાં ધરમૂળથી રૂપાંતર કરવાના આયોજન માટે ચેરીટી કમીશનર પાસેથી પબ્લીક ટ્રસ્ટના કાયદા અન્વયે, વિવિધ કાર્યવાહી પૂર્ણ ન કરાય ત્યાં સુધી, ટ્રસ્ટીઓ આ પુનર્વિકાસ કરવાનો અધિકાર કે હક ધરાવતા નથી તેવી કાનૂની મર્યાદાનું તેઓ ચોક્કસપણે ઉલ્લંઘન કરી રહ્યા છે.

આ ઉપરાંત પણ, અનંતસિધ્ધિમાં અત્યારના રહેણાકના ફ્લેટ ધારકો જેઓ વર્ષો સુધી તેમના ફ્લેટના લાયસન્સી તરિકે ટ્રસ્ટને કોમ્પનશેસન આપતા રહ્યા છે અને કદાચ હવે ટ્રસ્ટીઓએ તેમનો ભાડુત તરિકે સમકક્ષ દરજ્જો સ્વીકાર્યો છે તેમને નવા બંધાનાર બીલ્ડીંગમાં ટ્રસ્ટીઓએ માલિકી ધારણે ફ્લેટો આપવાની યોજના કરી છે તો નવા રેરાના સખત કાયદા અનુસાર આ સ્કીમ રજીસ્ટર કરવાની આવશ્યકતા છે કે કેમ તે બાબતે પણ ટ્રસ્ટીઓએ હાઈકોર્ટના ઓછામાં ઓછા બે સીનીયર કાઉન્સલના લેખિત અભિપ્રાય મેળવવા અતિ આવશ્યક છે, જેમ આ અગાઉ અત્રે નોંધ્યું છે તેમ, આ જમીનનો મૂળ સ્કીમ ફંડ ટ્રસ્ટમાં ફક્ત જૈનોના લાભાર્થે સેનેટરીયમ તરિકે ઉપયોગ કરી શકાય તેવા ટ્રસ્ટ તરિકે ચેરીટી કમીશનરમાં નોંધણી અને તેને આનુષંગિક પ્રશ્નોને અનુલક્ષીને જમીનના ટાઈટલ્સ બાબતે પણ કાઉન્સલોના લેખિત અભિપ્રાય લેવાવા જોઈએ.

આ ઉપરાંત પણ, 'અનંતછાયા'ની જમીનના વેચાણને લીધે, ત્યાંના ભાડુતોને નવા ફ્લેટો માલિકી

ધોરણે મળ્યા તેમ તેની સહકારી સોસાયટી તે જમીનની માલિક બનશે. આને કારણે તે જમીન પર જ્ઞાતિનું દેરાસરજી હોવા છતાં, તે જ્ઞાતિથી અલિપ્ત થવાની ભવિષ્યમાં પૂરેપૂરી સંભાવના છે. તેનું કારણ ત્યાંના ફ્લેટો ધારકો જ્ઞાતિ સિવાયની કોઈ પણ વ્યક્તિને ફ્લેટ વેચી શકશે, તેથી તે સોસાયટીમાં સમયાંતરે આપણા જ્ઞાતિ કુટુંબો ઘણી માત્રામાં ઘટી જશે તે સંભાવના છે, તે છે. આ રીતે 'અનંતસિધ્ધિ'ના ફ્લેટ ધારકોને પણ આ પુનર્વિકાસ યોજનામાં સંપૂર્ણ માલિકી હક અપાશે તેને લીધે ભવિષ્યમાં, ઈતર જ્ઞાતિના બહુજન ફ્લેટ ધારકોની સહકારી સોસાયટીની સમીપમાં આપણું 'ભાંડુપ દેરાસરજી' પણ જ્ઞાતિથી ક્રમશઃ અલિપ્ત થઈ જવાની પૂરેપૂરી સંભાવના છે. તે દૃષ્ટિએ પણ, ટ્રસ્ટીઓએ અનંતસિધ્ધિના અત્યારના ફ્લેટ ધારકોને વિશ્વાસમાં લઈને, તેમને અન્ય રીતે માલિકી હક જેવા અન્ય અધિકારો જેમ કે કાયમી ધોરણે હસ્તાંતરિત થઈ શકે તેવા ભાડુઆત હકો જે અન્વયે તેઓ મર્યાદિત રીતે એટલે કે ટ્રસ્ટની પૂર્વ પરવાનગી મેળવ્યા પછી જ પોતાના ફ્લેટ અન્ય જ્ઞાતિજનોને જ વેચી શકે તે પ્રકારની યોજના ઘડવી જોઈએ.

જ્ઞાતિની મિલકતોમાં જ્ઞાતિજનોને જગ્યા આપવાની બાબતના સંદર્ભે આ પ્રકારનો મત આખી જ્ઞાતિમાં લગભગ દરેકે દરેક વિચારશીલ જ્ઞાતિજનો ધરાવે છે તે તો સર્વવિદિત છે.

જ્ઞાતિની કોઈ પણ મિલકતમાં કામચલાઉ ધોરણે કે કોઈ સીધી યા આડકતરી સહાય-રાહત રૂપે મેળવેલ જગ્યાના લાભાર્થી જ્ઞાતિજનોએ જ્ઞાતિ પ્રત્યે ઋણ સ્વીકારની ભાવના ન કેવળ ધરાવવી જોઈએ પરંતુ તેનો સમુચિત પડઘો-પ્રતીતિ પણ આપવા જોઈએ. સમગ્ર જ્ઞાતિજનોનો આ મત 'અનંતછાયા'ના વર્તમાન ફ્લેટ ધારકોને માટે પણ એટલો જ પ્રસ્તુત છે. આમ આ સર્વ ફ્લેટ ધારકો જ્ઞાતિના વિશાળ હિતમાં સ્વૈચ્છિક રીતે પ્રતિસાદ આપે તેવી જ્ઞાતિ અપેક્ષા રાખે છે તે ભૂલાવું ન જોઈએ.

'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસની યોજનામાં આવો જ અન્ય મુદ્દો ભાંડુપ દેરાસરજીની જમીન સંદર્ભે છે. ૧૧૬ વર્ષ પહેલાં આ જમીન જ્ઞાતિને સોંપાયેલી તેના દસ્તાવેજના અનુરૂપમાં મહાજનશ્રીની પૂર્વપરવાનગી લઈને જ ટ્રસ્ટીઓ આ જમીનનો ઉપયોગ આ પુનર્વિકાસની યોજનામાં કરી શકે છે તેને પણ દુર્લક્ષ ન કરી શકાય.

અલબત્ત, ટ્રસ્ટીઓ તેઓને થોડા સમય પહેલાં, મુંબઈ મ્યુનીસીપલ કોર્પોરેશન દ્વારા નોટિસ અપાયેલ તેના અનુસંધાનમાં આ પુનર્વિકાસનું કાર્ય કરી રહ્યા છે તેવું કારણ દર્શાવી રહ્યા છે. પરંતુ આ પ્રકારની નોટીસોમાં મકાન કે મકાનોની કથિત જર્જરિત હાલત હોવાથી તેને તોડી પાડવાની અને તેમાં રહેતા ફ્લેટ ધારકોને તેમના ફ્લેટો ખાલી કરવાની સૂચના અપાતી હોય છે. ખાસ કરીને મુંબઈમાં આવી મકાન ખાલી કરવાની અને તેને તોડી પાડવાની નોટીસો કઈ રીતે જારી કરાય છે તેની સર્વ પ્રચલિત યુક્તિ-પ્રયુક્તિઓને અહીં બાજુએ મૂકીએ તો પણ, ટ્રસ્ટીઓએ જે મુદ્દે કાનૂની પૂર્તિ કરવાની હોય તેને તો તેઓ અવગણી શકે જ નહીં. તે માટે જેટલો સમય લાગે તેટલા સમય સુધી પ્રતીક્ષા કર્યા વિના ટ્રસ્ટીઓ પાસે અન્ય વિકલ્પ જ નથી.

આમ અનેક મૂળભૂત કાનૂની પૂર્તિઓ પૂર્ણ કર્યા વિના અને સંબંધિત પૂર્વ મંજુરીઓ મેળવ્યા વિના, જો ટ્રસ્ટીઓ આ પુનર્વિકાસ કે આંશિક પુનર્વિકાસને કાર્યાન્વિત કરવાની ઉતાવળ કરશે તો તેઓ તેમનું હિત તો જોખમમાં મૂકશે જ, પણ સાથે સાથે તેમણે જ્ઞાતિની એક મોટી કુસેવા કરી લેખાશે.

– રા.


**જાહેરાતો-સમાચારો મોકલવા માટે સંપર્ક**

મુકેશ લોડાયા – 022-2508 4463 / 64 / 65
મોબાઈલ 98211 54326 (સવારે ૧૧ થી સાંજે ૭)
સહતંત્રી ઉદયન લોડાયા – 98210 04296 / 87796 47886 / 022-2264 2495 (સાંજે ૫ થી ૭)



લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, ભાંડુપ**




# શ્રી કચ્છી દશા ઓશવાલ ભાંડુપ નગરે દાદાશ્રી આદિનાથ દાદા જે દરબાર ?

**શ્રી ગુરૂગુણ–ગુણોદય–કલા–કવિ–વીર–મહોદય સૂરીશ્વરે ભ્યો નમઃ નમઃ**




## કચ્છીમેં જાહેર પ્રવચન વશ્વાસે વાંણ હલેંતા !!!

**નિંયાપો ડીઓંતા... અસાંજા ભાવર નેં ભેણું... અચીજા ભલા !**
**હિ પ્રવચન ખાસ સોણેલા. હેન અવસર કે ચુકજા ન ભલા**
**ધલ્લજી આરસીમેં જડીને રખે જેડો હી પરસંગ નેં પ્રવચન...**

કચ્છ અભડાસે જે નરીયા ગામ જિતે આય ચંધર પ્રભુ જો ધામ. ને વાસ (૪૦૦) ચારસો વરે પેલા ભનેલી હી સચી ઘટના... ગુરૂએં જે **પૂજ્ય સુશીલગુણાશ્રીજી મ.સા.** જે મોંએ સોણેલા મેલ્યો હેકડો જીંધગી જો લાવો આય. અંઇ ખાસ અચીજા અને આંજે ધોસ્તારેકે, આડોશી પાડોશી કે પણ કોઠે અચીજા ભલા ! **શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈ અને શ્રી ભાંડુપ સંઘ** ''કચ્છીમેં વશ્વાસે વાંણ હલેંતા'' હી વારતા સોંણેલા સકળ સંઘ કે આમંત્રણ ડિયેતા... રખે ચુકજા ન, હી તક, ખોલ્યા અંઇ પાંજા લક,

**હેડો અવસર ફરી ન અચીંધો મડે પધારીજા ભલા !**

પ્યોર પાંજી માતૃભાષા કચ્છી ત કેરક જ વખાણમેં સોંણેલા મલે, રવિવાર જી આય રજા, હી વખાણ સુણધા ત અચીંધી બોરી મજા, **ભાંડુપ** અંગણે ચાતુરમાસ અરથે બિરાજમાન અચલગચ્છાધિપતિશ્રીજીજા આજ્ઞાવર્તિની તપસ્વીરત્ના **પ.પૂ. અરૂણોદયશ્રીજી મ.સા.**જા શિષ્યા શાંતમૂર્તિ **પ.પૂ. સદ્ગુણાશ્રીજી મ.સા., પૂ. તારકગુણશ્રીજી મ.સા., પૂ. જિણંદગુણાશ્રીજી મ.સા., પૂ. હેમગુણાશ્રીજી મ.સા., પૂ. કુશલગુણાશ્રીજી મ.સા.** આદિઠાણા-પ શ્રી કચ્છી દશા ઓસવાલ શ્રી સંઘ જે અંગણે અચીંધા ત શ્રી કચ્છી દશા ઓસવાલ સમસ્ત જ્ઞાતિજનોને અને ભાંડૂપ વાસીએંકે હિ પ્રવચન સોણેંલા શ્રી સંઘ આગોતરો નિંયાપો ડે તો...

**આસો વદ ૫, તા. ૨૮–૧૦–૨૦૧૮ જો આય આઇતવાર**

**અચીંજા મલે ''વશ્વાસે વાંણ હલેંતા !!!'' વખાણ સોણેંલા**



**સઘરે અચીજા. સવાર જો ૮.૦૦ શિરાંણી**
**પ્રવચન પોય ૧૨/૦૦ વગેં,**
**માની જો લાભ ડીજા ભલા.**



# ઓસવાલોની ઉત્પતિ - ૨

**રમેશ મુલજી લોડાયા**, ભરૂડિયા-મુલુંડ, **મો. 9820336767**

(આ પહેલાં, જ્ઞાતિની વિવિધ અટક-નુખની ઉત્પતિ અંગે ખૂબ જ જહેમત અને ચીવટથી ઊડાણપૂર્વક સંશોધન કરીને તે વિષે રમેશભાઇ દ્વારા એક સમૃધ્ધ લેખશ્રેણી 'પ્રકાશ-સમીક્ષા'માં પ્રગટ થઇ ગઇ છે. હવે તેઓ આપણી જ્ઞાતિની પરાપૂર્વ સમયની ઓશવાલ તરિકેની મૂળ ઓળખ કે જાતિના ઉદ્‌ભવ સંદર્ભે જે અનેકવિધ તર્ક-અનુમાન પ્રસારિત કે પ્રચલિત થયા છે તેને પણ પોતાની આગવી સંશોધાત્મક દૃષ્ટિથી અવલોકીને એક વિશેષ શ્રેણી આપી રહ્યા છે.)

આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનના શાસનથી ૯મા તીર્થંકર શ્રી સુવિધિનાથ પ્રભુના શાસન સુધી તો વિશ્વધર્મ જૈન જ હતો. ૧૦મા તીર્થંકર શ્રી શીતલનાથના સમયમાં જૈન ધર્મ પાળતા એવા બ્રાહ્મણોએ પોતાની આજિવિકા આદિ અનેક હેતુથી વેદોના સુત્રોમાં ફેરફાર કરવાનું શરૂ કર્યું. પોતાના મતની પુષ્ટીમાં ઘણાં નવા વિચારો-કર્મકાંડો ઉમેર્યા, સ્વાર્થમય સુત્રો ઉમેર્યા. શીતલનાથ ભગવાને અંધશ્રધ્ધાને દૂર કરવા ખૂબ જ પ્રયત્નો કર્યા અને તેમાં સફળ પણ થયા અને ફરી જૈન ધર્મનું મહત્ત્વ વધ્યું. પરંતુ આ શાંતિ લાંબા સમયની ન હતી. ફરી બ્રાહ્મણોનું આધિપત્ય વધ્યું. શ્રેયાંશનાથ, વાસુપુજ્ય સ્વામી, મલ્લીનાથ અને અનંતનાથ ભગવાનના શાસનમાં બ્રાહ્મણોનું જોર વધતું ચાલ્યું. ધર્મનાથ ભગવાનના સમયમાં ફરી લોકાએ સુમાર્ગનું અનુકરણ કર્યું હતા. મિથ્યાત્વીઓનું જોર હતું. અંતે મિથ્યાત્વીઓની પૂર્ણ હાર થતા ફરી શાંતિ સ્થાપાઇ. શાંતિનાથ ભગવાનનો સમયમાં પૂર્ણ શાંતિ અને ત્યારબાદ ઉત્તરોત્તર જૈન ધર્મનો ઉગમ કાળ આવ્યો અને ૨૦માં તીર્થંકર મુનિસુવ્રત સ્વામીના શાસનમાં અંહિસા ધર્મની પતાકા સારા વિશ્વમાં લહેરાવા લાગી.

એકવીસમાં તીર્થંકર નેમિનાથના શાસનમાં અંત કાળમાં ફરી બ્રાહ્મણોનું જોર વધ્યું. યજ્ઞો, માંસ મદિરા ભક્ષણ, પશુવધો વધ્યા. નેમીનાથ-પાર્શ્વનાથ પ્રભુના સમયમાં જૈન ધર્મનું મહત્વ જળવાઇ રહ્યું. ત્યારબાદના સમયમાં બ્રાહ્મણો દ્વારા પશુયજ્ઞો વધ્યા. બીજી તરફ બૌધ્ધ ધર્મે અહિંસાનો ઉપદેશ આપ્યો પણ માંસ મદિરાથી પ્રજાને બચાવી ન શક્યા તો ત્રીજી તરફ જૈન શ્રમણો અંહિસાના ઉપદેશક હતા. પરંતુ ગૃહક્લેશ અને શિથિલાચારથી અસરકારક ન રહ્યા. આવા સમયમાં પ્રભુ મહાવીરનું અવતરણ થયું અને પૂર્વ ભારતમાં અંહિસા પરમો ધર્મનો ફેલાવો થયો. એ કાળે ચારેય વર્ણો જૈન ધર્મ પાળતા. જૈન ધર્મ કોઇ વર્ણવાદમાં માનતો નહિ. એ વખતે વર્ણપ્રથા જન્મના જોરે નહિ પરંતુ વ્યક્તિનાં કર્મ/ગુણ આધારિત હતી.

ભગવાન મહાવીરના સમયમાં જૈન ધર્મનો પ્રચાર પૂર્વ ભારત તરફ જ રહ્યો. પ્રભુના નિર્વાણ બાદ તેમના અનુયાયીઓ પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં ફેલાયા. રાજસ્થાનમાં જૈનાચાર્યોના આગમને ત્યાંની રાજપૂત (ક્ષત્રિય) કોમ જૈન ધર્મથી પ્રભાવિત થઇ જૈન ધર્મ અંગીકાર કર્યો. એ કાળે (વિરાત્ ૪૫ વરસે) ભગવાન મહાવીરનાં નિર્વાણથી ૪૫ ભિન્નમાલ (બીજું નામ શ્રીમાલ) મારવાડનું ખૂબ જ સમૃધ્ધ નગર હતું. ભગવાન પાર્શ્વનાથ પરંપરાના પાંચમા અને છઠ્ઠા પટ્ટધર આ વિસ્તારમાં વિચર્યા અને શ્રીમાલ, ચંદ્રાવતી અને ઉપકેશપુર (ઓસીયા) નગરીના રાજવી અને અનેક ક્ષત્રિયો (રાજપુતો)ને પ્રતિબોધી જૈન બનાવ્યા તથા આ જથ્થાને મહાજન સંઘ (મહાજન વંશ) નામ આપ્યું હજુ લોકોની ઓળખ વર્ણ પરથી હતી. જ્ઞાતિપ્રથાનું અસ્તિત્વન હતું. વ્યવસાયે સમાજનાં વિભાજનો ગુણ/કર્મ આધારિત હતા. આ ચારેય વર્ણમાં ક્ષત્રિયોમાં માંસાહારી લોકો હતા. તેનાથી જૈન થયેલા શાકાહારી ક્ષત્રિયોને અલગ ઓળખ તરીકે મહાજન સંઘ નામ આપ્યું. એ સમયે ચારેય વર્ણો બહારના કેટલાક વ્યવસાયિક જુથ્થો અસલમાં કારીગરોના મહાજન તરીકે ઓખળાતા દા.ત. સુથાર, લુહાર, વણકર, પીંજારા વિગેરે. અને આ જ કારણસર ક્ષત્રિયોમાંથી જૈન બનેલાઓના જુથ્થને પણ મહાજન સંઘ નામ અપાયું હશે. ઉપકેશપુર

### સમાચાર-જાહેરાતની મેટરો અગાઉથી મોકલવી

પ્રકાશ-સમીક્ષા પાક્ષિક દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થતું હોવાથી અમને અનુક્રમે ૩ અને ૧૮ તારીખ પછી મળેલ મેટરો કે સમાચારોનો અંકમાં સમાવેશ કરવાનું મુશ્કેલ બને છે. આમ છતાં, મોડેથી આવેલ મેટરો-જાહેરાતો લેવા શક્યતઃ પ્રયત્નો કરીએ છીએ પરંતુ પ્રિન્ટીંગ પ્રેસ, બાઇડીંગ ખાતું, પોસ્ટલ વિભાગની ચોક્કસ તારીખો અને જાહેર રજાઓ જેવા પરિબળોને કારણે તેવી મોડેથી મળેલ મેટરો લઇ શકાતી નથી.

(ઓસીયા)માં જૈન થનારા સમૂહને પાછળથી જ્ઞાતિઓ બંધાઇ ત્યારે ઉપકેશીય (ઓસવાલ) ઓળખ અપાઇ. ઓસવાલમાં સમયાંતરે વિક્રમની ૧૬મી સદી સુધી જૈનાચાર્યો દ્વારા ક્ષત્રિયોને પ્રતીબોધી જૈન બનાવવાનો સીલસીલો ચાલુ રહ્યો. ઓસવાલો આજે ભલે વૈશ્ય તરીકે ઓળખાય છે પરંતુ મુલતઃ ક્ષત્રિયો (રાજપૂત) છે તેથી રાજપૂતોનાં ઇતિહાસ પર થોડો દષ્ટિપાત કરીએ.

રાજપૂતનો અર્થ રાજપૂત કે રજપૂત એ સંસ્કૃત શબ્દ રાજપુત્રનું અપભ્રંસ છે. ચાણક્યના અર્થશાસ્ત્ર, બાણભટ્ટના 'હર્ષ ચરિત્ર' તથા કાદમ્બરીમાં રાજપૂતનો ઉલ્લેખ છે. ચીની યાત્રી હ્યુનસંગે રાજવીઓને ક્યાંક ક્ષત્રિય તો ક્યાંક રાજપૂત તરીકે ઉલેખ્યા છે. મુસ્લીમોના આક્રમણ સુધી રાજાઓ ક્ષત્રિય તરીકે ઓળખાતા પરંતુ પાછળથી તેમનું બળ તુટ્યું અને સ્વતંત્ર રાજા મટી સાંમત થઇ ગયા અને મુસ્લીમ સમયમાં ધીમે ધીમે આવા શાસકોની જાતિ માટે રાજપુત્ર યા રાજપૂત શબ્દ વપરાવા લાગ્યો જે રાજવંશી હોવાના અર્થમાં રહી ગયો. ઘણા જૈન-બૌધ્ધ ગ્રંથો પણ ૭મી સદી સુધી રાજપૂત શબ્દ વાપરતા. રાજપૂતો ભારતનાં પ્રાચીન વર્ણમાનું એક વર્ણ છે. મુસ્લીમો બહાદુર માટે આ શબ્દથી સંબોધન કરવા લાગ્યા અને ૧૪મી સદીથી તેનો પ્રયોગ રાજપૂત જ્ઞાતિ માટે થવા લાગ્યો. આમ રાજપૂતો ક્ષત્રિય હતા પરંતુ રાજ્ય જતાં રાજપુત્ર અને રાજપૂત તરીકે રહી ગયા.

એક મત એવો છે કે જે રાજપુતોને વિદેશી માને છે. આર્યોથી લઇ અંગ્રેજો સુધી ભારત પર અનેક આક્રમણો થયા. મધ્ય ભારતમાંથી આર્ય, યુનાની, શકો (શિથિયન), હૂણો, કુશાન જેવી અનેક વિદેશી જ્ઞાતિઓ ભારતમાં આવી અને પછીથી અંહીની સંસ્કૃતિ, ધર્મ, રીત ભાત અપનાવી લીધી. કર્નલ ટોડ રાજપુતોને શક અથવા શિથિયન જાતિના વંશધર ગણાવે છે. રાજપૂતોના રીતરિવાજ, સૂર્યપૂજા, સતી પ્રથા, અશ્વમેધ યજ્ઞ, ઘોડાની પૂજા વિગેરે કરે છે તે શક લોકો પણ કરે છે અને તેથી રાજપૂતોને શકોના વંશજ ધારે છે. અન્ય અંગ્રેજ વિદ્વાન રાજપૂતો ૮મી ૯મી સદીમાં થયા તેમ માને છે. પરંતુ શક, હૂણોના આગમન વિક્રમની બીજી સદી બાદ થયા છે પરંતુ તે પહેલા રામ, યુધિષ્ઠરે યજ્ઞ કરેલ, પાંડુની બીજી પત્ની માદ્રી સતિ થઇ હતી. મહાભારત, રામાયણ કાળ શકોના આગમનથી ઘણો પહેલાનો છે. રામ, પાંડવો, કૃષ્ણ વિગેરે ક્ષત્રિયો હતા અને તેથી રાજપૂતો ક્ષત્રિયનું બીજુ નામ છે તે વધારે યથાર્થ છે. આવા ઉચ્ચ વર્ણમાંથી ઓસવાલો ઉતરી આવ્યા છે તે ગૌરવની વાત છે. આજે પણ ઓસવાલોમાં રાજપૂતના અને ગુણો જોવા મળે છે

રાજપૂતના બે મુખ્ય વંશો ચાલ્યા. સૂર્યવંશ અને ચંદ્રવંશ. ત્યારબાદ અગ્નિમાંથી ચાર શાખાઓ નીકળી. પરમાર-સોલંકી-પ્રતિહાર (પઢીયાર) અને ચૌહાણ. આગળ જતાં તેમની ૩૬ શાખાઓ થઇ તેમાંથી મોટા ભાગના ઓસવાલોની શાખા નીકળી છે. જૈનોની મુખ્ય ત્રણ જાતિ શ્રીમાલી, પોરવાલ અને ઓસવાલની ઉત્પત્તિ કથા જોઇશું આવતા અંકે.

– ક્રમશઃ

## અંકો મોડા કે ન મળતા હોય તો

'પ્રકાશ-સમીક્ષા' હવે પાક્ષિક સ્વરૂપે પ્રકાશિત થાય છે. ટપાલ ખાતાએ ફાળવેલ ચોક્કસ તારીખો, અમને બંધનકર્તા હોવાથી તેના અનુરૂપમાં અમે મુંબઇ જી.પી.ઓ. પત્રિકા વિભાગમાં લગભગ અંકોની ૭૦૦૦ નકલો રાજ્ય, શહેર, વિસ્તારના જુદા જુદા ૧૦૦થી બંડલોમાં બાંધીને તે ઉપર પણ લેબલ લગાડીને દર પખવાડીએ પોસ્ટ કરીએ છીએ અને ત્યાંથી મોડામાં મોડા બીજે દિવસ દેશભરમાં સંબંધિત મુખ્ય કેન્દ્રોમાં અને તે પછી આપની સ્થાનિક પોસ્ટ ઓફિસમાં ચારેક દિવસ સુધીમાં અંકો પહોંચી જાય છે. જ્યાં ટપાલની છાટણી કરતા કર્મચારીઓ અને ટપાલીઓની ઓછી સંખ્યા હોવાને કારણે તેમજ ત્યાં પ્રવર્તીત અન્ય મર્યાદાઓને લીધે અંકો મોડા અથવા ન મળવાની પરિસ્થિતિ સર્જાય છે.

ઘણા વાચકોને પોતાની સ્થાનિક પોસ્ટ ઓફિસમાં રૂબરૂ તપાસ કરતાં ત્યાં સઘળી ટપાલો અવ્યવસ્થિત – વેરવિખેર હાલતમાં અને તેમના ત્રણ ચાર અંકો એક સાથે પડેલા મળ્યા હતા.

દેશભરમાં પ્રતિષ્ઠિત મેગેઝીનો સહિત સર્વ પ્રકાશનોના ગ્રાહકો આ સમસ્યા અનુભવી રહ્યા છે.

આ માટે, આપને અગાઉ મળેલા કોઇ અંક પરની સરનામાના સ્ટીકરને જોડીને સ્થાનિક પોસ્ટ ઓફિસમાં, અંકો ન મળતા અથવા મોડા મળતા હોવાની લેખિત ફરિયાદ કરી તે પત્રના પહોંચની એક નકલ અમને મોકલશો અથવા મુંબઇ જી.પી.ઓ. ૪૦૦ ૦૦૧ને મોકલશો તો આપની ફરિયાદ અંગે યોગ્ય પગલાં લેવાની શક્યતા છે.

# શું કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિ લુપ્ત થઈ રહી છે ?...

શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા (ચેન્નાઈ)



**શું ક.દ.ઓ. જ્ઞાતિ પારસીઓની જેમ ઘટી રહી છે ? આપણા ઘણાજ સામાજિક કાર્યકર્તાઓને ઘણી વખત પ્રશ્ન ઉભો થાય છે કે જ્ઞાતિ માટે આપણે તન-મન-ધનથી સેવા આપીએ છીએ તે જ્ઞાતિ કેટલા દાયકાઓ સુધી ટકશે ? કોણ આપણી સંસ્થાઓ અને માલ મિલ્કતોને સંભાળશે ? એક અનિશ્ચિત ભવિષ્ય તરફ આપણી જ્ઞાતિ ધકેલાઈ રહી છે ?**

૧. નીચેની બાબતો ઉપરના અનુમાનને ટેકો આપે છે.

અ. ઓછું સંખ્યાબળ

૧. તા. ૦૧-૦૧-૨૦૧૮ થી તા. ૨૩-૦૮-૨૦૧૮ આપણી જ્ઞાતિમાં ૧૭૨ મૃત્યુ થયા એની સામે ફક્ત ૬૭ બાળકોનો જન્મ થયો. કદઓનું સંખ્યાબળ ૧૦૫ સભ્યો જેટલું ઘટ્યું. ૧ જન્મ સામે ૨.૫૫ નો મૃત્યુ દર છે.

૨. વર્ષ ૨૦૧૭ના વર્ષમાં ૧૨૧ જન્મ સામે ૩૦૫ મૃત્યુ નોંધાયા. ક.દ.ઓ.નું સંખ્યાબળ ૧૮૪ સભ્યો જેટલું ઘટ્યું. દર ૧ જન્મ સામે ૨.૪૮ મૃત્યુ.

૩. વર્ષ ૨૦૧૬ના વર્ષમાં ૧૨૬ જન્મ સામે ૨૬૨ મૃત્યુ નોંધાયા. દર ૧ જન્મ સામે ૨ કરતા વધારે મૃત્યુ.

૪. આપણી વસ્તીમાં છેલ્લા બે વર્ષ અને આઠ મહિનામાં ૪૨૫ જ્ઞાતિજનો ઓછા થયા. આપણી વસ્તી લગભગ ૦.૫ ટકાના હિસાબે ઘટી. છેલ્લા ૫૦ વર્ષમાં આપણી જ્ઞાતિનો દર ૦.૫ ટકાથી વધ્યો હતો જે હવે ઘટી રહ્યો છે.

બ. ગુણવત્તામાં ઘટાડો :

ક.દ.ઓ. સંખ્યાની દૃષ્ટિએ કદાચ ઓછા ન થાય પણ તેમનું સામાજીક બંધારણ અને ગુણવત્તામાં ઘટાડો થવાની શક્યતા છે.

અ. તા. ૦૧-૦૧-૨૦૧૮ થી તા. ૨૩-૦૮-૨૦૧૮માં ૬૬ લગ્નોમાં ૩૩ ટકા આંતરજ્ઞાતિય લગ્નો હતા.

બ. વર્ષ ૨૦૧૭માં ૬૪માંથી ૨૪ આંતરજ્ઞાતિય લગ્નો હતા - ટકાવારી ૩૭.૫

ક. વર્ષ ૨૦૧૬માં ૯૧માંથી ૩૦ આંતરજ્ઞાતિય લગ્નો હતા - ટકાવારી ૩૨.૯૬

ડ. આંતરજ્ઞાતિય લગ્નોમાં ઘટાડો થવાની શક્યતાઓ નથી.

૨. આગેવાન જ્ઞાતિજનોને આ આંકડા આપવામાં આવ્યા હતા અને ૨૦ જ્ઞાતિજનો સહમત થયા. ફક્ત શ્રી કુમાર બ. દંડ, ભાંડુપ તરફથી આ બાબતમાં પ્રતિભાવ મળ્યો જેનો સંક્ષેપ નીચે પ્રમાણે છે :

જ્ઞાતિજનોની સંખ્યામાં ઘટાડો ન થાય તો પણ જ્ઞાતિજનોના તોર-તરીકાની ગુણવત્તામાં જરૂર ઘટાડો થશે કેમકે બહારની જ્ઞાતિમાંથી આવતી કન્યાઓ ક.દ.ઓ. જ્ઞાતિના તોર તરીકાથી વાકેફ નહી હોય. તેમના પોતાના મા બાપ તરફ વધારે લાગણી હશે અને પોતાના છોકરાઓનું તથા પતિનું વલણ તે તરફ ખેંચશે અને આને લીધે આ કન્યાઓ તેમના પતિ અને છોકરાઓ ક.દ.ઓ.માં કદાચ ન ભળી શકે.

૩. આપણી જ્ઞાતિની ગુણવત્તા ઓછી થવાના મુખ્ય કારણો નીચે મુજબ છે :

અ. મુખ્યત્વે હવે બધા એકજ બાળકના સિદ્ધાંતમાં માને છે. આ માટે છોકરા મોટા કરવાની જવાબદારી અને વધતી મોંઘવારી જવાબદાર છે.

બ. આજના સમયમાં મુખ્યત્વે આર્થિક સધ્ધરતા, વધારે ભણતર અને કેરીયર માટે ખૂબજ સમય આપવામાં આવે છે જેથી કુટુંબ વધારવાની વાત બહુજ ગૌણ બની જાય છે.

ક. આપણી જ્ઞાતિએ આ બાબત ખૂબજ ગંભીરતાથી લઈ અને ચર્ચાવિચારણા કરવી જોઈએ જેથી કરીને જ્ઞાતિ સંખ્યા અને ગુણવત્તા જરૂરથી જળવાઈ રહે.

ડ. આ ક.દ.ઓ. કન્યા જ્યારે બહારની જ્ઞાતિમાં પરણે છે ત્યારે તેમને તેમના પતિ અને છોકરાઓને ક.દ.ઓ. નથી ગણવામાં આવતા.

હ. જે જ્ઞાતિજન વિદેશ જાય છે તે તેના છોકરાઓ બીજી જ્ઞાતિમાં પરણે છે અને એમને અને એમના કુટુંબીજનોને જ્ઞાતિ પ્રત્યે ઝાઝો લગાવ નથી હોતો. તેઓ વિદેશમાં જ સ્થાયી થાય છે. તેમનો સમાવેશ જ્ઞાતિમાં ફક્ત આંકડાની દૃષ્ટિએ કરવામાં આવે છે.

ઉપાય :

શ્રી ઉમેશ શાહ ધરમશી એ સૂચન કર્યું છે કે દરેક દંપતિને બે કે ત્રણ બાળકોનો ઉછેર કરવા આપણે એમની સાર સંભાળ માટે મેડિકલ વિમો, જીવન વિમો આપી શકીએ તથા એક લાખ રૂપિયા જેવી રોકડ રકમની ભેટ આપી શકીએ છીએ.

જૈન સમાજ હવે લઘુમતિ કોમ ગણાય છે તેથી આપણે સરકારી યોજનાઓનો લાભ લઈ શકીએ છીએ. જિયો પારસી નામની ૨૦૧૩ની સરકારી યોજના હેઠળ પારસીઓને દવાદારૂની સુવિધા ખૂબજ સસ્તા દરે ઉપલબ્ધ કરી આપવામાં આવી છે જેના પરિણામે પારસીઓમાં નવજાત શિશુઓનું જન્મ પ્રમાણ વધ્યું છે અને જો બાળકના ઉછેર માટે આર્થિક મુશ્કેલીઓ હોય તો રૂપિયા પાંચ લાખ સુધીનો નિભાવ ખર્ચ આપવામાં આવે છે તથા જલ્દી લગ્ન કરવા માટે અને બીજા અને ત્રીજા બાળક માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

આપણી જ્ઞાતિના ડૉ. ગૌતમ લોડાયા અને ડૉ. શ્રીમતી સવિતા જેઓ હાવેરી કર્ણાટકમાં પ્રેક્ટીસ કરે છે તેમણે રૂા. ૩૫,૦૦૦/- માં IVF ની મેડીકલ ટ્રીટમેન્ટ આપવાની રજૂઆત કરી છે.

આપણી ક.દ.ઓ. કન્યા જે બીજી જ્ઞાતિમાં પરણી હોય તે ઈચ્છે તો એને, એના પતિને અને છોકરાઓને જો તેઓ કેટલીક શરતોનું પાલન કરે તો આપણી જ્ઞાતિમાં ભેળવી શકીએ છીએ.

આજ રીતે આપણે આપણી વિધવા બહેન અથવા કન્યા જેમણે બીજી જ્ઞાતિમાં લગ્ન કર્યા હોય તેમને પણ આપણી જ્ઞાતિમાં ફરીથી લઈ શકીએ છીએ.

૪. આપણા મહાજન, સામાજિક સંસ્થાઓ તથા યુવક મંડળો એ બીજી જ્ઞાતિની કન્યાઓ આપણી જ્ઞાતિમાં ભળી શકે તે માટે સાર્થક અને વ્યવસ્થિત પ્રયત્નો કરવા જોઈએ.

૧. લગ્નના થોડાજ વખતમાં આપણી સંસ્થાઓ દ્વારા આ કન્યાઓને આવકારવામાં આવે. તેમની ખૂબીઓ, ક્ષમતાને પિંછાણવામાં આવે અને એમને જ્ઞાતિના કાર્યક્રમોમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવા.

૨. વર્ષમાં એકાદ વર્ષ બીજી જ્ઞાતિથી આવેલી કન્યાઓનું એક સ્નેહ સંમેલન કરવામાં આવે, જેથી કરીને તેઓ એકબીજા સાથે વિચારોની આપ-લે કરી શકે અને કેવી રીતે આપણી જ્ઞાતિ સાથે કેવી ભળી શકે છે તેની ચર્ચા કરે.

૩. આપણી જ્ઞાતિમાં જ યુવક-યુવતીઓના લગ્ન એક-બીજા સાથે થાય એ માટે પ્રયાસોને સારી સફળતા મળી છે.

૫. દેશના સામાજિક / જાતિને લગતા કાયદાઓ ઝડપથી બદલાઈ રહ્યા છે. ક.દ.ઓ. નાતે વરસોથી હાલાર અને અબડાસામાં એક જ ગોત્ર/અટકના લગ્નો સ્વીકાર્યા છે. કેટલાક વર્ષ પહેલા ૧૦૦ વર્ષથી અસ્તિત્વમાં આવેલી નાની નાતનું ક.દ.ઓ. જ્ઞાતિમાં વિધિસર ઠરાવ પાર કરીને વિલીનીકરણ થયું. આ બાબત આગળ વધારી જરૂરી દસ્તાવેજો બનાવવા જે આગળ જતાં સામાન્ય પગલાંઓ થઈ જશે.

૬. આંતરજ્ઞાતિય લગ્નો આપણને ગમે કે ન ગમે પણ થતાં રહેવાના જ અને વધવાના જ છે. તેથી એ સ્વીકારવામાં જ ડહાપણ છે.

દરેક મહાજન અને મંડળોએ તથા તેના પતિ અને તેના કુટુંબે જાગૃત થઈને યોજનાબદ્ધ રીતે પરજ્ઞાતિમાંથી આવેલ કન્યાઓને ક.દ.ઓ. જ્ઞાતિમાં ભેળાવવાના પ્રયત્નો કરવા જોઈએ. આ કન્યાઓ પોતાનું મન આપણી જ્ઞાતિમાં ભળવાનો બનાવી ચુકી હોય છે. એથી આપણા પ્રયત્નોથી પરજ્ઞાતિની કન્યાઓને

આપણા ધાર્મિક અને સામાજીક રીત રીવાજો સમજવામાં અને અપનાવવામાં મદદ થાય છે. આ પ્રયત્નોથી આપણી જ્ઞાતિમાં વધારે સંખ્યામાં શ્રીમતી રાજુલ પટેલ જેવા સન્નારીઓ મળી શકે છે.

આ માટે આપણા મહિલા મંચ અને બીજી સામાજિક સંસ્થાઓ નીચે મુજબ પ્રયત્નો કરી શકે છે.

લગ્નના એક જ મહિનામાં આપણી સંસ્થાઓ એમને આમંત્રણ આપીને આપણી જ્ઞાતિમાં આમંત્રી શકે છે જેથી કરીને તેઓ પોતાનો સારી રીતે જ્ઞાતિમાં ભેળવી શકે અને પોતાની વિશેષતાઓને ઉજાગર કરી શકે અને આપણા કાર્યક્રમોમાં ભાગ લેવા પ્રોત્સાહિત થાય.

આ કાર્યક્રમના મુખ્ય મુદ્દા વૈદ્યકીય સહાય અને જાગરૂકતા છે. યુવાન પારસી દંપતિને વંશવેલો વધારવા વૈદ્યકીય સહાય આપવામાં આવે છે. સરકારે ૨૦૦ થી વધારે પારસી બાળકોનો જન્મ થાય એવી યોજના રાખી છે. ૨૦૧૩થી ૮૫ બાળકો લગભગ બે વર્ષમાં જન્મ્યા અને જલ્દી લગ્ન, એક કરતાં વધારે બાળકો અને કોમની અમુક માન્યતાઓ, ધારા-ધોરણ, કૌટુંબિક જીવન અંગે ખૂબજ જાગરૂકતા લાવવાનો સંનિષ્ઠ પ્રયાસ કરવામાં આવ્યો છે.

મોડા લગ્ન અને વાંઝિયાપણું આપણી જ્ઞાતિને નથી લાગુ પડતું.

આપણી જ્ઞાતિની પ્રગતિ તરફની વિચારસરણી અને અહોભાવ જોતાં નીચે જણાવેલ મંતવ્યો બાબત ચર્ચા વિચારણા  કરવી જરૂરી છે.

આપણે બીજી જ્ઞાતિમાંથી ક.દ.ઓ.માં પરણેલ કન્યા અને તેમના છોકરાઓને ક.દ.ઓ.માં સમાવેશ કરીએ છીએ. જે પારસીઓમાં પ્રચલિત નથી. ક.દ.ઓ. કન્યા બીજી જ્ઞાતિમાં પરણે છે ત્યારે એને અને એના છોકરાઓને ક.દ.ઓ. નથી ગણવામાં આવતા, પણ હકીકતમાં કન્યા અને તેના બાળકો જ્ઞાતિના ધારા-ધોરણ મુજબ ક.દ.ઓ. વધારે ગણાય, જેમ બહારથી આપણી જ્ઞાતિમાં આવતી કન્યા અને તેના બાળકો ક.દ.ઓ. ગણાય છે. આ ભેદભાવ શા માટે છે ? શું આપણે આમાં સુધારો કરી શકીએ છીએ ? એક સૂચન એવું છે આપણી કન્યા જે પરજ્ઞાતિમાં પરણી છે એને આપણી જ્ઞાતિમાં પાછા ફરવા માટે જો તે તેના પતિનું કુટુંબ જ્ઞાતિ દ્વારા ઘડાયેલી કેટલીક શરતોનું પાલન કરે તો દ્વાર ખુલ્લા રાખવા. આવી કેટલીક શરતો અંગે સૂચનો નીચે મુજબ છે જે વિશે ચર્ચા વિચારણા કરી શકાય છે.

- પતિ જૈન હોવો જોઈએ.
- પરજ્ઞાતિમાં લગ્નને જો સાત વર્ષ થઈ ગયા હોય તો.
- જ્યારે આ શરતો / યોજના અમલમાં આવે ત્યારે જેમણે લગ્નના સાત વર્ષ પૂરા કર્યા છે ત્યારે આવા આંતરજ્ઞાતિય લગ્ન કરેલ દંપતિને આ શરતો મંજૂર કર્યાના બે વર્ષમાં જ્ઞાતિમાં આવકારવામાં આવે.
- જે ક.દ.ઓ. કન્યાએ આંતરજ્ઞાતિય લગ્ન કરીને છુટાછેડા લીધા હોય તો અથવા વિધવા થઈ હોય તો જ્ઞાતિમાં ત્રણ વર્ષની અંદર, જો છૂટાછેડા લીધા હોય અને ૧ વર્ષની અંદર, જો વિધવા થયા હોય તો આપણી જ્ઞાતિમાં ફરી જોડાઈ શકે છે.
- આ બધી જ શરતો માટે જરૂરી કાયદાકીય દસ્તાવેજો/કબુલાતનામું વગેરે સહીસિક્કા કરાવવાની જોગવાઈ રાખવી.
- કૌટુંબિક માલમત્તામાં તથા પોતાની માલમિલકતમાં વારસાગત હક જેમ છે તેમજ રાખવા.
- લગ્ન પહેલાની કે પછી અટક રાખવાની છૂટ રાખવી. જો કે લગ્ન પછીની અટક માટે વસ્તી પત્રકમાં અલગ વિભાગ કરવો.
- આ ઉપરાંતના મુદ્દાઓ માટે ચર્ચા વિચારણા કરી અને નક્કી કરી શકાય.

  એક વર્ષમાં એક સભાનું ફક્ત પરજ્ઞાતિમાંથી આવેલ કન્યાઓ માટે આયોજન કરવું જેથી કરીને આપણને તેમની કાર્ય-કુશળતા, અભિપ્રાય, પ્રગતિ, અનુભવો વિશેના મંતવ્ય જાણવા મળી શકે અને તેમને આપણી જ્ઞાતિ ઘર જેવી લાગે તથા તેઓ કેટલી સફળતાપૂર્વક આપણી જ્ઞાતિમાં ભળી શક્યા છે એ વિશે જાણકારી મળે.

- આ પરજ્ઞાતિની કન્યાઓના માતા-પિતાને શરૂઆતમાં આમંત્રણ આપી શકાય. આ પગલું આ કન્યાઓને અને તેમના બાળકોને આપણી જ્ઞાતિમાં સારી રીતે ભળવામાં જરૂરથી મદદરૂપ થશે.

૭. આપણી જ્ઞાતિના યુવાનો અને યુવતીઓ વચ્ચે કોઈ સેતુ અને સંવાદની વ્યવસ્થા નથી જેથી તેઓને લગ્ન માટે બીજી જ્ઞાતિ તરફ નજર દોડાવવી પડે છે. આપણા યુવાનો અને યુવતીઓને આપણી જ્ઞાતિમાં લગ્ન કરવા યોગ્ય પાત્ર મળી જાય એ માટે આપણા યુવા મિલનના કાર્યક્રમોને સારી સફળતા મળી છે.

આંતરજ્ઞાતિય લગ્નમાં થોડી રોક આવી છે. આ યુવા મિલનોમાં યુવાન અને યુવતીઓનો પરિચય અને ઓળખાણ થતાં તેઓ બીજાને મળી ચર્ચા વિચારણા કરી શકે છે અને એક બીજાને પસંદ કરી જીવનસાથી બની શકે છે.

ગયા વખતના યુવા એક્સચેંજ કાર્યક્રમમાં કોચીનથી આવેલ એક કન્યા હૈદ્રાબાદના એક ક.દ.ઓ.ના ઘરમાં રહી હતી અને પરિણામસ્વરૂપે તેનું લગ્ન ત્યાં થયું. આવીજ રીતે નાંદેડની આપણી એક વકીલ કન્યા ડોમ્બીવલીના એક ક.દ.ઓ.ના ઘરમાં રહી હતી અને તે ભાઈના ભત્રીજા સાથે આ કન્યાના લગ્ન થયા. ચેન્નાઈના યુવા મિલનમાં ૧૨ જેટલા લગ્ન નક્કી થયા. મારી પુત્રીએ પોતાનો જીવનસાથી એની કચ્છ યાત્રા દરમ્યાન શોધ્યો.

**વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય – મર્યાદા**

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઈનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી. આ માટે જાહેરખબરના માધ્યમનો જ ઉપયોગ કરી શકાશે.

આવા વ્યવસ્થિત આયોજીત થયેલા કાર્યક્રમોમાં ઓછી મહેનતે સરળતાથી યોગ્ય જીવનસાથી શોધવાનું સુગમ બને છે અને આંતરજ્ઞાતિય લગ્નો ઓછા થાય છે.

૮. આપણે જો જ્ઞાતિજનોને જ્ઞાતિ દ્વારા બંધાતી આવાસ યોજનાનો લાભ આપી શકીએ તો આપણી જ્ઞાતિના યુવાનો અને યુવતીઓ જ એકજ સોસાયટીમાં રહેતા થાય.

૯. વિદ્યાર્થી સંઘ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ યુવાન યુવતીઓને એક બીજા સાથે પરિચયમાં આવવા એક મંચ પુરુ પાડે છે. જેમાં જીવનસાથી મળી શકે એની શક્યતાઓ રહેલી છે.

ઉપરની બાબતોથી એક વાતનો બોધપાઠ જરૂર મળે છે કે જો વ્યવસ્થિત અને વધારે કાર્યક્રમો યોજાય તો યુવાઓને એકબીજાના પરિચયમાં આવવાની તક મળે, એક બીજા સાથે સંવાદ કરવાનો મોકો મળે જેથી જ્ઞાતિમાંજ થતા લગ્નોમાં વધારો થાય.

૧૦. આથી ક.દ.ઓ. જ્ઞાતિની વસ્તીની સંખ્યા તથા ગુણવત્તા પણ વધશે અને જે આપણા વડીલોની તથા આપણી માલ મિલકત આપણા હાથમાં રહેશે અને આપણી જ્ઞાતિ તેનું સારી રીતે સંચાલન કરી જ્ઞાતિનો ઉદ્ધાર કરી શકશે. **જય જ્ઞાતિમૈયા**

*અનુવાદ* - શ્રી ઉદયન શાહ *(સહ તંત્રી)*

---

## વિદ્યાર્થી સંઘજી પ્રવૃત્તિ...

**સ્થાપક ને પહેલા પ્રમુખ શ્રી શિવજી કુંવરજી વિકમશી**

સ્થાપનાઃ ૧૫-૦૮-૧૯૫૪ ઘાટકોપર(ઈ.), મુંબઈ-૭૭.

યુવા શક્તિજો પરિચય ડેતી, સંસ્થા વિદ્યાર્થી સંઘ;
નવા-નવા કાર્યક્રમ યોજીને, રખી ડીંયે વડો રંગ. (૧)

ભણેલા-ગણેલા યુઆ એસેં શોભે, કુળ સમાજ ને દેશ;
પહેલે નંબર વારે વિદ્યાર્થી એંકે, ઈનામ ડીંયે વિશેષ. (૨)

એજ્યુકેશન સેમીનાર ભરે, પાડીયેં પિંઢજો પ્રકાશ;
રમત-ગમત કરાય ને, મીણીકે આનંદ ડીંયેં ખાસ (૩)

લાલજી રામજી બુક બેંક હલાંઈને, કયેં નોટબુકેં જો વિતરણ;
સમર-કેમ્પ કરીયેં ને, ઈન્ટસ્ટ્રીયલ વિઝીટથી ડીંયે સમજણ. (૪)

ધન્ય! ઈની કાર્યકર્તાએંકે જેં, એક ધારા વરે ૬૪ ક્યાં પૂરા;
અજ્ઞાપ ઉન્નતિ-પ્રગતિ કજા, રશ્મિન ચેં થૈને વડા શૂરા (૫)

**- રશ્મિન ખોના (મુંબઈ)**

## કચ્છમાં સંમેલનને જ્ઞાતિનું સમર્થન ?

- પ્રવીણ લોડાયા, વડોદરા

મિડ-ડે માં આવેલા સમાચાર મુજબ શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતામ્બર જૈન સંઘ પર્યુષણ પર્વ બાદ. પ્રતિ વર્ષ યોજાતા સ્વામિવાત્સલ્યના કાર્યક્રમ રદ્દ કરીને એ રક્કમ દુષ્કાળગ્રસ્ત કચ્છનાં પશુઓના ચારા અર્થે વાપરશે.

આ સંઘ કચ્છનાં ગામોનાં ઢોરો માટે ૧૦૦ ટ્રક ઘાસચારો સ્વહસ્તે વહેંચશે. અત્યારે દસ લાખ કિલો નીરણની વ્યવસ્થા કરશે અને જરૂર પડશે તો વધુ ઘાસ પહોંચાડશે. સંઘના અગ્રણીઓનું કહેવું છે એક દિવસ દુધપાક નહીં ખાઇએ તો ચાલશે, પરંતુ એક પણ પશુ ભૂખે મરશે અ નહીં ચાલે. આ ઉપરાંત ચાતુર્માસના અન્ય કાર્યક્રમો પણ સાદાઇથી ઉજવીને, એનું ફન્ડ પણ જીવદયાના આ કાર્યમાં વાપરવાનું નક્કી કર્યું છે.

ગુજરાતના મુખ્ય પ્રધાને ગુજરાતના સૌથી મોટા જીલ્લાને અછતગ્રસ્ત જાહેર કર્યો છે ત્યારે દેશના બધા નાગરિકોની ફરજ છે કે આ વિસ્તારમાં પોતાનાથી બનતું કરે.

હજી તો ચોમાસું પુરું નથી થયું ત્યારેજ પાણી અને ઘાસચારાની વિકટ સમસ્યા સર્જાઇ છે. કચ્છના ઘણા બધા માલધારીઓએ પશુધન સાથે હિજરત શરૂ કરી દીધી છે.

સરકારે કચ્છ જીલ્લાને અછતગ્રસ્ત વિસ્તાર જાહેર કરી દીધો છે. કચ્છના દસ વિસ્તાર અછતગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. તેમાં આપણો અબડાસા તાલુકો સૌથી મોખરે છે. છેલ્લા ચાર વર્ષમાં સૌથી ઓછો વરસાદ નોંધાયો છે.

કચ્છની આવી દારૂણ પરિસ્થિતિ જોતાં આવા સંજોગોમાં સમ્મેલનનું આયોજન કરવું વાજવી છે કે કેમ તેના પર જ્ઞાતિના સૌ અગ્રણીઓએ વિચાર કરવો જોઇએ. મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી જૈન છે. એમની સાથે આપણા ઘણા ભાઇઓના સંબંધો છે. તેમની નજરમાંથી આપણે બચી શકીશું કે કેમ તે પણ જોવું જોઇએ.

અત્યાર સુધી સ્થાનિક રહેવાસીઓ આપણી જ્ઞાતિને માનની નજરે જુએ છે તેઓમાં દિલોમાંથી આપણે ઉતરી જશું. આપણા સ્થાનિક રહેવાસીઓને ઘણા ઉપાલંભ સહેવા પડશે. જે કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ ટટ્ટાર અમે ખુમારીથી ચાલે છે તેને નીચી નજરે ચાલવું ન પડે તેની શી ખાત્રી ?

વાણિયાં, કાણિયા અને સ્વામિનારાયણીયામાં અત્યાર સુધી હિન્દુ વાણિયાઓની ગણત્રી થાય છે પણ પછી આપણી પણ થશે તેનો એક જ દાખલો આપૂં...

તમને યાદ હશે કે ગયા વર્ષે દહિંસર બાજુ રાજ ઠાકરેએ માંસના ટુકડા આપણા દહેરાસરોની સામે નાખ્યા હતા તેમનું કહેવું એમ હતું કે આઠ-આઠ, દસ-દસ દિવસ મટન શોપ કેવી રીતે બંધ કરાય ?

ધીરે ધીરે લોકોના મગજમાં આ વિચાર બહેતો થયો છે કે પોતે જૈનો આઠ દિવસ પોતાની દુકાન બંધ રાખતા નથી ઈવન પાંચમના દિવસે પણ નોકરોના ભરોસે દુકાન ચાલુ રખાય છે. ઘણી ઑફિસો, ફેક્ટરી બધી જ ચાલુ હોય છે ત્યારે અમારા ધંધા જ કેમ બંધ કરાય છે. અમારી રોજી રોટી એના પર જ છે. અમારા બાળકો ભુખ્યા સુવે અને તમારા બાળકો જલસા કરે એ ક્યાંનો ન્યાય છે !

ભગવાન પણ કહીં ગયા છે કે લોકાચાર વિરૂધ્ધ કોઇ પણ કાર્ય કરવું નહીં. આજ સુધી જૈનો ક્યારે પણ લોકોની નજરમાં આવ્યા નથી. મહાજનો અને શ્રેષ્ઠીઓનો દબદબો હતો. હોઇ પણ એમનો બોલ ઉથાપી નહોતા શકતા, હવે આપણે જાતે જ આપણા પગ પર કુહાડો મારી રહ્યા છિએ એમ નથી લાગતું ?

ભગવાન મહાવીરના નિર્વાણ બાદ છેલ્લા ૨૫૦૦ વર્ષના ઇતિહાસ તપાસીએ તો ભારત વર્ષ પર જૈનોનું જ વર્ચસ્વ રહ્યું છે. મોગલ સલ્તનતની પહેલાં અને પછી રાજા-મહારાજોના પ્રધાનો જૈનો જ રહ્યા છે. વર્ચસ્વ આમને આમ

### પ્રથમ કવર પેજ (કલર) પર

ધંધાકીય જાહેરાત કે વ્યક્તિગત સિધ્ધિ, શ્રધ્ધાંજલિ કે પુણ્યતિથિની જાહેરાતો પ્રગટ થશે નહીં. અલબત્ત, મહાજનો કે સંસ્થાઓની પ્રવૃતિઓના ફોટોગ્રાફ્સ અને તેમની અપવાદરૂપ જાહેરાતો તથા પ્રકાશ-સમીક્ષા સમિતિને યોગ્ય લાગે તેવી વ્યક્તિગત સિધ્ધિ, વ્યક્તિગત જન્મ જયંતિ - શ્રધ્ધાંજલિ - પુણ્યતિથિ અને અન્ય જાહેરાત પ્રથમ કવરપેજ પર લેવાશે.

### કલર પાનાંની મેટરો

પ્રકાશ-સમીક્ષાના કલર પાનાં ૪ના ગુણાંકમાં છપાતા હોવાથી અમને ૪,૮,૧૨,૧૬, જેવી પૂરેપૂરી સંખ્યામાં મેટરો મળી હશે તેટલી જ જાહેરાતો પ્રગટ કરવાનું અમારા માટે શક્ય બને છે. આ ગુણાંકો ઉપરાંતની વધારાની મેટરો, આર્થિક કારણોસર લઇ શકાતી નથી.

નથી મળતું, તેના માટે ત્યાગ અને બલિદાન કરવા પડે છે.

કચ્છના જગડુશાને જુઓ. બાર વરસ કચ્છમાં દુષ્કાળ પડ્યો ત્યારે પોતાના અન્નભંડાર દરેક કોમના માણસો માટે ખોલી નાખ્યા હતા.

ભામાશાએ, રાણા-પ્રતાપ પર આપત્તિ આવી પડી ત્યારે આબુ-દેલવાડાના દેરાસરનું કામ અધવચ્ચે છોડીને બધી ધન-દૌલત મહારાણા પ્રતાપને આપી દીધી હતી.

જ્યારે પણ રાષ્ટ્રને કે રાજાને સંકટ ઊભું થયું છે ત્યારે જૈનો ક્યાંય પણ પાછા પડ્યા નથી. એટલે જ જૈનોનું વર્ચસ્વ રહ્યું છે. આજે પણ જ્યારે કચ્છ ઉપર દુષ્કાળનો કારમો પંજો પડ્યો છે ત્યારે દુધાળા ઢોરો - પાંજરાપોળના ચોંપા અને ગરીબ માણસોના બેલી પણ જૈનો જ બનશે એમાં કોઇ શંકા નથી.

સરકારે ૧લી ઓક્ટોબરથી લાગુ પડે તે રીતમાં કચ્છ જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કર્યો છે તે જોતાં અને ગયા મહીને પર્યુષણ પર્વ વખતે આપણા અબડાસાના ગામોમાં જ્ઞાતિજનોએ અનુભવેલ પાણીની તીવ્ર તંગી હજુ ત્રણેક મહીના પછી કેટલી વિકટ થશે તેનો વિચાર કરીએ તો, કચ્છમાં સંમેલન યોજવા અંગે પુનર્વિચારણા કરવા માટે હજી પણ આપણી પાસે સમય છે. ઉપરાંત, સંમેલનના અંદાજિત બે કરોડના ખર્ચ સાથે અત્યાર સુધી પંદરેક લાખનો ખર્ચ થઈ ચુક્યો હોય તો પણ તેને ભૂલી જઇને, સંમેલનને કચ્છમાંથી અન્યત્ર યોજવા અને તે પણ ડિસેમ્બરના બદલે ત્રણેક મહીના પછી, વધુમાં વધુ ચાલીસ-પચાસ લાખના ખર્ચે સંમેલન આયોજન કરવાનો વિકલ્પ જ્ઞાતિએ અપનાવવો જોઇએ. સેક્રેટરી જનરલ નિશીથભાઇ અને અન્ય ટ્રસ્ટીઓએ સંમેલનની ફળશ્રુતિના અર્થમાં જે મહત્વાકાંક્ષી તૈયારી કરી છે તે કાબિલેદાદ છે, પરંતુ તેવી ફળશ્રુતિ અત્યારના સંજોગોમાં કચ્છના બદલે ત્રણેક મહીના પછી અન્ય સ્થળે સંમેલન યોજીને પણ મેળવી શકાય છે.

---

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ મહાજન ટ્રસ્ટીગણ




જય જિનેન્દ્ર,

મારી જાણકારી મુજબ આપણા વતન કચ્છમાં સરકારશ્રી તરફથી ૧ ઓક્ટોબર થી દુષ્કાળ જાહેર કરવામાં આવેલ છે જેની જાણ આપ ટ્રસ્ટીઓને હશે જ.

- માટે મારૂં એક વિનમ્ર સૂચન છે કે આવી દુષ્કાળની પરિસ્થિતિમાં કચ્છમાં સંમેલન યોજવો યોગ્ય છે ?
- તો આ કાર્યક્રમ કચ્છ છોડીને બીજા સ્થળે ન કરી શકાય ?
- સંમેલન આવતા વર્ષે ન યોજી શકાય ?
- સંમેલન ૩ દિવસની જગ્યાએ ૧ દિવસનો યોજી ૨ દિવસની બચેલ રકમ દુષ્કાળ રાહત ફંડમાં આપી આપણા પાંચ કર્તવ્યો માનો એક (જીવદયા) કર્તવ્ય કરી ધર્મ ધજા ફરકાવી ન શકાય ?

ઉપરોક્ત મારા સ્વવિચાર છે આપ ગુણીજન છો, આપ જે વિચારશો એ સારૂં જ હશે.

મારા વિચાર પર ચર્ચા વિચારણા કરવા નમ્ર વિનંતી. ભૂલ ચૂક ક્ષમા કરશો.

**- કલ્પેશ મહેન્દ્ર લોડાયા,** ચેમ્બુર

(કલ્પેશભાઇ સમસ્ત મહાજનની મહાસમિતિના સભ્ય)

## સંમેલનની ઉપયોગિતા

છેલ્લાં ત્રણ જ્ઞાતિ સંમેલનો યોજાયાં, તેમાં અનેક ઠરાવો પસાર થયા પણ તેનું પાલન થયું નહીં. તે ઠરાવો ફક્ત કાગળ પર રહ્યા. આગામી ચતુર્થ સંમેલન પણ આ રીતે સમય અને નાણાંના વેડફાટમાં ન પરિણમે તો સારૂં. મારા નમ્ર મત મુજબ સંમેલનને યોજવાને બદલે તેની પાછળ ખર્ચાનારા નાણાંનો આપણી જ્ઞાતિ-સમાજ માટે ઉપયોગ થવો જોઇએ. આપણે એક સારી હોસ્પિટલ, સારી સગવડવાળી રહેણાંક બોર્ડીંગ સ્કુલ/કૉલેજ, સારી આયુર્વેદિક હોસ્પિટલ, અતિથિગૃહો, જરૂરતમંદો માટે આવાસ યોજનાનું આયોજન કરીશું તો એક ઉમદા ફળદાયી ધ્યેય હાંસલ થશે. નલીયા બાલાશ્રમની પ્રોપર્ટીનો ઉપયોગ એક આયુર્વેદિક હોસ્પિટલ અને શાળા/કોલેજ માટે કરી શકાય.

**- થોભણ ચાંપસી લોડાયા,** કોચીન

## ''જ્ઞાતિ સમ્મેલન''

હવે તો સરકારે કચ્છ જીલાને અછતગ્રસ્ત જાહેર કરેલ છે. મારૂં માનવું કે સંમેલન પહેલાં સમસ્ત મહાજન કચ્છ માટે કોઇ ઠોસ કાર્ય જાહેર કરે અથવા સંમેલનમાં જાહેર કરે તો યોગ્ય રહેશે.

**- તેજકૂમાર જૈન,** રાજકોટ

## ''ક્ષમા'' વિશે મારા વિચારો

''ક્ષમા આપવી'' એ ખૂબજ સંસ્કારી, ઘા રૂઝવનાર અભિવ્યક્તિ છે. એ એક ભવ્ય સ્વૈચ્છિક પ્રક્રિયા છે, જેના વડે વ્યક્તિની લાગણીઓ અને ગુના તરફનો એવો અભિગમ, જોવતી નજર, વેર વાળવાની કે બદલો, નકારાત્મક લાગણીઓ બદલાય છે અને આપણે ક્ષતિ કરનાર વ્યક્તિનું પણ ભલું ઇચ્છતી પ્રેરણા થાય છે.

કોઇ સમજદાર વ્યક્તિએ ખરું જ કહ્યું છે કે ''ક્ષમા'' એ ''દેવી'' બગીચામાંથી ફૂલ તોડનારના હાથમાં ફૂલની સુગંધ રહી જાય તેવી  સુગંધ લેવાની છે ''ક્ષમા માંગવા'' ખૂબજ સશક્ત બનવું પડે છે, જૈનો દર વર્ષ પોતાના કુટુંબીજનો, સગા-સંબંધીઓ અને મિત્રો, તેમનાથી કોઇ રીતે જાણતા અજાણતા દિલ દુભાયું હોયતો, તકલીફ થઇ હોય અથવા ઇજા થઇ હોયતો ક્ષમા માંગે છે!

મને આ બાબત એકદમ પ્રસંશનીય લાગે છે, અને આશ્ચર્યચકિત કરે છે ! શું ''ક્ષમા'' માંગવાથી આપણા આત્માની ઉન્નતિ થાય છે ? મારા મતે ''ક્ષમા''એ ખોટા કર્મો અને ભૂલચૂકથી ભરેલી આપણી જિંદગીની પાટી કોરી કરવાનો મોકો આપી છે ! ક્ષમાથી આપણે કેટલું સ્વજ્ઞાન મેળવીએ છીએ એ જોવાની વાત છે.

આ એક એવી પ્રક્રિયા છે જે આપણને સ્વાનુભાવ અને આત્મચિંતન કરાવો છે. જૈનો ''મિચ્છામિ દુક્કડમ'' દ્વારા જેમનું જાણના અજાણતા દિલ દુખાવું હોય તેવા જગતના સર્વ જીવોની ક્ષમા માંગે છે

નબળો માણસ કયારે પણ ક્ષમા આપી શકતો નથી ક્ષમાએ વીરનું આભુષણ છે. એવીજ રીતે જે ક્ષમા માંગે છે એ ખરેખરે જ વીર, અને શક્તિશાળી છે અને જેમની શક્તિ તેમની નમ્રતામાં રહેલી છે. જિંદગીમાં ક્ષમા આપીને પાટી કોરી કરીને હળવા હદયે આત્મા નિર્મળ કરીને આગળ વધવું જરૂરી છે અને આરફતા ચોક્કર શુધ્ધિના રસ્તે લઇ જાય છે.

ભગવાન બુધ્ધ કહે છે. તમે કેટલી સારી રીતે કોઇને ચાહ્યા છે ? તમે જિંદગી પૂરી રીતે માણી છે ? તમે કેટલા ઉંડાણથી બધું જાવું કર્યું છે ? તમે ક્ષમાને આપવાની બાબતને સમર્થન કરનારા અને તેનો પ્રચાર કરનારા બનો, શાણપણ ધરાવનાર ઉદાર દિલના બનો. દરેકમાં ઉમદા ગુણ જોનારા બનો કેમકે માનવજાત તરીકે આપણે આગળ પ્રગતિ કરીએ છીએ આપણે પાછળ નથી જઇ શકતા તેથી ભુલી જાઓ અને ક્ષમા આપો અને દુનિયાના ઘા રૂઝવી આ પ્રક્રિયા દ્વારા માનવજાતના ઘા રૂઝવો.

**– અલ્પા (લોડાયા) ધરમશી** (અનુવાદ : ઉદયન શાહ)

## ''મૈયર આયાંસી ધજા લા''

રાગ : અમે મૈયારણ રે... ગોકુળ ગામના...
અસીં રે નિયાણીયું રે... વરાડિયા ગામજ્યું...
હા...રે... મૈયર આયાંસી ધજાલા રે....
વરાડિયા ગામમેં....

ગામે ગામથી ભેરા થ્યાંસી
ઓળખજી ખાણ વડી લધાંશી...
પુ. અનંતયશા મ.સા. ભેણ મહારાજ રે...
વરાડિયા તીર્થ પાવન ક્યાં આજ રે...
વરાડિયા ગામમેં....

મીના, ભારતી, મધુને દિપાલી કે સલામુ સો સો
પ્રસંગ કે મહેનત સે શોભાયાં સૌ સૌ.
વરાડિયા મહાજન કે કીં ભોલાજે ?
દિલદારી સે વડા લ્હાવા દેવાજેં... રે
વરાડિયા ગામમેં....

મોભી મણીકે વધાઇયું ઝેઝી ઝેઝી
ટાણે મળે પધાર્યા થઇ રાજી.
અસાંજી ભલામણે કે ન ભૂલજા
ગામાઇયેંજા ઝેઝા ઘર ખોલજા...
વરાડિયા ગામમેં....

સંગીત જે સૂરિલે સૂર સે
સ્વાગત, અભિષેક ને ધજા જામ્યા રંગતસે
ભવ્ય શુશોભનમેં સૂણી આભારજી સરવાણી
અસીરેં નિયાણીયું રે...વરાડિયા ગામજ્યું...

**– ખમા ધર્મેન્દ્ર નાગડા,** માટુંગા (જખૌ)

### 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઇત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### કલર પાનાં પરની જાહેરાતો

પુણ્યતિથિ, લગ્નતિથિ જેવી અગાઉથી નિર્ધારિત કરી શકાય તેવી મેટરો અંક પ્રકાશનના સાતેક દિવસ પહેલાં મોકલાશે તો તે પ્રકાશિત કરવામાં અમને સુગમતા રહેશે. આગોતરૂં બુકીંગ કે કોઇ ચોક્કસ પાના પર મેટર લેવા આગ્રહ ન કરવા વિનંતિ.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ આયોજિત
## પ.પૂ. ગચ્છાધિપતિશ્રીને સાંવત્સરી વંદન તથા અબડાસાની બંને પંચતીર્થી - ચૈત્ય પરિપાટી

તા. ૨૧.૦૯.૨૦૧૮ શુક્રવાર બપોરે ૩.૦૦ કલાકે દાદર સ્ટેશનથી સયાજી એક્સપ્રેસ ટ્રેન દ્વારા શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ દ્વારા યોજાયેલ પર્વાધિરાજ પર્યુષણના પાંચ કર્તવ્યમાંના એક કર્તવ્ય ચૈત્ય પરિપાટીનું આયોજન મુખ્ય દાતા - માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી, સુથરી/વરલી પરિવાર તથા સહાયક દાતા - માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા રાપર ગઢવારી, વાલકેશ્વર હસ્તે નિશાબેન હિતેશ મોતા પરિવારના સહયોગે ૧૦૮ યાત્રિકો સહ પ. પૂ. અચલગચ્છાધિપતિશ્રી તપચક્રવર્તી તપસ્વીરત્ન આ.ભ. શ્રી ગુણોદયસાગર સુરીશ્વરજી મ.સા. તથા ચાતુર્માસાર્થે બિરાજમાન સાધુ સાધ્વીજી ભગવંતોને સાંવત્સરી વંદન તેમ જ અબડાસાની બંને પંચતીર્થીનાં ચૈત્યોને જુહારવા ભુજ તરફ ભાવોલ્લાસથી પ્રયાણ કર્યું. ભુજ સ્ટેશન ૭.૦૦ કલાકે પહોંચી નવકારશી તથા પ્રભુ સેવા-પૂજા માટે પાર્શ્વવલ્લભ ઈન્દ્રધામ, જખ્ખ બહોતેરાની સામે આવેલ તીર્થધામ તરફ ૭.૩૦ કલાકે પ્રસ્થાન કરી સમયાનુસાર સેવા પૂજા નવકારશી ગ્રહણ કરી વાહન દ્વારા ગચ્છાધિપતિશ્રીને સાંવત્સરી વંદન કરવા ગઢશીશા તરફ પ્રયાણ.

**ગઢશીશા** મહાજન તરફથી ભવ્યાતિભવ્ય સામૈયું જિનાલયમાં જ્યાં પ્રથમ તીર્થાધિપતિ શ્રી આદેશ્વર ભગવાન બિરાજમાન છે ત્યાં ચૈત્યવંદન કરી ઉપાશ્રયમાં બિરાજમાન પ.પૂ. અચલગચ્છાધિપતિશ્રી તપચક્રવર્તી તપસ્વીરત્ન આ.ભ. શ્રી ગુણોદયસાગર સુરીશ્વરજી મ.સા. ને સામૂહિક દ્વાદશાવર્ત સાંવત્સરી વંદન કરી માંગલિક શ્રવણ તેમજ પ.પૂ. જ્યોતિષાચાર્ય આ.ભ. વીરભદ્રસાગર સુરીશ્વરજીને સાંવત્સરી વંદન તથા પ્રસંગોચિત વ્યાખ્યાન શ્રવણ કરેલ. ગઢશીશા મહાજન તરફથી દાતા પરિવાર તેમજ શ્રી મુંબઈ મહાજનના પ્રમુખશ્રી કલ્પેશભાઈ માણેકજી મોતાનું બહુમાન કરવામાં આવેલ. ગઢશીશા મહાજન તરફથી સંઘપૂજન તેમ જ સાધર્મિક ભક્તિનું આમંત્રણ સ્વીકારી માનદમંત્રી રમેશ હીરજી લોડાયા દ્વારા પૂ. ગુરૂભગવંતોને શાતા, તપસ્વી યાત્રીકોને શાતા, પ્રણામ કર્યા બાદ પ્રવાસની માહિતિ અપાઈ તેમ જ ગઢશીશા મહાજન તેમ જ ટ્રસ્ટનો આભાર માની સાધર્મિક ભક્તિનો લાભ આપ્યા બાદ ડુમરા તરફ પ્રયાણ કરેલ.

**ડુમરા** મહાજનના ટ્રસ્ટીઓ તથા સ્થાનિક ભાઈ બહેનો દ્વારા ઉમળકાભેર સામૈયા દ્વારા આવકાર આપવામાં આવેલ. ડુમરામાં જિનાલયે દર્શન વંદન કરી ૧૦૦મા ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ. મુનિરાજ કમલપ્રભ સાગરજી મ.સા. તેમજ મુનિ ભગવંતોને સાંવત્સરી વંદન કરી માંગલિક શ્રવણ તથા ડુમરા મહાજન તરફથી મુંબઈ મહાજનના પ્રમુખશ્રી કલ્પેશભાઈ માણેકજી મોતાનું બહુમાન કરવામાં આવેલ. સંઘ પૂજન ડુમરા મહાજન તરફથી થયેલ. ચહા-કોફીનો લાભ આપી કોઠારા તરફ પ્રયાણ કરેલ.

ચૈત્ય પરિપાટીના આયોજન મુજબ અબડાસાની બંને પંચતીર્થીમાંનું પ્રથમ તીર્થ એટલે **કોઠારા** ભવ્ય જિનાલયમાં દર્શન-વંદન કરી બિરાજમાન સાધ્વીજી નમ્રગુણાશ્રી મ.સા. ને સાંવત્સરી વંદન કરી માંગલિક શ્રવણ કર્યા બાદ મહાજન/ટ્રસ્ટ તરફથી અધિકારીઓનું બહુમાન તથા સંઘ પૂજન સ્વીકારી ચહા-કોફીને ન્યાય આપી **વાંકુ** તરફ પ્રયાણ. જ્યાં મૂળનાયક શ્રી અજીતનાથ ભગવાન બિરાજમાન છે. નૂતન જિનાલય બનાવી આ વર્ષ પુનઃ પ્રતિષ્ઠા કરાયેલ છે સ્થાનિક સભ્યો દ્વારા માનદમંત્રી રમેશ લોડાયાનું બહુમાન કરવામાં આવેલ. તથા સર્વે યાત્રિકોનું સંઘ પૂજન કરાયું.

વાંકુથી **વારાપધર** તરફ પ્રયાણ. જિનાલયમાં દેવ-દર્શન કરી ઘડિયાળની ગતિને ધ્યાનમાં રાખી પરજાઉના મેનેજર રમેશભાઈ જોડે મસલત કરી આજની યાત્રા તા. ૨૩.૦૯.૨૦૧૮ ઉપર મુલતવી રાખી ચૌવિહાર માટે સાંયરા તરફ પ્રયાણ કરેલ. સમય અનુકુળતા મુજબ સર્વેને સાંયરા સંઘની મંજુરીથી પ્રથમ મહાજનવાડીમાં સાંધ્ય ભોજન (ચૌવિહાર) માટે સર્વે યાત્રિકોને લઈ જવામાં આવ્યા.

**સાંયરા**માં ધામધૂમથી સામૈયું કરવામાં આવેલ. સાંયરા નગરે ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ. સાધ્વીશ્રી ચારુપ્રજ્ઞાશ્રી મ.સા. તથા અનંતયશાશ્રી મ.સા. આદિ ઠાણાઓ ને સાંવત્સરી વંદન તથા પૂજ્યશ્રીનું પ્રેરણાદાયી માંગલિક સંભળાયું. સાંયરા સંઘ/મહાજન તરફથી શ્રી મુંબઈ મહાજનશ્રીના પ્રમુખ તથા દાતા પરિવારનાં શ્રી કલ્પેશભાઈ માણેકજી મોતાનું બહુમાન કરવામાં આવેલ. વડોદરા સંઘ તેરા મુકામે પખાવાજ માટે પધારેલ. સાંયરા મુકામે સાથે થઈ જતાં તેમના આગેવાનનું પણ બહુમાન કરવામાં આવેલ. સાંયરા સંઘ તરફથી જિનાલય દર્શન-વંદન કરી સર્વે યાત્રિકોને આરતી-મંગળ દીવો કરવાનો લાભ મળ્યો. સાંધાણ તરફ પ્રયાણ કરતા પહેલા ચાતુર્માસ દાતા પરિવાર માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા, સાંયરા તરફથી સંઘપૂજન કરવામાં આવેલ.

સાંયરા થી **સાંધાણ** તરફ દેવ-દર્શન કરવા પ્રયાણ સમય થઈ જતાં શ્રી કીર્તિભાઈ શ્રી દિનેશભાઈ ધરમશી તરફથી ફોન દ્વારા સતત સંપર્ક રાત્રે ૮.૧૫ કલાકે પણ ઢોલ-શરણાઈ દ્વારા સામૈયું કરી સ્વાગત કરવામાં આવેલ. મહાજન અધિકારી રમેશ લોડાયાનું બહુમાન કરવામાં આવેલ. સાંધ્ય આરતી-મંગળ દીવો યાત્રિકો દ્વારા કરવામાં આવેલ. રૂા. ૧૦/- નું સંઘપૂજન થયેલ.

સાંધાણ થી **સુથરી** રાત્રિ મુકામ માટે યાત્રિકો દ્વારા વાહન દ્વારા પ્રયાણ રાત્રે ૮.૪૫ કલાકે પણ શ્રી સુથરી સંઘ દ્વારા ભવ્ય સામૈયું કરવામાં આવેલ. વહેલી સવારે ૬.૦૦ કલાકે પક્ષાલ પૂજાની ખાસ વ્યવસ્થા શ્રી સુથરી સંઘ તરફથી કરાયેલ. યાત્રિકોએ પક્ષાલ, પૂજા, આરતી-મંગળ દીવાનો ખૂબજ ઉલ્લાસિત ભાવોથી ઉચ્ચ ઉછામણીની બોલીનો લાભ લીધેલ.

સુથરીમાં સેવા-પૂજા નવકારશી કર્યા બાદ વ્યાખ્યાન હૉલમાં એકત્ર થઈ પ.પૂ. સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા. ને સાંવત્સરી વંદન તથા માંગલિક શ્રવણ કર્યા બાદ સુથરી સંઘ તરફથી મહાજનના ધાર્મિક સમિતિના કન્વીનરો શ્રી નરેશભાઈ ખોના, શ્રી હિરેન નવિનચંદ્ર લાપસીયા તથા અધિકારી શ્રી રમેશ લોડાયાનું બહુમાન કરવામાં આવેલ. સંઘપૂજન સ્વીકારી વાહન દ્વારા **રાપર અબડાસા ગૌશાળા** તરફ પ્રયાણ...

શ્રી કલ્પેશભાઈ મોતા તથા સાથીઓ દ્વારા પ્રવેશ વેળાએ સંઘ પૂજન કરવામાં આવેલ. ગૌશાળા વિસ્તાર તથા ગૌમાતાઓના દર્શન તેમજ વ્યવસ્થા નિહાળતા સૌ આનંદવિભોર થઈ ગયા. લીમડાંના વૃક્ષ નીચે છાંયડામાં મીઠીમધુરી છાશ દ્વારા તૃષ્ણા છીપાવતાં છીપાવતાં રાપર ગામમાં ગોડી પાર્શ્વનાથના દર્શન-વંદન કરી દાતા માતુશ્રી તારાબાઈ માણેકજી પરિવારનાં બંગલામાં સંઘ-યાત્રિકોએ પાવન પગલા કર્યા. જ્યાં મહાજનશ્રી દાતા પરિવારો તથા યાત્રિકોના સહયોગથી રૂા. ૫૦૦/- નું સંઘપૂજન તેમજ મહાજનશ્રી તથા દાતા પરિવારો દ્વારા ચૈત્ય પરિપાટી - પંચતિર્થીના સંભારણા રૂપે ૧૦ ગ્રામના સિલ્વર (કોઈન/સિક્કા) મોમેન્ટો દ્વારા સંઘપૂજન કરવામાં આવેલ. બંગલામાં પરિવાર તરફથી કેસરી લસ્સીની વ્યવસ્થા કરાવામાં આવી હતી. અનુકૂળતા પ્રમાણે લાભ આપી, **મોટી સિંધોડી** તરફ પ્રયાણ, જ્યાં ખાસ મહાજનશ્રીનું સ્વાગત માટે પ્રમુખ હર્ષાબેન લોડાયા, શ્રી હેમાંગ લોડાયા, ટ્રસ્ટીજન શ્રી તિલકભાઈ લોડાયા, શ્રી દિનેશભાઈ તથા વીણાબેન મોતા, શ્રી મુલચંદભાઈ મૈશેરી, શ્રી ખુશાલભાઈ મૈશેરી, ખાસ મુંબઈથી પધારેલ. ધમાકેદાર સામૈયા દ્વારા સ્વાગત કરવામાં આવેલ. દેવદર્શન વિધિ કર્યા બાદ વ્યાખ્યાન હૉલમાં મહાનુભાવો દ્વારા અધિકારીઓનું, ટ્રસ્ટીશ્રી કમલેશભાઈ સોની, શ્રી નરેન્દ્રભાઈ શિયાલનું તથા શ્રી રાયચંદભાઈ જીવાણીનું બહુમાન કરવામાં આવેલ. શ્રી દિનેશભાઈ દ્વારા ટુંકમાં પરિચયવિધિ કરાવવામાં આવેલ. વ્યવસ્થા પ્રમાણે દૂધ તથા સંઘપૂજનનો લાભ લઈ શ્રી ખુશાલભાઈ મૈશેરીના આગ્રહને વશ થઈ એમના મકાનમાં સકળ સંઘે પગલા કરી વાહન દ્વારા પરજાઉ તરફ પ્રયાણ. ટ્રસ્ટીશ્રી હરીશભાઈ વિકમશી તથા સ્થાનિકો દ્વારા સામૈયા દ્વારા સત્કાર.

**લાલા**માં ચંદ્રપ્રભુ દાદાને જુહારી, જખૌ તીર્થ તરફ પ્રયાણ કરેલ. **જખૌ**માં તીર્થના ટ્રસ્ટી શ્રી રાયચંદભાઈ જીવાણી, સ્થાનિકો દ્વારા, બેડલા, ઢોલ-શરણાઈ દ્વારા ભવ્ય સામૈયું કરવામાં આવેલ. ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ. સાધ્વીશ્રી આનંદકિરણાશ્રીજી મ.સા. ને સાંવત્સરી વંદન તથા માંગલિક શ્રવણ કર્યા બાદ સંઘ તરફથી મહાજન અધિકારી તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યોનું બહુમાન તથા સંઘપૂજન સ્વિકારી, દેવદર્શન કરી બપોરની સાધર્મિક ભક્તિ માટે ભોજનાલય તરફ પ્રયાણ.

જખૌ તીર્થથી **નલિયા** તીર્થે શ્રી ચંદ્રપ્રભુ દાદાને જુહારવા પધરામણી. સ્થાનિકો તરફથી સ્વાગત. દેવદર્શન કર્યા બાદ સાધ્વીજી ભગવંતને સાંવત્સરી વંદન તથા માંગલિક શ્રવણ. સંઘ તરફથી માનદ્ મંત્રી શ્રી રમેશ લોડાયાનું બહુમાન કરાયેલ તથા સંઘપૂજન સ્વિકારી તેરા તીર્થ તરફ પ્રયાણ.

**તેરા** તીર્થે પહોંચતા દેવદર્શન કરી સમયને લક્ષમાં રાખતા ચૌવિહાર માટે ભૂજ પહોંચવું અનિવાર્ય હોતા, રંજ સાથે ઉતાવળે ભૂજ તરફ પ્રયાણ કરેલ. ભૂજમાં વ્યવસ્થા પ્રમાણે નવનીતમાં ચૌવિહાર કરી વાહનો દ્વારા કચ્છ એક્સપ્રેસ ટ્રેન દ્વારા મુંબઈ તરફ રાત્રે ૮.૧૫ કલાકે મુંબઈ તરફ પ્રયાણ. સવારે સૂરત સ્ટેશને એક સદ્‌ગૃહસ્થ તરફથી હસ્તે મહાજનશ્રીના ખજાનચી શ્રી અતુલભાઈ ડુંગરશી ધરમશી દ્વારા નવકારશીની વ્યવસ્થા. ખૂબજ સારી રીતે પેકીંગ કરેલ બોક્સ સ્વીકારી નવકારશી સમયે કાર્યકરો દ્વારા ચા-કોફી-નાસ્તાનું વિતરણ કરવામાં આવેલ. નવકારશી બાદ યાત્રિકોને મિચ્છામિ દુક્કડમ્ કરતા પ્રવાસમાં મુશ્કેલીનો યુવાન કાર્યકરો દ્વારા સુખદ માર્ગ ઉકેલવાની કળાનો શ્રી મુંબઈ મહાજન દ્વારા ભૂરિ ભૂરિ અનુમોદના.

મન-વચન-કાયાથી શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈના અધિકારીઓ, ધાર્મિક સમિતિના કન્વીનરો તરફથી મિચ્છામિ દુક્કડમ્.

મહાવીર - માટુંગા સેલ • મહાવીર - માટુંગા સેલ

## એમ્બ્રોઈડરી સાડીઓનું

# ભવ્ય સેલ

## ૨૦% થી ૫૦% ડીસ્કાઉન્ટ

- હાથ અને મશીન પારસીગારા ૩૦%
- ફેન્સી સાડીઓમાં ૩૦%
- ટેસ્ટેડ કસબની સાડીઓ ૨૦%
- ટેસ્ટેડ ચણીયા ચોળીમાં ૨૦%
- કસબની તૈયાર બોર્ડરમાં ૨૦%
- પ્લેઈન સાડી મટેરીયલ ૩૦%
- ઓર્ડર થી બનાવીને મજુરી ઉપર ૨૦%
- ઓલ્ટરેશન ઉપર ૨૦%
- બાંધણી માટે ફેન્સી બોર્ડર ૩૦%

સાચી જરીની સાડીઓ ઘરચોળા સારા ભાવે વેંચાતા લઈશું.

કારીગરની સેમ્પલ સાડીઓ ઉપર ૪૦% થી ૫૦%

તા. ૧૦–૧૦–૨૦૧૮ થી તા. ૦૭–૧૧–૨૦૧૮
**દિવાળી સુધી દરરોજ**

**શ્રી મહાવીર'સ એમ્બ્રોઈડરી**
રાજ નિકેતન બિલ્ડીંગ, ધનલક્ષ્મી અને એચડીએફસી બેંકની બાજુમાં,
ફુલ ગલ્લી સામે, ભંડારકર રોડ, માટુંગા (સે.રે.) મુંબઈ-૧૯.
**ફોન : ૨૪૦૨ ૫૦૭૦ મોબાઈલ : ૮૬૫૨૨ ૩૯૫૩૭**

મહાવીર - માટુંગા સેલ • મહાવીર - માટુંગા સેલ


|| જય શ્રી અંબેમાતાય નમો નમઃ ||

## શ્રી સોની ગોત્રની કુળદેવી અંબા માતાજીની ત્રીજી (૩) સમુહ પહેડી

વાંકુ – સાંચરા – જખૌ

કચ્છ-વાંકુ ગામમાં બિરાજમાન કુળદેવી **શ્રી અંબા માતાજીની સમુહ પહેડી** સવંત ૨૦૭૪, આસો સુદ-છઠ્ઠ (૬), **રવિવારનાં તા. ૧૪-૧૦-૨૦૧૮**નાં શુભ દિવસે માટુંગા મુકામે રાખેલ છે.

આ પાવન પ્રસંગે શ્રી અંબા માતાજીનો પ્રસાદ તથા ભક્તિ કરવા મુંબઇ તેમજ બહારગામમાં વસતાં સોની પરિવારનાં ભાવિકો તેમજ નિયાણી-દિકરીઓને સહકુટુંબ પધારવા શ્રી અંબામાં સોની પરિવાર તથા લાભાર્થી પરિવાર તરફથી ભાવભર્યું આમંત્રણ છે.

**સંપૂર્ણ પહેડીનું અમુલ્ય લાભ લેનાર લાભાર્થી પરિવાર**
**માતુશ્રી સોનબાઈ ત્રિકમજી વીરજી સોની પરિવાર** (વાંકુ –વડાલા)

**–ઃ શુભ સ્થળ ઃ–**
**રામજી અંદરજીવાડી**, બીજો માળ,
(રામવાડી), ચંદાવરકર રોડ, માટુંગા (ઇ)

**–ઃ શુભ સમય ઃ–**
સવારના ૯ થી ૨

**સંપર્ક : શ્રી અંબામા સોની પરિવાર કાર્યકર ગણ**
વિજય વી. સોની - 9594692692 ધિરેન વી. સોની - 8879155051
કેતન જી. સોની - 9920056799 લહેરચંદ પી. સોની - 9594671420

**નોંધ :** બહારગામથી પધારનાર ભાવિકોને અગાઉથી જાણ કરવા નમ્ર વિનંતી જેથી વ્યવસ્થા કરવામાં સુઘમતા રહે.

**"ભુવા ભાઈ શ્રી મેહુલ ગુલાબચંદ સોનીનાં જય માતાજી"**



## શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

Trust Reg. No. E-302 (Kutch) Dated 28/09/1966 • જખૌ, કચ્છ – ૩૭૦૬૪૦.

### જીવદયા સહાય માટે વિજ્ઞપ્તિ

ચોમાસું નિષ્ફળ જતાં સમસ્ત કચ્છને સરકારે અછતગ્રસ્ત જાહેર કરી રાહત કાર્ય જાહેર કર્યું છે. સર્વેના સાથ સહકારથી મુશ્કેલ સ્થિતિ હલ થવા વિશ્વાસ છે. જીવદયા સહાયતા માટેની વિનંતી ને દાતાઓ નો સુંદર પ્રતિસાદ મળી રહ્યો છે. સર્વે દાતાઓનું અનુમોદન સહ ધન્યવાદ.

**વાર્ષિક સહાયતા યોજના :** દાતા નં. ૮૨) સ્વ. સૌ. દેવીકા દિનેશ દામજી ખોના, જખૌ-મુલુંડ, મુંબઇ.

**નીચે મૂજબ દાતાઓ દ્વારા દાન/સહાય મળેલ છે.** ૧) રૂા. ૩૦,૦૦૦/- શ્રી શ્વેતાંબર જૈન મંદિર, તીરૂપુર, ૨) રૂા. ૨૫,૦૦૦/- શ્રી અચલગચ્છ જૈન સંઘ, આદીપુર, કચ્છ, ૩) રૂા. ૨૫,૦૦૦/- શ્રી કિશોર કરમસી વીકમસી, જખૌ-વડાલા, મુંબઈ (રૂા. ૨૨,૦૦૦/- ભેટ, રૂા. ૩,૦૦૦/- વા.સ.યો.), ૪) રૂા. ૨૦,૦૦૦/- શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન સમાજ, વડોદરા, ૫) રૂા. ૨૦,૦૦૦/- શ્રી જીરાવલા પાર્શ્વનાથ જૈન દેરાસર, ગાન્ધીધામ, કચ્છ. સંચાલન નવલબાઇ દામજી હંશરાજ ધરમશી પરિવાર ચે. અને રી. ટ્રસ્ટ, ૬) રૂા. ૧૧,૦૦૦/- શ્રી હંશરાજ દામજી પાસડ, નાગ્રેચા, ૭) રૂા. ૧૧,૦૦૦/- શ્રી સુમતિનાથ સ્વામી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ નાગપુર, ૮) રૂા. ૨,૫૦૦/- શ્રીમતી લીલાવંતી વિશનજી છેડા, વાન્કી, હાલ મીરારોડ, ૯) ૨,૦૦૦/- દેવપૂન્જ હોલ, મુલુંડમાં સામાયિક કરતી બહેનો, ૧૦) રૂા. ૧,૦૦૦/- સ્વ. શ્રી વેલજી દેશર મોતા, વાંકુ-ઘાટકોપર હસ્તે ચન્દ્રકાન્ત મેઘજી મોતા, ૧૧) રૂા. ૧,૦૦૦/- શ્રી મુલચંદ રાયચંદ ખોના, નલિયા-થાણા.

**ચારા/દાણ ભેટ દાતા :** ૧) રૂા. ૪૫,૮૦૦/- શ્રી જખૌ જૈન જીવદયા મિત્ર મંડળ, પર્યુષણ દરમ્યાન એકત્ર થયેલા ફાળામાંથી (રૂા. ૧૦,૩૦૦ /- ભૂસો ગુ. ૧૧. - રૂા. ૭,૫૦૦/-, ઘાસ ગાસડી ૪૪, કીલો ૩,૬૭૦/-, રૂા. ૨૮,૦૦૦ ભૂસો ગુ. ૩૫, કીલો ૧,૭૫૦/-) ૨) શ્રી રાઘવજી લાલજી સતરા, ગુન્દાલા-જલગામ, જુવાર કડબ થેલા ૫૦, કી. ૨,૫૦૦/-, ૩) શ્રી ડી. એસ. ભાનુશાલી, બારસી, જુવાર કડબ થેલા ૫૦, કી.૨,૫૦૦/-

**દાન ઈન્કમ ટેક્સ કલમ ૮૦ જી (I.TAX 80 G) મુજબ રાહત પાત્ર છે.** **સર્વે દાતાઓની અનુમોદનાસહ ખૂબ ખૂબ આભાર**

**Banking Details :** **Name : Sri Jakhau Panjrapol Trust & Gaushala**

**Dena Bank**, Mulund (W) Branch,
M.G. Road, Mulund West. Mumbai : 400080.
A/C # SB – 00 94 100 30 652
IFSC Code: BKDN 046 00 94.

Naliya - Kutch :
**Dena Bank**, Naliya Branch. Kutch
A/c # 107110001096
IFSC - BKDN 0331071

લિ. **શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળાના ટ્રસ્ટીઓ વતી**
મેનેજીંગ ટ્રસ્ટી : **મહેન્દ્ર દેવજી ખોના** (મુંબઈ – થાણા) • મો.: 93239 17075 • ઈમેલ : mdkhona@hotmail.com
**તા.ક.: ઑડિટ રિમાર્કના કારણે શ્રી અરિહંત બેંકનું ઍકાઉન્ટન્ટ બંધ કરેલ છે.**

# SHETH NARSHI NATHA CHARITY TRUST FUND

309 / 311, NARSHI NATHA STREET, KHAREK BAZAR, MUMBAI - 400 009.


## અબડાસા (કચ્છ) મધ્યે દુષ્કાળની પરિસ્થિતી

આ વર્ષ દરમ્યાન અબડાસા (કચ્છ) મધે ખુબજ નજીવો વરસાદ પડતાં દુષ્કાળની પરિસ્થિત સર્જાઇ છે. પાણી તથા પશુઓ માટેના ઘાસચારાની અત્યારથી ખેંચ / તંગી ની શરૂઆત થઇ ગયેલ છે. આ પ્રવર્તિત દુષ્કાળની પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને શેઠશ્રી નરશી નાથા ચેરિટી ટ્રસ્ટ ફંડ તરફથી અબડાસા તાલુકાના પાંજરાપોળોને નીચે મુજબનું અનુદાન આપવાનું નક્કી કરેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | નલિયા પાંજરાપોળ | રૂા. ૧,૨૫,૦૦૦/- |
| ૨. | જખૌ પાંજરાપોળ | રૂા. ૧,૨૫,૦૦૦/- |
| ૩. | તેરા પાંજરાપોળ | રૂા. ૧,૨૫,૦૦૦/- |
| ૪. | કોઠારા પાંજરાપોળ | રૂા. ૧,૨૫,૦૦૦/- |
| ૫. | સુથરી પાંજરાપોળ | રૂા. ૧,૨૫,૦૦૦/- |

ઉપરોક્ત સંસ્થાના પદાધિકારીઓએ અનુદાનની રકમ શેઠશ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડની મુંબઈ ઓફિસનો સંપર્ક કરી અને ચેક મેળવી લેવા વિનંતી.

એજ લી.

### શેઠશ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ

શ્રી મોતીચંદ લાલજી ખોના  શ્રી કલ્યાણજી ચાંપશી છેડા  શ્રી નરેશ ભવાનજી મોમાયા

શ્રી પ્રતાપ પદમશી લાલકા  શ્રી વિજય વર્ધમાન ખોના  શ્રી સમીર લક્ષ્મીચંદ નાગડા

શ્રી વિરેન્દ્ર ભવાનજી લોડાયા



ના

જય જિનેન્દ્ર



॥ શ્રી શાંતીનાથાય નમઃ ॥

# શ્રી પારોલાતિર્થ માં ચાતુર્માસ દરમ્યાન પપ દિવસીય થયેલ આરાધનાની ઝલક

શ્રી મહારાષ્ટ્ર રાજ્યે ખાનદેશ વિભાગે શ્રી પારોલા તીર્થની પવિત્ર ધરાઉપર વિશ્વશાંતી દાયક ત્રિલોકનાથ શ્રી શાંતીનાથ જિન પ્રસાદે આષાઢ સુદ૧૪ બુધવાર તા. ૨૫/૭/૨૦૧૮ થી ભાદરવા સુદ ૭ શનિવાર તા. ૧૫/૯/૨૦૧૮ ૫૫ દિવસીય આરાધના સાથે મહા પયુષણ પર્વની ઉજવણી તપચક્રવતી અચલગચ્છાધિપતી શ્રી ના આજ્ઞાવર્તિની શાસન પ્રભાવિકા પરમ વિદુષી સાધ્વીજી પ.પૂ. શ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદીઠાણા ૪ ની નિશ્રામાં ભારત ભરમાંથી ૧૦૦ આરાધકો પારોલા તીર્થ આવ્યા હતા.

પ.પૂ. ગુરૂ ભગવંતોની નિશ્રામાં રાઇપ્રતિ કમણ, સંતિકરના અભિષેક, પ્રક્ષાલ, પૂજા, દેવવંદન, સ્નાત્રપૂજા, સમુહમાં શત્રુંજયતપની ક્રિયા, ભક્તામર પાઠ, શ્રી શત્રુંજય લધુકલ્પ, દાદાગુરૂ ઇક્કિસા, ઋષિમંડલસ્તોત્ર, ગુરૂવંદન, વ્યાખ્યાન, રોજની અવનવી આરાધના બાદ એકાસણા, આયંબિલ, બપોરે શા , નવસ્મરણપાઠ, જ્ઞાનસાથે ગમ્મત, ક્વીઝ, હાઉજી પેપર, સિદ્ધચક્રની આરાધના, સાંજે સંધ્યા, ભક્તિ, દેવવંદન, પ્રતિક્રમણ, રાત્રીભાવના આરતી મંગલ દીવો આ રોજનું નિત્યક્રમ ચાલતું. દર શનિ-રવિવારના પંચકલ્યાણક પૂજન દાદાગુરૂ શ્રી આર્યરક્ષિત સૂરીશ્વરજી મ.સા. ની જન્મતીથીએ ગુરૂ પાદુકા પૂજન, વર્ધમાન શક્રસ્તવ અભિષેક, ભક્તામરપૂજન, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, ૪૫ આગમ પૂજન આરીતે વિવિધ, અનુષ્ઠાનો થયા. સાથે પ્રભુભક્તિ રમઝટ પણ સારી ચાલતી. રોજ એકાસણા બ્યાસણા આયંબિલ, ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઇ તપની આરાધના ભાવિકોએ શાતાપૂર્વક કરેલ. બકરી ઇદના દિવસે ૮૧ આયંબિલની તપસ્યા થયેલ.

તા. ૧૫/૮/૨૦૧૮ ની પારોલા મહાજનશ્રી માજી પ્રમુખો ના આદરાંજલી સભા, શ્રી નવકારમંત્ર જાપ સાથે ત્રણે દિવંગતશ્રીઓના ફોટાનું અનાવરણ તથા મરણોત્તર માનપત્ર અર્પણ કાર્યક્રમ માં જ્ઞાતિના અગ્રણીયો પ્રમુખ અતિથી વિશેષ સાથે ત્રણસો ભાવિકો હાજર રહેલ. શ્રાવણ વદ ૧૩ ગુરૂવાર થી પર્વ પર્યુષણ ની શરૂવાત થતાં. ગામે ગામથી ભાવિકો સાથે આરાધકો મળી. ૨૨૫ શ્રાવક-શ્રાવિકા પારોલા તીર્થે પધાર્યા હતા. પર્વની આરાધના બહુજ ભાવભક્તી સાથે આત્મીયતાથી કરેલ. પોથી તથા સંતિકરં અભિષેક શા. દામજી શામજી પોલડીયા (ગોએરસમા) પરિવારે લાભ લીધેલ. રાત્રી જાગરણ બહુજ ઉલ્હાસપૂર્વક ભક્તી કરેલ. સવારના ૮.૩૦ કલાકે રથ યાત્રા સાથે પોથીનો વરઘોડો સાથે ગુરૂભગવંત સાજન મહાજન ધર્મપ્રભાવના કરેલ. કલ્પસુત્ર પ.પૂ. ગુરૂભગવંતોને વહોરાવેલ પાંચ જ્ઞાનપૂજન કરી કલ્પસૂત્ર વાંચન થયેલ. ભાદરવા સુદ ૨, સ્વપ્નદર્શન, મહાવીર જન્મ વાંચન કરી. પ્રભુનુંપારણું માતુશ્રી સેવંતીબાઇ વર્ધમાન લોડાયા (કોઠારા) પરિવારે બહુંજ ઉમંગથી પધરાવેલ. રાત્રી જાગરણ ભક્તીભાવના સાથે રમઝટ કરેલ. સ્વપના સાથે પારણાના ચઢાવા ૨૩૩૫૦૦ મણ થયેલ છે. પર્વ પર્યુષણ મહાપર્વ માં ૩૨ ઉપવાસ, ૪ સોળ ઉપવાસ, ૧૧ ઉપવાસ, ૧૨ અઠ્ઠાઇ તપ, અઠ્ઠમ, છઠ્ઠ તપ, આયંબિલ, એકાસના-બેઆસણા સાથે અક્ષયનિધી તપની આરાધના બહુંજ શાતાપૂર્વક થયેલ. ભાદરવા સુદ ૪, ગુરૂવારનાં શ્રીસંઘ તરફથી તપસ્વીઓંના બહુમાન માતુશ્રી હિરાવંતીબેન તલકચંદ નાગડા અમલનેર પરિવારે લાભ લિધેલ. તનમન ટુર ઍંડ ટ્રૅવ્હલ્સ વાલા તરફથી તપસ્વીઓની સમ્મેત શિખર યાત્રાના આયોજન કરેલ તેમાં લકી ડ્રો તપસ્વી માતુશ્રી પુષ્પાબેન

અમરચંદ ગડા (રાયણ) બોરીવલી નુ નામ જાહેર થયેલ. શાલીભદ્રપેટી લાભાર્થી શા. દામજી શામજી પોલડીયા (ગોએરસમા) પરિવારે લાભ લિધેલ. ભાદરવા સુદ ૫, સંવત્સરીનાં દિને બારસાસુત્ર ગુરૂભગવંતોને વહોરાવાનુ લાભ શા. દામજી શામજી પોલડીયા પરિવારે લિધેલ. પાંચ જ્ઞાનપૂજન સાથે બારસાસુત્રનાં પાના દર્શનનો લાભ માતુશ્રી વિજયાબાઇ શિવજી શિયાળ, ડોંબીવલી તેરાવાલાયે લિધેલને સંઘને પાનાદર્શન કરાવેલ. બારસાસુત્ર વાંચન ગુરૂભગવંતોએ બહુંજ ભાવથી વાંચી સંભળાવેલ. ભાવિકોએ ખુબજ ભાવભક્તી શ્રદ્ધાસાથે આત્મીયતાથી સાંભળેલ. બારસાસુત્રની આરતી મંગળદિવા નો લાભ મા. હિરાવંતી તલકચંદ નાગડા, વેલબાઇ ઠાકરસી મોતા લિધેલ. ચૈત્યપરિપાટીનાં સંઘપતી શ્રી. અશોક લાલજી પોલડીયા જલગામ લાભ લઇ સંઘને ચૈત્યપરિપાટી કરાવેલ. બપોર અને સાંજના સંવત્સરી પ્રતિક્રમણ કરી રાત્રે ભાવનાની રમઝટ કરેલ. ભાદરવા સુદ ૬ સવારનાં દ્વાર ઉદ્‌ઘાટન શા. દામજી શામજી પોલડીયા પરિવારે લિધેલ. તપસ્વીઓંના પારણાનો લાભ માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ લાપસીયા નાંદેડ વાલાએ બહુંજ ઉત્સાહ-ઉમંગ, ભાવથી તપસ્વીઓંના પારણા કરાવેલ. ૧૦ વાગે સવારના સામુદાયિક ક્ષમાપણા સાથે જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરસીનાથા ફોટાને માલા અર્પણ કાર્યક્રમ શુરૂવાત કરતાં પહેલા ગુરૂભગવંતોએ માંગલિક સંભળાવેલ. મંચ સ્થાપના શ્રી. કાંતીલાલ દામજી પોલડીયા ભુસાવલ, મુંબઇ મહાજનશ્રીના માનદમંત્રી શ્રી. રમેશ હિરજી લોડાયા ડોંબિવલી, નલિન પદમશી પીર ડોંબિવલી, હર્ષદ લક્ષ્મીચંદ લાપસિયા નાંદેડ, હરેશ અમરચંદ ગડા બોરિવલી, અતિથી વિશેષ તરિકે સ્થાન ગ્રહણ કરેલ. ચિ.કુ. ઉર્વી અને પુજા કિશોર લોડાયા અમલનેર એ સ્વાગતગીત થી સ્વાગત કરેલ. પ્રસ્તાવના શ્રીસંઘ તરફથી કરીને અતિથી વિશેષ મહાનુભઓનું બહુમાન શ્રીસંઘ તરફથી કરેલ. મહાનુભાવો પોતાનાં મંતવ્યો રજું કરીને તપસ્વીઓ-આરાધકો સાથે શ્રીસંઘની અનુમોદના કરી પ્રશંસા કરેલ. જ્ઞાતિશિરોમણી શેઠશ્રી નરસી નાથાના ફોટાને માલાઅર્પણ પારોલા યુવક મંડળે લાભ લિધેલ. સામુદાયિક ક્ષમાપના કરેલ.

શ્રીસંઘના દરેક કાર્ય જેવા સાધર્મિક ભક્તિ, ધાર્મિક અનુષ્ઠાન, તપ, સ્વપ્ન ચઢાવા, પોથી પારણા, દ્વાર ઉદ્‌ઘાટન, ચઢાવા સાથે ભક્તિમાં તન-મન-ધન થી સહકાર્ય કરી શ્રીસંઘના મુકુટમણી બની દાનવીરોએ જે પોતાની લક્ષ્મીનું સદ્‌પયોગ કરી ઉદારતાથી સહકાર્ય કરેલ તે દરેકનું શ્રીસંઘ અંતપૂર્વક સાથે આત્મીયતાથી અનુમોદના સાથે આભાર વ્યક્ત કરે છે.

આવાસ અને ભોજન શાળા યોજનામાં પોતાના કાર્ય સમજીને સંઘના ૫૫ દિવસ ના કાર્યમાં મહેશભાઇ જવેરચંદ લોડાયા પારોલા, ચેતનાબેન પિતાંબર ખોના ખંડવા, જયાબેન ગુલાબચંદ ડાગા અમલનેર સાથે વિજયભાઇ મૈશેરી (બેલ્લારી) જલગામ, નિલેશ તારાચંદ લોડાયા અમલનેર, વિજયભાઇ ટોકરસી નાગડા શિરપૂર, શૈલેંદ્ર નારાણજી નાગડા જલગામ, સૌ. પુષ્પાબેન ચંદુલાલ ડાઘા પારોલા, ચંદનબેન કુવરજી ખોના પારોલા, વિજયાબેન દિપક પોલડીયા ભુસાવલ. સૌ. નિર્મલાબેન કાંતીલાલ પોલડીયા ભુસાવલ, રતનબેન જવેરચંદ લોડાયા પારોલા જેમણે અમુલ્ય સમય આપી સંઘને સહકાર્ય કરેલ તેબદ્દલ અંતપૂર્વક આભાર વ્યક્ત કરી અનુમોદના કરે છે. તેમજ સાઉંડ સિસ્ટમ, સંગીતકાર, આયંબિલ, સાધુ-વૈય્યાવચ્છ, આંગી, પાણી વગૈરેની વ્યવસ્થા દરેક સેવાભાવી ભાઇઓ, પારોલા સ્થાનિક શ્રાવક-શ્રાવિકાઓ સાથે જલગામ, અમલનેર, પાચોરા, ભુસાવલ, ધુલીયા, ચોપડા, શિરપુર, મુંબઇ ના શ્રાવક-શ્રાવિકાએ શ્રીસંઘમા નિસ્વાર્થ ભાવે તન-મનથી સેવા આપેલ જેમને બે મહિના પારોલામા રહી શ્રીસંઘના વીર સૈનિક બની શ્રીસંઘની શોભા વધારેલ શ્રીસંઘ એમની અંતપૂર્વક અનુમોદના કરે છે. શ્રીસંઘના મેહતાજી દિલીપભાઇ, પૂજારી નવીનભાઇ, કર્મચારી વર્ગ એમનેપણ તન-મનથી સેવા આપી અને શ્રીસંઘને સહકાર્ય કરેલ.

શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ જય જય શ્રી અનંતનાથ

।। શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રી મુખ હુજૂર ।।

# શ્રી જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિર

શ્રી પુજ મહારાજ રોડ, ભુજપુર, કચ્છ - ૩૭૦ ૪૦૫.

ફોન નં. ૦૯૯૬૯૧ ૮૪૩૭૭

## ૨૩મા વરસ મહાકાલીદેવી પૂજન - પહેડી ઉત્સવે આમંત્રણ

**મહાકાલી મા એવા રસીયા સૌને બોલાવે ઘડી ઘડી**

અચલગચ્છના દેવીશ્રી **મહાકાલી માતાજીના ૨૩મા વરસ ભક્તિ ઉત્સવ** સં. ૨૦૭૪ આસો સુદ ૬ **રવિવાર, તા. ૧૪-૧૦-૨૦૧૮ સવાર ૮ થી ૨, ઘાટકોપર શ્રીમતી ઝવેરબેન સભાગૃહ રાષ્ટ્રીય શાળા** સ્થાને રાખેલ છે.

## ૨૩મા ઉત્સવના દાતા પરિવાર

**માતુશ્રી મીઠીબાઇ મણીલાલ ટોકરશી ખોના** (સુથરી)

**માતુશ્રી ધનબાઇ લાલજી પદમશી ધરમશી** (સુથરી)

હસ્તે : **અ.સૌ. હેમલતા અશ્વિન ખોના** (ઘાટકોપર – સુથરી)

**સવાર ૮ થી ૧૦.૩૦ પૂજન, ૧૦.૩૦ દશવિધ પૂજા, ૧૧.૦૦ પહેડી - આરતી, ૯.૦૦ થી ૧.૦૦ ભક્તિ સંગીત, ૧૧.૦૦ થી ૨.૦૦ દર્શન-વંદન-પ્રસાદ**

**હમેંશાની જેમ ભાવિકો ને પધારવા આત્મીય આમંત્રણ.**

ભક્તિ સંગીત **શ્રી કિશોર મનરાજા, શ્રી હંસકુમાર મૈશેરી, શ્રી મુકેશ મૈશેરી, અન્ય કલાકારો**

## ૨૩મા વરસના દાતા પરિવારો, યતિશ્રી મંદિર - ટ્રસ્ટ થી ભાવભર્યું આમંત્રણ પધારશો

**શ્રી મહાકાલી ભક્તિ ઉત્સવ ૨૪મું વરસ, સાથે યતિશ્રીનો (૭૫) અમૃત જન્મોત્સવ ભાંડુપ. શ્રી મેવાડ કેશરી ભવન વસંત પંચમી ૨૦૭૫ મહાસુદ ૫ રવિવાર તા.** ૧૦-૨-૨૦૧૯ સવારના ૮ થી ૩. સૌ માના ભાવિકો-ગુરૂભક્તો, દેવ-ગુરૂના ઉત્સવે અગ્રીમ આમંત્રણ ૨૪મા વરસ પહેડી ભક્તિ ઉત્સવ વિશેષ રીતે ઉજવાશે. આપને દાતા રીતે લાભ લેવા આમંત્રણ. લાભાર્થી સહાયક દાતા રૂા. ૧૨૪૦૦૦/- એક લાખ ચોવીસ હજારથી. આપની ભાવના મુંબઇ યતિશ્રી, અનંતનાથજી મુલુંડ શ્રી મુકેશ મૈશેરી, શ્રી હંસકુમાર મૈશેરી ને જણાવી શકશો. દેવ-ગુરૂના ભક્તિ ઉત્સવે લાભાર્થી દાતા થવા આમંત્રણ.

**સવાર ૮ થી ૧૦.૩૦ મહાપૂજન, ૧૦.૩૦ થી ૧૧.૩૦ ગુરૂભક્તિ સંગીત સાથે, ૧૧.૩૦ પહેડી આરતી, ૧૧.૩૦ થી ૨.૩૦ દર્શન-વંદન-પ્રસાદ અને સાધર્મિક ભક્તિમાં સૌ પધારશો.**

**શ્રી પૂજ શ્રી જિનેન્દ્ર સૂરિ સ્મારક ટ્રસ્ટ - મંદિર ટ્રસ્ટી ભાવેશ લોડાયા સાથે ઉત્સવના આયોજકોના જય જય મહાકાલી મા. જય ગુરૂદેવ**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી કચ્છ પરજાઉ જૈન મહા. ટ્રસ્ટ ફંડ – પર્યુષણ

અત્રે શ્રી ચન્દ્રપ્રભ સ્વામી તથા શ્રી શીતલનાથ દાદાની છત્રછાયામાં પર્યુષણ પર્વ હર્ષોલ્લાસ થી ઉજવવામાં આવ્યો. મુંબઇ તથા દેશાવરથી બહોળી સંખ્યામાં પરજાઉવાસીઓ પધારેલ. કલ્પસુત્ર (પોથી) માતુશ્રી ભચીબાઇ ચન્દ્રજીભાઇ દંડ પરિવાર હસ્તે શ્રી ગુલાબભાઇ ધનજીભાઇ દંડનાં ઘરે પધરાવવામાં આવેલ. દરરોજ પ્રભુજીની આંગી રચના તથા ભાવના પ્રતિક્રમણ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવેલ. શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ તરફથી બે બહેનો આરાધના કરાવવા આવેલ. સ્વપ્નાનું ઘૃત મણ ૩૫૦૦૦/- મણ થતા કુલ ઘૃત મણ ૩૮૦૦૦, થયેલ. પારણું શ્રી જૈન મિત્ર મંડળ તરફથી પધરાવવામાં આવેલ. માતુશ્રી કાન્તાબાઇ ઠાકરસી લોડાયા – પરજાઉ – અમદાવાદ તરફથી ભગવાનોની આંગી તથા મુગટ માટે સીલ્વર (ચાંદી) કી.ગ્રા.-૫ ટ્રસ્ટને ટ્રસ્ટીઓની હાજરીમાં સુપ્રત કરેલ.

### પર્યુષણ પર્વ – બાગલકોટ

પર્યુષણ આરાધના કરાવવા મુંબઇથી તપસ્વી શ્રી ચન્દ્રકાંત ગોશર (ડૂમરા-ઘાટકોપર) તેમજ શ્રી હરીશભાઇ ભેદા (મેરાઉ-મુલુંડ) થી પધાર્યા હતા. કલ્પસુત્ર ઘૃતમણ એકસોઆઠ માં શ્રીમતી ચંદનબાઇ ચીમનલાલ સોની એ પધરાવેલ અને પ્રભુજીનું પારણું ઘૃતમણ સત્તાવીસમાં સૌ. ખુશાલી ખુશાલ (જલગામ)એ પધરાવેલ. ટોટલ સ્વપ્નાનું ઘૃતમણ ચારહજાર આઠસો દસ મણ થયું.

### પર્યુષણ પર્વ બડગરા – કેરાલા

પર્યુષણ પર્વ રૂડી રીતે ધર્મ આરાધના સાથે ઉજવાયો. વાંચન માટે મુંબઇ આર્યરક્ષિત વિદ્યાપીઠમાંથી મનીષાબેન દીલીપભાઇ નાગડા, તેમ જયશ્રીબેન જયેશ દેઢીયા પધારેલ. શ્રી કલ્પસુત્ર પધરાવવાનો લાભ ૧૨૬ મણમાં માતુશ્રી હીરાવંતીબાઇ પ્રેમજી લોડાયા પરિવાર તેમ પ્રભુજીનો પારણો ૧૦૧ મણમાં શ્રી પ્રવિણચંદ્ર દયાશંકર આચાર્ય પરિવાર એ પધારેલ.

સ્વપ્નાનો ઘૃત ૨૫૯૬૦ મણ તેમ કુલ ૩૨૪૫૮ મણ થયેલ. બારસા સુત્ર વહોરાવવાનો લાભ માતુશ્રી ધનબાઇ નરશી કાનજી દંડ છટ્ઠના દ્વાર ખોલવાનું લાભ શા. વેરશી લધાભાઇ પોલડીયા પરિવાર એ લીધેલ. છટ્ઠના ''સામુહિક ક્ષમાપના'' બાદ શ્રી સ્વામી વાત્સલ્ય સંઘ જમણ સંઘ તરફથી થયેલ.

તપસ્યામાં સીધ્ધી તપ શ્રી વસંત શીવજી પોલડીયા તેમ અટ્ઠાઇ અ.સૌ. રેખાબેન કાંતીલાલ દંડએ કરેલ. સંઘ ચૈત્યપરિપાટી સાંગલી ગયેલ. ત્યાં પૂ. મુનિપ્રવર ગુરૂદેવ શ્રી દર્મપ્રભસાગરજી મ.સા., પૂ. મુનિશ્રી રાજશેખર સાગરજી મ.સા., પૂ. મુનિશ્રી ધર્મશેખર સાગરજી મ.સા. વંદન કરલે. સૌએ ઉમંગથી ભાગ લીધેલ.

### શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણા દ્વારા ટ્રસ્ટની શરૂઆત થયેલ તેમજ પ.પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. આશિર્વાદ અને માર્ગદર્શનથી ટ્રસ્ટ સમાજ સેવાના કાર્યો ખૂબજ સફળતા પૂર્વક કરી રહેલ છે.

દર બુધવારના ગરિબોને ભોજન કરાવવામાં આવે છે. તેમના કાયમિ દાતા : ૧) ખુશાલચંદ કલ્યાણજી પોલડિયા (હસ્તે રેખા પોલડિયા - પાચોરા), ૨) ચિ. મનોજના સ્મરણાર્થે (ભારતીબેન મણિકાંત લોડાયા, મસ્જિદબંદર), ૩) માતુશ્રી લક્ષ્મીબેન લક્ષ્મીચંદ ખોના (એલ.જી.શાહ, હુબલી), ૪) દમયંતિબેન પદમશી ખોના (કોચિન), ૫) ઉત્તમચંદ મેઘજી દંડ (તેરા), ૬) આશિષ ઉત્તમચંદ મૈશેરી (હસ્તે ઇદુંમતિબેન મૈશેરી (મુંબઇ), ૭) ધનજી રતનશી નાગડા (હસ્તે રૂપેશ ધનજી નાગડા, પાચોરા), ૮) હિરાચંદ દામજી દંડ (મુંબઇ), ૯) પુષ્પાબેન હિરજી ખોના (ડોંબિવલી), ૧૦) વેજબાઇ ગોવિંદજી નાગડા (ખામગામ), ૧૧) માતુશ્રી સોનબાઇ વિશનજી દામજી લોડાયા (વરાડિયા), ૧૩) પુષ્પા પી. શાહ (મુલુંડ). નકરોના દાતા : ૧) હેમલ વિજય પોલડિયા (ચાલીસગામ).

### શ્રી કાંજુરમાર્ગ જૈન સંઘ પર્યુષણ પર્વ

મુંબઇ મહાજન અને મુંબઇ ટ્રસ્ટના સહયોગથી કાંજુરમાર્ગમાં પર્યુષણ પર્વ હર્ષોલ્લાસ અને ધામધુમથી ઉજવાયું. આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠની બહેનોએ સારી ધર્મ આરાધના કરાવી. પોથીનો વરઘોડો, બારસા સુત્ર વાંચન, પારણાના જાગરણ વગેરે કાર્યક્રમો સારી રીતે ઉજવાયા. મહાવીર સ્વામી સ્વપ્ન વાંચનની બોલીની

બાગડોર વિપુલ ખોના લાભાર્થી પરિવાર, કરિશ્મા કેતન કિશોર નાગડા, રંગપુર થયું. પ્રથમ વખત કાંજુરમાર્ગ જૈન સંઘના કમીટીના મેમ્બરો સુર્યા નાગડા, નીલીમા લોડાયા, કાર્યકરો જેવા કે ખુશાલ નાગડા, ભવ્યા લોડાયા, કરિશ્મા નાગડા, મીનલ ખોના, શીલ્પા દંડ, જયશ્રી લોડાયા વગેરેનો સાથ મળ્યો.

## કાંજુરમાર્ગ જૈન સંઘ ચૈત્ય પરિપાટી

કાંજુરમાર્ગ થી શાહપુર, દેવલાલી, ધર્મચક્ર આ ધાર્મિક તીર્થ પર ચૈત્યપરિપાટીનું આયોજન ૨૩-૯-૨૦૧૮ના કરવામાં આવ્યુ હતું સાધ્વી શ્રી જયદર્શિતા મ.સા. અને હિમાંશુ મ.સા.ના આશિર્વાદ લેવા અને પર્યુષણ પર્વના કર્તવ્ય રૂપે ચૈત્યપરિપાટીમાં ૩૦ જણ જોડાયા હતી. સવારની નવકારશી માણેકજી લાલજી સોની હસ્તે જયાબેન. બપોરનું જમણ વસુમતીબેન લક્ષ્મીચંદ લોડાયા હસ્તે માલતીબેન લોડાયા. સાંજનું ચૌવિહાર શા. કિશોર લાલજી નાગડાએ લાભ લીધેલ હતો.

## શ્રી ક.દ.ઓ. મહિલા મંચ, ખામગામ-શેગાવ

આ વરસે મંચ દ્વારા વિવિધ ફુલોના નામથી ૪-૪ સભ્યોના ગ્રુપ બનાવામાં આવ્યા છે. સપ્ટેમ્બર મહિનામાં મોગરા ગ્રુપ દ્વારા ન્યુટ્રીશીયન સપ્તાહને લક્ષમાં રાખીને ડાયટીશીયન ડૉ. પૂજા તેરેદેસાઇને માર્ગદર્શન માટે બોલાવવામાં આવેલ. જેમાં આજકાલની જનરલ સમસ્યા બી.પી., થાયરોઇડ, સંધીવાત, એસીડીટી, એનીમીયા, મોનોપોઝ અને પીસીઓડી જેવી બીમારીમાં શું કરવું એની ચર્ચા કરી. સુંદર સમજણ આપેલ સાથે સાથે યોગ્ય આહારનું પણ બહુમૂલ્ય માર્ગદર્શન આપ્યું. ત્યારબાદ ઓપન શેસનમા વિવિધ પ્રશ્નો પૂછી તે સભ્યોની શંકાનું સમાધાન. ગ્રુપના સદસ્ય સંચાલન કે પ્રસ્તાવના સૌ. અશ્વીની વીકમશી દ્વારા, ફુલથી સ્વાગત સૌ. જયાબેન લોડાયા દ્વારા ડૉ. ને મોમેન્ટો શ્રીમતી ગીતીકાબેન વીકમશી અને આભાર પ્રદર્શન સૌ. વર્ષા લોડાયા દ્વારા કરવામાં આવેલ.

## શ્રી સુથરી તીર્થમાં પર્યુષણ પર્વની ઉજવણી

તપચક્રવર્તી સંઘ શિરછત્ર પૂ. આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પૂ.સા.શ્રી ચંદ્રશાશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ.સા.શ્રી મહાયશાશ્રીજી મ.સા.ના સાનિધ્યમાં પર્યુષણ પર્વ મહોત્સવની ઉજવણી થયેલ જેમાં મુંબઇ, ઉજ્જૈન, બેંગલોર વગેરેથી સુથરી મહાજનના ૭૫ સભ્યો તથા સ્થાનિકે ૩૦ સભ્યો મલી ૧૦૫ જણાએ પર્યુષણ પર્વની આરાધના કરેલ. જેમાં સવારના ભક્તામરથી માંડી વ્યાખ્યાન, જાપ, પ્રતિક્રમણ તથા રાત્રી ભાવનામાં સૌ કોઇ જોડાયેલ રહ્યા હતા. સુથરી સંઘના વિવિધ દાતાઓ તરફથી સવાર-બપોર-સાંજ સાધર્મિક ભક્તિ કરાવવામાં આવેલ.

કલ્પસુત્ર ઘરે પધરાવવાનું લાભ મા. મધુબેન સોમચંદ વિશનજી મોમાયા તથા પારણું ઘરે પધરાવવાનો તથા બારસાસુત્ર વહોરાવવાનો લાભ મા. તેજબાઇ વિશનજી ઘેલાભાઇ છેડા પરિવારે લીધેલ. ઘૃત ઉછામણી કુલ ૧૬૩૯૬૮ મણ થયેલ.

સિધ્ધિતપ આરાધક શ્રી કુલીનકાંત પદમશી પીર, અઠ્ઠાઇ તપમાં મધુરીબેન દામજી નાગડા તથા કલ્પનાબેન લધુભાઇ હેફાએ તપસ્યા કરેલ. અન્ય તપસ્વીઓએ આયંબીલ, એકાસણા કરેલ.

મહાજનશ્રીની જનરલ મીટીંગમાં શ્રી હેમાંગભાઇ રાયચંદ ધરમશીને ટ્રસ્ટીપદે નિયુક્ત કરવામાં આવ્યા તથા ટ્રસ્ટ બોર્ડ આ સભામાં જાહેર કરેલ. હવેથી ટ્રસ્ટીઓની નિમણુંકની જાણ ટ્રસ્ટ બોર્ડ જનરલ સભાને વખતો વખત કરશે. જે વાતની જનરલ સભાએ બહાલી આપી હતી. તથા ટ્રસ્ટ બોર્ડ પોતાના હાથ નીચે ૧૧ કુશળ લોકોને પસંદ કરી પોતાની રીતે જ સંસ્થાના કાર્યમાં જોડતું રહેશે અને એ રીતે તેમને ભવિષ્યના ટ્રસ્ટી તરીકે તૈયાર કરશે.

## ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન - જખૌ

મુંબઇ મહાજન તરફથી ૧૦૦ જણા ચૈત્યપરિપાટી અર્થે દરેક દેરાસરોને જુવારવા તેમજ આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.નો ચાતુમાસીક વંદન કરવા નીકળેલ સંઘ ૨૩-૯-૨૦૧૮ના જખૌ ગામે બપોરે પધારેલ. જખૌ વાસીઓએ જોરદાર સામૈયો કરેલ. એક બીજાને મિચ્છામિ દુક્કડમ્ કરેલ. દેરાસરમાં દર્શન કરીને આનંદ કીરણા મ.સાને વંદન કરેલ. ત્યારબાદ ગામવાસીઓ સાથે વાર્તાલાભ કરતાં સાધર્મિક ભક્તિનો લાભ લીધેલ. તીલક હેમરાજ શિયાલે (પ્રતીક કેટરર્સ) રસોઇ માટે પોતાની ફ્રી કેટરીંગ સર્વીસ આપેલ.

## ક.દ.ઓ. જૈન મહાજનશ્રી દ્વારા ચૈત્યપરિપાટી

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ દ્વારા દાતા માતુશ્રી માનબાઇ પદમશી વિકમશી હસ્તે અનીલાબેન હરીશ વિકમશીનાં સહયોગથી ગઢશીશા, કોટડા રોહા, રાયણ, તલવાણા, મોટા આસંબિયાની ચૈત્યપરિપાટી યોજાઇ હતી. જેમાં ૮૫ ભાવિકો જોડાયા હતા. ગઢશીશા મધ્યે જિનાલયમાં દર્શન કરી તપસ્વીરત્ન અચલ-ગચ્છાધિપતિ પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.નાં ૮૭મા જન્મદિન ઉજવણી કાર્યક્રમમાં ભાગ લઇ,

તેઓને વંદન કરી અન્ય ચારે ગામોનાં જિનાલયોનાં દર્શન કરી તેમજ બિરાજમાન શ્રમણ-શ્રમણીવૃંદને વંદન કરવામાં આવેલ. સંઘમાતા શ્રીમતિ અનીલાબેન હરીશ વિકમશીનું પાંચે ગામોના શ્રી સંઘો દ્વારા બહુમાન કરવામાં આવેલ. પાંચે ગામોમાં બિરાજમાન શ્રમણ-શ્રમણીવંદે પ્રેરણાદાયી પ્રવચનો આપેલ.

ભુજ મહાજન શ્રી દ્વારા દાતા પરિવારનાં હરીશ તથા અનિલાબેન વિકમશીનું બહુમાન કરી તેઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવેલ.

વ્યવસ્થામાં પ્રબોધ મુનવર, ખુશાલ લોડાયા, હીરાચંદ છેડા, તુષાર જૈન, પંકજ નાગડા, અભય ધરમશી, પારસ ડાઘા, હેમંત છેડા તથા સર્વે કાર્યકર ભાઇ-બહેનોએ સહકાર આપ્યો હતો.

## અગાશી તીર્થ - વિરાર (વેસ્ટ)

પૂ. મુનીરાજ શ્રી ચૈત્યરક્ષીતસાગરજી મ.સાહેબે અગાશી તીર્થ-જયેશ ભુવનમાં પર્યુષણ પર્વની સુંદર આરાધનાઓ કરાવી. ઉત્તમ વ્યાખ્યાનો આપ્યા. ઘણી બધી તપસ્યાઓ યુવાન વર્ગે કરી હતી. આપણી જ્ઞાતિના બે યુવાનો ૧) ચી. મીત યોગેશ મુનવર (જખૌ) અને ૨) ચી. પ્રતિક એમ. લોડાયા (અગાશી) બન્ને એ અઠ્ઠાઇઓ કરી હતી. સંઘને રસોડે એકાસણાની વ્યવસ્થા અને સંઘનો સાધર્મિક ભક્તિ સંઘે કરાવી હતી. સંપૂર્ણ પર્યુષણ પર્વના ૧૦ દિવસનું સંચાલન શ્રી મુલચંદ હંસરાજ મુનવર - જખૌવાલાએ કર્યું હતું.

## શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. સાથે સાથે દર મહિનાના ત્રીજા રવિવારે શ્રી મેડચલ તીર્થ યાત્રી માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દિઠ માત્ર રૂા. ૫૦/- તથા બસના લાભાર્થીનો નકરો રૂા. ૫૧૦૦/- છે. આવા ઉત્કૃષ્ઠ આયોજનનો જરૂરથી લાભ લેશો તથા અન્યને પણ લાભ લેવા અનુમોદીત કરશો.

શ્રી ચૈત્યપરીપાટીનું આયોજન ૩૦-૯-૨૦૧૮ મર્યાદિત ૩ બસોનું આયોજન થયેલ. એક બસના લાભાર્થી ડૉ. વિશનજી ખીમજી કારાણી પરિવાર, બીજી બસના લાભાર્થી સ્વ. પ્રફુલભાઇ પ્રેમચંદ દોમડીયા હસ્તે દોમડીયા પરિવાર, ત્રીજી બસના લાભાર્થી એખ સદગૃહસ્થ પરિવાર.

## ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, નાગપુર

નાગપુર ક.દ.ઓ. આ સમાજની જનરલ મિટીંગ ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૮ના રાખવામા આવેલ જેમાં આગામી વર્ષ માટે સર્વાનુંમતે કાર્યકારિણીઓની નિમણુંકનો ઠરાવ પસાર કરવામાં આવ્યો. કાર્યકારિણીઓનાં નામો નીચે મુજબ છે. અધ્યક્ષ - સૌ. અંજના ચીમનલાલ પટેલ (મોતા), ઉપાધ્યક્ષ - શ્રી ચંદ્રકાંત વેલજીભાઇ પટેલ (પોલડીયા), મંત્રી - શ્રી નિખીલ અનિલ ખોના, સહમંત્રી - શ્રી પારસ હરીશ શાહ (લોડાયા), ખજાનચી - શ્રી નરેન્દ્ર મેઘજી શાહ (પોલડીયા), સભ્યો - ૧) શ્રી યોગેશ જીતેન્દ્ર દંડ, ૨) શ્રીમતી ડીમ્પલ પ્રમોદ ધરમશી, ૩) શ્રીમતી મધુ નીતિન મુનવર તથા સલાહકાર તરીકે શ્રી સત્યેન્દ્ર લોડાયા.

આ સભામાં મહિલા મંચની કાર્યકારિણીની પણ નિમણુંક કરવામાં આવી જે નીચે મુજબ છે. અધ્યક્ષ - સૌ. મધુબેન નિતીન મુનવર, ઉપાધ્યક્ષ - સૌ. તૃપ્તિ નિખીલ ખોના, મંત્રી - સૌ. કાજલ ખુશાલ પોલડીયા, સહમંત્રી - સૌ. ભાવિની યોગેન દંડ, ખજાનચી - સૌ. મોહિની તરૂણકુમાર મૈશેરી.

## શ્રી કચ્છી જૈન મહિલા મંડળ - કલકતા

૬-૭-૨૦૧૮ના રોજ લીલાવંતીબેનના ઘરે કોફીમીટ રાખવામાં આવેલ. બધાનું સ્વાગત કરેલ. ત્યારબાદ બે ગેમ્સ રમાડવામાં આવો. ગેમ્સમાં હીના શાહ, ગીતા શાહ, ગીતા શાહ ને પ્રાઇઝ મળેલ. ત્યારબાદ હાઉઝી રમી અલ્પાહાર લઇ સૌ છૂટા પડ્યા.

૧૪-૭-૨૦૧૮ના અષાઢી બીજ ગુણવંતીબેન શાહ તરફથી પાર્શ્વનાથ પંચકલ્યાણી પૂજા ભણાવવામાં આવેલ. સાંજના સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ. ત્યારબાદ સાધર્મિક ભક્તિ કરાવવામાં આવેલ. તેમણે રૂા.૨૦ પ્રભાવના કરેલ. મંડળને રૂા.૨૫૦૦/-ભેટ આપેલ.

૧૫-૭-૨૦૧૮ના રોજ કચ્છી નાટક નમે તે નાર થીયે બેડો પાર, નાટક બતાડવામાં આવેલ.

૧૬-૭-૨૦૧૮ના રોજ જયંતિબેન ધુલ્લાનું ઘરે જાપ રાખવામાં આવેલ. રૂા. ૨૦/- પ્રભાવના મંડળને ૫૦૦ રૂા. ભેટ આપેલ હતી.

## સાયંરા સમાચાર

પૂ. સા. શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પૂ. સા. શ્રી અનંતયશાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ની નિશ્રામાં નીચે મુજબ પૂજન થયેલ.

૧૭-૮-૨૦૧૮ શ્રાવણ સુદ ૭ શ્રી બુધ મહાગ્રહ પૂજન.
૧૮-૮-૨૦૧૮ શ્રાવણ સુદ ૮ શ્રી ગુરૂ મહાગ્રહ પૂજન.
૧૯-૮-૨૦૧૮ શ્રાવણ સુદ ૯ શ્રી શુક્ર મહાગ્રહ પૂજન સંગીતકાર નિશાબેન સંઘવીના સંગાથે પૂજન થયેલ.

## સાંયરા ગામે આદિનાથ દાદાની રૂડી મહેર છત્ર ડોલન થી સંઘમાં થઇ લીલા લહેર

૯૯ યાત્રામાં જોડાયા છે સૌ સવારના ૬ કલાકથી જય તળેટી પહોંચી જાય અને યાત્રાની શરૂઆત થાય માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા પરિવાર દ્વારા સંપૂર્ણ ચાતુર્માસની ઉજવણી થઇ રહી છે અને તેમના પરિવાર તરફથી ૧૮-૮-૨૦૧૮ના ગુરૂ ગૃહનું પૂજનનું આયોજન થયું જેમાં આદિનાથ પરમાત્માની ઉપર રહેલા ૩ છત્રો સવારના ૭ વાગ્યાથી હાલવા લાગ્યા જે એક ચમત્કાર થયો અને સૌના મનમાં આનંદ થયો. છેલ્લા બે દિવસ થી છત્રો ડોલન પ્રજ્ઞા હતા પણ શનિવારના દિવસે સૌની હાજરીમાં આ ચમત્કાર થયો છે. શુભ સૂચન કરી ગયું.

## મોટી સિંધોડી મુકામે મુંબઇ મહાજનશ્રીના પાવન પગલા...

૨૩-૦૯-૨૦૧૮ના બપોરે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઇનાં લાડીલા કર્ણધાર શ્રી કલ્પેશભાઇ મોતાની આગેવાની હેઠળ લગભગ ૧૦૦ જેટલા યાત્રાળુઓ મોટી સિંધોડી ગામે પધાર્યા. ઢોલ-વાજા સાથે જ્ઞાતિ અગ્રણીઓનું સાફા પહેરાવી ભાવભીનું સ્વાગત કરવામાં આવેલ. નેમીનાથ દાદાના દર્શન કર્યા બાદ મુંબઇ મહાજનના પ્રમુખશ્રી કલ્પેશભાઇ મોતા, ટ્રસ્ટીશ્રી કમલેશભાઇ સોની, માનદ્ મંત્રી શ્રી રમેશભાઇ લોડાયા, કારોબારી સભ્ય શ્રી હિતેશભાઇ નાગડા અને રાયચંદભાઇ જીવાણી, નરશી નાથા મેડીકલ ટ્રસ્ટનાં ટ્રસ્ટીશ્રી નરેન્દ્રભાઇ શિયાડ વગેરે મહાનુભાવોનું શાલ સાથે અભિવાદન કરવામાં આવ્યું. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી તિલકભાઇ લોડાયા, ટ્રસ્ટીશ્રી દિનેશભાઇ મૈશેરી, ટ્રસ્ટી શ્રી મુલચંદભાઇ મૈશેરી, પ્રમુખ શ્રીમતી હર્ષાબેન લોડાયા, કારોબારી સભ્ય શ્રી હેમાંગભાઇ લોડાયા અને શ્રીમતી વીણાબેન મોતા વગેરે મુંબઇથી ખાસ પધારેલ. શ્રી મુકેશભાઇ લોડાયાની અન્-ઉપસ્થિતિ હોવા છતાં જીવંત સંપર્ક દ્વારા સતત માર્ગદર્શન આપતા રહ્યા.

શ્રી ખુશાલભાઇ મૈશેરીના નુતન ગૃહે પગલા કરવાની તેમની વિનંતી સકળ શ્રી સંઘે સહર્ષ સ્વિકારી. સ્થાનિકે રહેતા શ્રી લહેરચંદભાઇ મૈશેરી, ગામના વડીલ શ્રી વાલજીભાઇ ગઢવી, શ્રી મેઘરાજભાઇ ગઢવી, માતુશ્રી ગોરબાઇ ગઢવી, શ્રી કાનજીભાઇ ગઢવી તથા શ્રી કાન્તિલાલ ગોરની વિશેષ ઉપસ્થિતિ રહી. ભચાઉથી અ.સૌ. કલ્પનાબેન મૈશેરી તથા મેહુલભાઇ ધરમશીની મહેનતે કાર્યક્રમને ચાર ચાંદ લાગ્યા. સંઘપતિ પરિવાર માતુશ્રી તારાબેન માણેકજી મોતા તથા શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશીની અનુમોદના કરવામાં આવી. દેરાસરના પુજારી શ્રી બળવંતભાઇના મોબાઇલ નં. 7573906740 છે.

## ડોંબિવલી વેલફેર ગ્રુપ

આજથી ૨૫ વર્ષ અગાઉ સ્વ. શ્રી વસંત લક્ષ્મીચંદ લાપસીયાએ શુભારંભ કરેલા આ મેડીકલ સેન્ટરમાં ડાયગ્નોસીસ માટેના ડૉક્ટર્સ તથા કો. ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી જેવી સુવિધા ઉપલબ્ધ છે. દર માસે આશરે ૨૦૦૦ થી વધુ દરદીઓ લાભ લે છે. ૮ જેટલી ફેકલ્ટીમાં ૧૪ જેટલા ડૉક્ટરો નિયત સમયાંતરે આવે છે. અહીં ડેન્ટલ ક્લીનીકમાં આવતા ૭ ડેન્ટીસ્ટો દ્વારા ખૂબ સારી સેવા અપાઈ રહી છે. આ સંસ્થાનું સંચાલન સ્વ. વસંતભાઈના સુપુત્ર ચિ. કેતન લાપસીયા દૈનિક પ્રવૃત્તિનું મેનેજમેન્ટ સંભાળે છે. તેમની સાથે શ્રી રાજેશ પ્રેમજી, શ્રી રમેશ સોની, શ્રી ચીમન ખોના ટ્રસ્ટી તરીકે ઉત્તમ સેવા આપે છે.

## અનંત પેથ લેબ

હાલે શ્રી રીતેશ કિશોર કાયાણી 98219 15642 તેનું સંચાલન સંભાળે છે. ટૂંક સમયમાં ભાંડુપમાં ખોલવાની ભાવના છે. ડોંબિવલીમાં દિપ્તી જીવાણી તેમ જ હેમંત ધુલ્લાની પેથ લેબ સાથે ટાઈઅપ છે. ૧૬/૭/૧૭ થી આજ સુધી આ લેબમાં ૫૦૦૦ થી વધુ ચેકઅપ થયા છે. તેમાંથી ૨૫% આપણાં સમાજના લોકોએ લાભ લીધો છે.

જરૂરતમંદોને તથા સમાજને આશરે રૂપિયા દશ લાખનો ફાયદો થયો છે, જે ફક્ત પ્રથમ વર્ષની સિધ્ધિના પરિણામ સ્વરૂપ છે.

## અચલગચ્છ અધિષ્ઠાયીકા દેવી શ્રી મહાકાળી માતાજીની ૫૦ વર્ષોથી અખંડ ભક્તિ આરાધના

શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ-મુલુંડના નેજા હેઠળ વડીલો દ્વારા ઈ.સ.૧૯૬૭ના સપ્ટેમ્બર મહિનામાં પ.પુ.યતિવર્ય શ્રી મદનચંદજી મ.સા.ની નિશ્રા અને આશીર્વાદથી મહાકાળી માતાજીની ભક્તિભાવનાની શરૂઆત થઈ જે માતાજીની અસીમ કૃપાથી કોઈપણ વિઘ્ન વગર અવિરત પણે દર મહિનાના બીજા રવિવારે શ્રી વાસુપુજ્ય જીનાલય મધ્યે ભણાવવામાં આવે છે. જેના મહિનામાં ૫૦ વર્ષના 'સુવર્ણ ભક્તિ ભાવના' પ્રસંગને ૧૬-૦૯૨૦૧૮ના રાતના ૮.૩૦ કલાકે પ.પુ. યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.ની નિશ્રામાં શ્રી વાસુપુજ્ય જીનાલય, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ) મધ્યે અષાઢી ગાયક

શ્રી કિશોર મનરાજા તથા શ્રી હંસકુમાર મૈશેરી અને પ્રિતી શાહના સથવારે ખુબજ ઉલ્લાસપુર્વક ભણાવાઈ હતી.

આ 'સુવર્ણ ભક્તિ-ભાવના'ના ઐતિહસિક કાર્યક્રમનું જીવંત પ્રસારણ મંડળના અધિકૃત Facebook Page પર કરવામાં આવ્યું હતું. 'સુવર્ણ ભક્તિ-ભાવના'ની ભક્તિમય સંધ્યા બાદ મંડળના તથા મહિલા વિભાગના હાજર ભુતપૂર્વ પ્રમુખો તેમજ વર્તમાન કારોબારી સમિતિ, મહિલા વિભાગ સમિતિ અને વિવિધ ફોરમના સભ્યો દ્વારા શ્રી મહાકાળી માતાજીની મહાઆરતી કરવામાં આવી હતી. હાજર રહેલ તમામ ભાવિકોએ પણ આ મહાઆરતી દરમ્યાન હાથમાં દિવડા લઈને નયનરમ્ય દ્દષ્યનું સર્જન કર્યું હતું.

આ પ્રસંગે શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈના પ્રમુખ શ્રી તથા કારોબારી સભ્યો, શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને સાધારણ ટ્રસ્ટના ટ્રસ્ટીગણ, શ્રી ક.દ.ઓ. જૈન સંઘ મસ્જીદબંદર, શ્રી ક.દ.ઓ. જીવીસી જૈન સંઘ, શ્રી કાંજુરમાર્ગ જૈન સંઘ, શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપ, શ્રી ક.દ.ઓ.મંડળ-ડોંબિવલી, શ્રી ક.દ.ઓ.મંડળ નવી મુંબઈ, શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ (પૂ), શ્રી મુલુંડ શ્વેતાંબર મુર્તિપૂજક જૈન સંઘના પ્રમુખશ્રી તેમજ ટ્રસ્ટીગણ અને આમંત્રિત સર્વ ભાવિકો પધારેલા હતા.

## તેરા ગામે પખાવાજ મંડળોએ રમઝટ જમાવી સંગીત કલાને જીવંત રાખવા પ્રયત્નો કરાયા

શ્રી ક.દ.ઓ. જૈન સમાજની એક અદ્ભુત સંગીતકલા ''પખાવાજ''ના આજે પણ લોકપ્રિયતા રહી છે. વિસરતી આ સંગીતકલાને આજે પણ સમાજવાસીઓએ જીવંત રાખી છે. ક.દ.ઓ જૈન સમાજની વિવિધ ગામો-શહેરોની પખાવાજ મંડળીઓએ તેરા ગામે રાતભર રમઝટ જમાવી હતી. પ્રાચીન પખાવજ સ્તવનોની ગાયકી જોવા ગામો ગામનાં સમાજવાસીઓ તેરા મધ્યે ઉમટી પડ્યા હતા. મુખ્ય આયોજક ક.દ.ઓ. જૈન વડોદરા મહાજન તથા તેરા મહાજન અને શ્રી શાંતિલાલભાઇ કે. લોડાયા, ચન્દ્રકાન્ત ખોના, જયંત પટેલે આ આયોજન માટે લાંબા સમયથી સર્વેને એક મંચ ઉપર એકઠા કરવાની પ્રશંસનીય કામગીરી કરી હતી. જેને સફળતા મળી હતી. પ્રારંભે સૌનું ભાવભર્યું સ્વાગત શ્રી એસ કે. લોડાયાએ કર્યું હતું. ચન્દ્રકાન્ત ખોનાએ વર્ષો જુની પરંપરા જાળવી રાખનાર પખાવાજ મંડળોનાં સર્વે સભ્યોને ભાગ લેવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

અંતરજાળ-તેરા-કોઠારા-નલીયા-સુથરી-જખૌ-સાયરા-વડોદરા તથા અન્ય ગામોની પખાવાજ મંડળીઓને ત્રણ-ત્રણ પખાવાજ સ્તવનો રજુ કરી તબલા, હાર્મોનિયમઅને જાંજનાં વાજિંત્રો સાથે રમઝટ જમાવી સૌને પ્રભુ ભક્તિમાં તળબોળ કર્યા હતા. આ કાર્યક્રમ નિહાળવા વિશાળ સંખ્યામાં ભાઇ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. મુંબઇ મહાજનશ્રી અધ્યક્ષ કલ્પેશ મોતા તથા રમેશભાઇ દંડ, નરેન્દ્રભાઇ દંડ, નરેન્દ્રભાઇ ખોના, શામજીભાઇ છેડા, મહેન્દ્રભાઇ ખોના, ગોવિંદજીભાઇ રતાણી, નરશીભાઇ લોડાયા તથા સમાજનાં આગેવાનોએ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરૂં પાડ્યું હતું. મયુરભાઇની આગેવાની હેઠળ અંતરજળનાં નવયુવાનોએ પખાવાજ સંગીતકલાને ટકાવી રાખવી આ સંગીતકલામાં ભારે રસ દાખવ્યો હતો. મુંબઇ, અમદાવાદ, જામનગરથી રસીકો પખાવાજ મંડળીમાં જોડાયા હતા.

૮૭વર્ષનાં કોઠારાનાં હીરાલાલભાઇ જીવાણીએ તથા ૭૮ વર્ષીય સામજીભાઇએ છેડાએ પખાવાજ સ્તવન ગાઇ સૌને ખુશ કર્યા હતા. તો ગોવાથી ભરતભાઇ દંડ ખાસ પધાર્યા હતા. ગોવામાં મહિલા પખાવાજ ટીમ તૈયાર થઇ છે. જેમણે તાજેતરમાં મુંબઇ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

શ્રી પ્રબોધ મુનવરે આયોજકોમાં આયોજનને બિરાદાવી અભિનંદન પાઠવી દર વર્ષે આવું આયોજન જુદા જુદા ગામોમાં કરવા સૂચવ્યું હતું. કાર્યક્રમનાં અંતે વડોદરા અને તેરા મહાજને સૌ પ્રત્યે આભારની લાગાણી વ્યક્ત કરી હતી. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત મહિલાઓએ પણ કાર્યક્રમનાં પણ કાર્યક્રમના અંત સુધી રસ દાખવ્યો હતો.

## દુષ્કાળગ્રસ્ત કચ્છ

ચાલુ વર્ષે કચ્છમાં હજુ સુધી વરસાદ નથતાં સમગ્ર કચ્છમાં દુષ્કાળ સાથે અછતની પરિસ્થિત પ્રવર્તે છે. રાજ્યનાં જૈન મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કચ્છને ૧-૧૦-૨૦૧૮ થી અછતગ્રસ્ત જાહેર કરેલ છે. ક ચ્છ માં ઘાસચારાની ભારે અછત છે. લીલાચારાનાં ભાવ અઢી ઘણા થઇ ગયા છે. સૂકો ચારો પૈસા દેતા મળતો નથી. આ પરિસ્થિતિમાં પશુધનને કેવી રીતે બચાવવું એ સૌ કોઇ માટે ચિંતાનો વિષય બન્યો છે. કચ્છનાં કેટલાંયે ગામો અને શહેરોમાં પાણીનો કકળાટ છે. પાણી માટે ગામલોકો વલખા મારે છે. માનવીને પીવા પાણીની તંગી છે. આ પરિસ્થિતિમાં પશુધનને પાણી કેવી રીતે મળશે ?

દુષ્કાળગ્રસ્ત કચ્છડો કપરા સમયનો સામનો કરી રહ્યો છે. છપ્પનીયા દુષ્કાળ કરતાં આ દુષ્કાળ કચ્છ માટે ગંભીર પરિણામો સર્જે તેવું જોવાઇ રહ્યું છે.

ઘાસાચારાનાં ભાવ આસમાને પહોંચ્યા છે. જમીનમાં

પાણીનાં તળ ઉંડા જતાં રહ્યા છે. ખેડૂત અને મજૂર વર્ગ ચિંતિત છે. ગૌ માતાઓ માટે કપરો સમય છે. પશુધન માટેના ઘાસચારો, પાણી, નિરણ, ખોળ-ભૂસું વિગેરેનાં ભાવો આસમાને પહોંચ્યા છે. આ પરિસ્થિતિમાં જીવદયાપ્રેમી આપણાં સમાજને પશુધનને બચાવવા આગળ આવવું પડશે. આપણી પાંજરાપોળો સંકટ અનુભવી રહી છે.

**લક્ષ્મીબેન વીરજી લધાભાઇ કન્યા છાત્રાલય**

કન્યા છાત્રાલયની ૪૮ વિદ્યાર્થીનીઓએ ૪ કમિટી મેમ્બર્સ તથા ગ્રહમાતા સંગાથે પીકનીક માટે ગ્રેટ એસ્કેપ રીસોર્ટ ૨-૧૦-૨૦૧૮ના ગયા હતા. સમગ્ર આયોજન શ્રીમતી હીનાબેન ધરમશી તથા શ્રીમતી પ્રિતી જૈને કર્યું હતું.

**પર્યુષણ મહાપર્વ - સાંધવ**

સાંધવ નગરે કલ્પસુત્ર (પોથી) પધરાવવાનું લાભ અને શ્રી મહાવીર પ્રભુનું પારણું ઘરે પધરાવવાનું લાભ માતુશ્રી જયાબાઇ ચત્રભોજ દંડ હસ્તે નિલમ અનીલ દંડ ગામ મંજલ રેલડીયા-ભાડુંપ. પૂ. મ.સાને કલ્પસુત્ર વહોરાવવાનો લાભ માતુશ્રી કાંતાબાઇ જીવરાજ મોતા, વારાપધર-ઇન્દોરે લીધેલ. બારાસા સુત્ર વહોરવવાનો લાભ સંઘવીશ્રી ભાગચંદ દામજી જૈન પરિવાર, કોઠારા. પ્રભુજીનું પારણું ઝુલાવવાનો લાભ માતુશ્રી વિમલાબાઇ ઠાકરશી પટેલ પરિવારે લીધેલ. છઠના દિવસે રંગમંડપ ખોલવાનો લાભ કુ. જીલ રાજેશ દામજી દંડ, ભાંડુપ પરિવાર. પ્રભુજીનો ગંભારો ખોલવાનો લાભ અ.સૌ. યજ્ઞા જયેશ લોડાયા, અ.સૌ. સ્મીતા સંદિપ લોડાયા, અ.સૌ. પ્રિયા વિપુલ લોડાયા (પટેલ) લીધેલ.

કુમારપાળ રાજા બનાવવાનો લાભ અનીલ ચત્રભોજ દંડ, મંજલ રેલડીયા શાલીભદ્રની પેટી ઘરે પધરાવવાનો લાભ વિરચંદ મેઘજી ખોના પરિવારે લીધેલ. પર્વ દરમ્યાન સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવાર એક સદ્‌ગૃહસ્થ, મુંબઇ પરિવારે લાભ લીધેલ. જીવદયા નિમિત્તે પર્વ દરમ્યાન રોજની બે ગાંસડી ૯ દિવસ રૂા. ૧૮૦૦૦/- માતુશ્રી કાંતાબાઇ જીવરાજ મોતા, વારાપધર-ઇન્દોર લીધેલ.


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976


પ્રભુજીની ભવ્યાતી ભવ્ય અંગરચના ૮ દિવસ પાંચ ભગવાનની શ્રી દામજી નરશી દંડ પરિવાર, કસ્તુરીબેન લાલજી પટેલ અને માતુશ્રી કાંન્તાબાઇ જીવરાજ મોતા, વારાપધરવાળાએ લીધેલ. ભુજથી સાંધવ અને સાંધવથી ભુજ પંચતિર્થી કરાવવાનો લાભ માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા અને માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ પરિવારે લીધેલ. દાદરથી ભુજ અને ભુજથી બાન્દરા ટ્રેનના ટિકીટના લાભાર્થી પરિવાર સાંધવ શિરોમણી શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા પરિવાર, સાંધવ ગૌરવ શેઠશ્રી શામજી નરશી દંડ પરિવારે લીધેલ. ચાર્તુમાસના લાભાર્થી પરિવાર અ.સૌ. મીનાબેન શામજી માણેકજી લોડાયા પરિવારે, થાણા, ટ્રેનમાં નાસ્તાના લાભાર્થી પરિવાર માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ પરિવાર અને ટ્રેનમાં ચૌવિહારના લાભાર્થી માતુશ્રી વીરબાઇ રાઘવજી લોડાયા પરિવાર હસ્તે ભવાનજીભાઇ.

**સ્વછતા ભારત અભિયાન - તિરૂપુર**

૨૩-૯-૨૦૧૮ના તિરૂપુર (તામિલનાડુ) ખાતે રેલ્વે સ્ટેશન પરિસરમાં મુયાર્ચી મક્કલ અમાઇપુ દ્વારા સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું જેમાં ક.દ.ઓ. શ્રી સતીષ નાગડા સહભાગી થયા હતા.

**ઘર બેઠા પરીક્ષા : OPEN BOOK EXAM**

તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની સુવર્ણ વરસીતપ પ્રસંગે પ્રકાશીત ''પૂજ્ય ગુરૂદેવ'' પુસ્તક આધારિત Open Book Exam નું આયોજન કરવામાં આવ્યું છે. વહેલો તે પહેલોના ધોરણે નીચેના સરનામેથી પુસ્તક પ્રશ્નપત્ર-ઉત્તરપત્ર મેળવી લેવા વિનંતી. રૂા. ૧૦૦/- ભરીને પોતાનું નામ લખાવી આજે જ પ્રવેશ મેળવી લો. પૂસ્તક મેળવવાનું સરનામું :

**૧) સુ.શ્રી લતાબેન એલ. વીકમશી**
૨/૩૯, અનંત નિવાસ, ભાત બઝાર, ૨૬૨/૭૦ નરશી નાથા સ્ટ્રીટ, મસ્જિદબંદર, મુંબઇ-૪૦૦ ૦૦૯.
મો.: **9323944117**

**૨) અ.સૌ. મનીષાબેન એચ. ખોના**
૧૦૬, અનંતછાયા, ૬૦ ફીટ રોડ, આર.બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૭૭.
મો.: **9664798398**

**૩) અ.સૌ. હીનાબેન ડો. રણધીર**
બી/૯, સ્વપ્નીલ સોસાયટી, જી.વી. સ્કીમ રોડ નં. ૨, મુલુંડ (ઇસ્ટ), મુંબઇ. મો.: **9920026527**

## કોઠારામાં પર્યુષણ પર્વની શાનદાર ઉજવણી કરાઈ





કોઠારા ગામે પૂ. સા.શ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.ની શુભ પાવન નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની ઉજવણી કરવામાં આવી હતી. કલ્પસૂત્ર ઘૃત ૧૫૧ મણમાં મહેશ ગોવિંદજી અજાણીએ જ્યારે પ્રભુજીનું પારણું ઘૃત-૧૫૧ મણમાં જીનાલી પ્રિતેશ પટેલ પરિવારજનોએ પધરાવેલ. સ્વપ્નાનું કુલ્લ ઘૃત-૧, ૩૨, ૧૬૫ મણ જ્યારે પર્યુષણ મહાપર્વ ટોટલ ઘૃત ૧,૮૦,૭૮૦ મણ થયેલ.

શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ દ્વારા પર્યુષણ દરમ્યાન આઠે દિવસ બપોર-સાંજ સ્વામિવાત્સલ્ય-સંધ્યા ભોજનનું આયોજન કરવામાં આવેલ. વ્યવસ્થા હરીશ મુનવર, લહેરચંદ લોડાયા, તથા કાર્યકરોએ સંભાળી હતી. ત્રીજનાં દિવસે શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ દ્વારા પાઠશાળામાં ધાર્મિક શિક્ષણ મેળવતા ભાઇ-બહેનો-બાળકોનું સન્માન કરી મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ. પાઠશાળાના શિક્ષીકા કુ. તોરલબેનનું સન્માન કરવામાં આવેલ.

ચોથનાં દિવસે તપસ્વીઓનું બહુમાન કરવામાં આવેલ. પાંચમના દિવસે જિનાલય, પાંજરાપોળ, ભોજનશાળા, અતિથિગૃહ સ્ટાફનું શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ દ્વારા બહુમાન કરવામાં આવેલ.

છઠ્ઠના દિવસે ''સમુહ ક્ષમાપના'' કાર્યક્રમ યોજાયો હતો પૂ. સા. શ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.એ વેરનું વિસર્જન કરી, પ્રેમનું સર્જન કરવા સમજ પૂરી પાડી હતી. લક્ષ્મીબેને ક્ષમાપના ગીત રજુ કર્યું હતું. કુ. તોરલબેન શાહનંદ, રાયચંદ લોડાયા, દિનેશ અજાણી, મણીલાલ છેડાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે કર્યું હતું. પાંચમનાં પૂજ્ય શ્રી સાથે ચૈત્યપરિપાર્ટી યોજાઇ હતી. વ્યવસ્થામાં રાયચંદ લોડાયા, દીનેશ અજાણી, વીરચંદ ધરમશી, હરીશ મુનવર, લહેરચંદ લોડાયા, પ્રબોધ મુનવર, દેવેન્દ્ર જીવાણી, શાંતિલાલ ધરમશી, ધનપતિ લોડાયા, દિનેશ મોતા, મણીલાલ છેડા, મયુર નાગડા, પ્રદિપ મુનવર, મહેન્દ્ર લોડાયા, કાન્તીલાલ લાલકા, રમણિક શાહનંદ તથા સર્વે કાર્યકર ભાઇ બહેનોએ સહકાર આપ્યો હતો.

## જખૌ તીર્થે ધામધૂમથી પર્યુષણ મહાપર્વની આરાધના કરાઈ



જખૌ તીર્થે જૈન સંઘ દ્વારા મહાપર્વ પર્યુષણની ભક્તિ આરાધના પૂ.સા.શ્રી. આનંદ કિરણાશ્રીજીની નિશ્રામાં સંપન્ન થઇ. પોથી પધરાવવાનો લાભ માતુશ્રી દમયંતીબાઇ લાલજી મુનવર પરિવાર તથા પ્રભુ મહાવીર સ્વામીના પારણાનો માતુશ્રી મુરબાઇ વેરશી જીવાણી અને માતુશ્રી લીલાવંતીબેન જેઠાલાલ છેડા પરિવારે લાભ લીધેલ. સ્વપ્નનું કુલ ઘૃત ૫૮,૦૦૦ મણ અને કુલ ૯૩,૦૦૦ મણ થયેલ.

બહારગામ થી ૭૦ જણ તથા સ્થાનિક ૫૦ જણની સંખ્યામાં એક રસોડે સંઘ જમણનો લાભ લીધેલ. તપસ્વીઓને સારી શાતામાં તપસ્યા કરેલ હતી.

જીવદયામાં ફંડમાં રૂા. ૫૪,૦૦૦ જેટલી રકમ ભેગી થયેલ જેનું પશુ ખાદ્ય જખૌ પાંજરાપોળમાં ગૌધન આપી જીવદયાનું કામ કરેલ.

### જર્મન દેશમાં શિક્ષણ :

**શ્રી હરીશ ધમરમશી** (નવીમુંબઈ-93240 12888)



ક.દ.ઓ યુવાનોના ઉજ્જવલ ભાવિ માટે શ્રી હરીશ ધરમશી પાસે માહિતી ઉપલબ્ધ છે. જર્મનીના ઉચ્ચ અભ્યાસ માટે ધમધમતા કેન્દ્રોમાં K.G. થી P.G. સુધીનું શિક્ષણ નિઃશુલ્ક છે. સૂચનાનું માધ્યમ અંગ્રેજી પણ છે. ઉચ્ચ અભ્યાસમાં વાર્ષિક સત્ર માટે તેઓ 1500 થી 2000 યુરો સત્રના લે છે. અભ્યાસ પૂર્ણ થયાબાદ વિદ્યાર્થી ત્યાં સ્થાઈ થઈ શકે છે. અને સીટીઝન શીપ લેવી સહેલી છે. વિદેશી વિદ્યાર્થીઓમાં ભારતનું ગ્રુપ દ્વિતિય ક્રમાંકે છે. જર્મનીમાં ઉચ્ચ અભ્યાસ માટે આપણા યુવકો તથા સંસ્થાઓ માટે સેમીનાર માટે શ્રી હરીશ ધરમશી ઉત્સુક છે. પ્રકાશ સમીક્ષાની તેમના આ અભિયાન માટે શુભેચ્છા.

## શ્રી જયેશ જૈન તે જૈન સમાજનો પ્રતિષ્ઠિત ''દર્શન સાગર એવોર્ડ-૨૦૧૮'' અર્પણ કરાયો



સમાજ અને શાસનનાં સર્વ શ્રેષ્ઠ કાર્યો તથા દેશભરમાં શિક્ષણ, આરોગ્ય, જીવદયા અને સમાજ સેવા ક્ષેત્રે વિશિષ્ટ કાર્ય કરવા બદલ શ્રી જયેશ ભાગચંદ જૈન કોઠારા હાલે મુલુંડને જૈન સમાજનો પ્રતિષ્ઠિત ''દર્શન સાગર એવોર્ડ-૨૦૧૮'' નાકોડા દર્શન ધામ (વસઇ પાલઘર) મધ્યે રાષ્ટ્રસંત પૂ. આચાર્ય શ્રી ચન્દ્રાનનસાગરસૂરીશ્વરજી મ.સા.ની શુભ પાવન નિશ્રામાં યોજાયેલ સમારોહમાં અર્પણ કરાયો હતો. સમારોહના લાભાર્થી દાતા શ્રીમતી રેખાબેન કાન્તીલાલજી શાહ અંસા જ્વેલર્સ - તખતગઢ (મુંબઇ) રહ્યા હતા. એવોર્ડ કમિટિના પ્રવિણ શાહ, નિરંજન પરીહાર અને મોતી શિમલાની ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય દર્શન સાગર સૂરીશ્વરજી મ.સા.ની પુણ્યતિથિ દિને છેલ્લા ૧૩ વર્ષોથી દર વર્ષે રાષ્ટ્રીય લેવલે આ એવોર્ડ અર્પણ કરાય છે. સમારોહનું ક્ષમાપન રાષ્ટ્રસંત આચાર્ય ચન્દ્રાનનસાગર સૂરીશ્વરજી મ.સા.નાં માંગલિક પ્રવચન સાથે થયું હતું.

શ્રી જયેશ જૈન છેલ્લા ૨૮ વર્ષથી સમાજ અને શાસનમાં કાર્યો કરતા આવ્યા છે. શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઇ અને ભારતીબેન ભાગચંદ જૈન ચેરીટેબલ ટ્રસ્ટનાં માધ્યમથી સેવાકીય પ્રવૃત્તીઓ તથા દર વર્ષે ડીસેમ્બર માસમાં કચ્છમાં સમાજના સમુહ લગ્નોત્સવનું કાર્ય ૨૬ વર્ષથી કરતા આવ્યા છે. શિક્ષણ, આરોગ્ય, ધાર્મિક શિબિરો, સામુહિક અનુષ્ઠાનો, યાત્રા દર્શન આયોજન કરતા રહ્યા છે.

### શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સંઘ

૨૩-૯-૨૦૧૮ના સ્વામીવાત્સલ્ય કાયમી દાતા માતુશ્રી મધુરીબેન લાલજી ઘેલાભાઇ શિયાડ (જખૌ-રાયપુર-મુંબઇ-અમેરીકા) હતા. સમાજના વડીલ શ્રી રતિલાલ કેશવજી તેજપાલ શિયાડ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી ઝમકુબેનની તથા શ્રી ભવાનજી હિરજી શિયાડ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી હિરાબેનની ક્ષમાયાચના કરી બંને દંપતિઓનું સન્માન કર્યું હતું.

### શ્રી કુંથુનાથ જિનાલય - રાયપુર - છત્તીસગઢ

અત્રે શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ રાયપુર દ્વારા પર્યુષણ પર્વની આરાધના કરવામાં આવી. જે માટે શ્રી આર્યરક્ષિત જૈન વિદ્યાપીઠ-મુંબઇથી ભાઇઓ પધાર્યા હતા. શ્રી પાર્શ્વકલ્યાણક પૂજનના લાભાર્થી મંજુલાબેન કુલીનકાંત જીવાણી પરિવાર (જખૌ-રાયપુર), શ્રી મહાવીર પંચકલ્યાણ પુજનના લાભાર્થી કિર્તીભાઇ ભીમજી પોલડિયા પરિવાર (બાયઠ-રાયપુર), શ્રી પોથીજી પધરાવવાનો લાભ શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડલ - રાયપુર લીધેલ.

મોટી સંખ્યામાં તપસ્વીઓએ તપની આરાધના કરી હતી. જેમાં તપસ્વીઓએ અઠ્ઠાઇ, ૧૦ તપસ્વીઓએ અઠ્ઠમ, તથા ૨૫ તપસ્વીઓએ ૧૫ દિવસ એકાસણાંની તપસ્યા કરી હતી. સર્વે તપસ્વીઓનું શ્રી સંઘ દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. તપસ્વીઓના પારણા, વરઘોડા તથા સામુહિક ક્ષમાપના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. શ્રી સંઘના ઉપપ્રમુખ દિનેશ ડુંગરશી મોમાયા, મહાજન પ્રમુખ ચંદ્રેશ વિરચંદ છેડા, યુવા મંડળ પ્રમુખ ધવલ મહેન્દ્ર લોડાયા, મહિલા મંડળ ઉપપ્રમુખ પ્રભાબેન ગીરીશ શિયાડ વગેરેએ ક્ષમાપના વ્યક્ત કરી હતી.

## પાસ થયા અભિનંદન



**આદિત્ય અભય પોલડીયા**

બાયઠ - બડગરા (કેરાલા)

Computer Science Engineer

**71.80%**

**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.
તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
**સોનલ આર્ટ**
**Mob.: 99678 41792**
'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

## અમેરિકામાં જૈનોનું સમ્મેલન



નૉર્થ અમેરિકા (યુ.એસ.એ. અને કેનેડા)માં વસતા ૨૧ વર્ષ ઉપરની વયના જૈન યુવાઓનું મિલન આ વર્ષે પણ ૨૬ થી ૨૮ ઑક્ટોબર ૨૦૧૮ના ફ્લોરિડા ખાતે મળી રહ્યું છે. છેલ્લા અનેક વર્ષોથી પ્રવૃત્ત આ સંસ્થા દ્વારા યોજાતા વિવિધ કાર્યક્રમોમાં લગ્નોત્સુક યુવક-યુવતિઓ વચ્ચે સંવાદ-મિલન અને નેટવર્કિંગ શક્ય બને છે. એક બીજા સાથે પરિચય, વિવિધ ઈન્ટરેક્ટીવ સેશન, સ્પીડ ડેટિંગ, મીટ એન્ડ ગ્રીટ, રીલેટીવ વર્કશૉપ, સોશ્યલ લોંજ, રાસ-ગરબા જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો એજ જૈન મિલન સંકલનના મુખ્ય આકર્ષણો છે.

---

## હુબલીમાં રાજમંદિરમાં શ્રી પદમશીભાઈ નાગડા

હુબલીમાં રાજમંદિરમાં શ્રી પદમશીભાઈ નાગડા મારવાડી અને ગુજરાતી ગ્રુપને ગુજરાતી ભાષા શીખવી રહ્યા છે. આ આગાસ આશ્રમની પ્રતિકૃતિ છે. ભક્તો શ્રી રાજચંદ્રના સિધ્ધાંતોને અનુસરી રહ્યા છે જેમણે ૭૫ મિનિટમાં અવિરત કેટલીય ગાથાઓ અટક્યા વગર લખી છે. (જે આત્મસિધ્ધી શાસ્ત્ર તરીકે ઓળખાય છે.) છેલ્લા ૭/૮ વર્ષથી અવિરત રોજ ૩૬૫ દિવસ સવારે ૬ થી ૭.૩૦ ભક્તિ થાય છે. તેઓ પણ આ સાધના ગ્રુપમાં જોડાયા છે.

---

## ચૈત્ય પરિપાટી યાત્રા - જલગામ

જલગામથી મહિલા મંચ દ્વારા તા. ૨૬ સપ્ટેમ્બર થી ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૮ માં શિલ્પા કમલેશ છેડાના પ્રમુખપદે ચૈત્ર પરિપાટી યોજાઈ હતી. ૪૫ યાત્રિકોએ આનો લાભ લીધો. આ બે દિવસમાં દાતાની, વિજય પતાકા (પદ્માવતી મા), વર્મન, જીરાવલ્લા પાર્શ્વનાથ, ભિનમલ, મંડોલી, પાવાપુરી, કેવલબાગ, વિજય પતાકા (મહાલક્ષ્મી મા), મિરપુર, બહમનવાડા, દેલવાડા અને આબુ સુધી ગયા.

## સાંયરા ગામમાં અબડાસા તાલુકાના પુજારીઓની શિબિર

પૂ. ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પૂ. અનંતયશાશ્રીજી મ.સા.ની નિશ્રામાં સાંયરા ગામમાં અબડાસા તાલુકાના બધા ગામોના પુજારીઓની શિબિર રાખવામાં આવેલ. મ.સા. એ પુજારીઓને જિનાયલોની સાર સંભાળ કેમ રાખવી તથા અંગલૂછણા-પૂજા પાઠ કેવી રીતે કરવા એની વ્યવસ્થિત સંપૂર્ણ સમજ આપેલ. છેલ્લે સાંયરા મહાજને બધા પુજારીઓનું સારી રીતે બહુમાન કરી બક્ષિસો તથા આવા-જવાનો ખર્ચ પણ આપેલ.

---

## કચ્છ અબડાસાના દુષ્કાળની સામૂહિક ચર્ચા-વિચારણા

કચ્છ અબડાસાના દુષ્કાળની સામૂહિક ચર્ચા-વિચારણા અને નિર્ણય લેવા જખૌ, તેરા, નલિયા, કોઠારા અને સુથરી પાંજરાપોળના ટ્રસ્ટી/અધિકારીઓ જયેશભાઈ જૈનની મુલુંડ ઓફીસ મધ્યે પ્રવીણભાઈ લોડાયા, આરીખાણાવાળાની આગેવાની હેઠળ તા. ૨૫-૯-૨૦૧૮ ના મળ્યા હતા.

ચર્ચા વિચારણા બાદ નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

૧. સર્વે પાંજરાપોળના અધિકારીઓએ સાથે મળી ઘાસચારા મેળવવા કાર્ય કરવું.

૨. સારૂં અને સસ્તું ઘાસ મેળવવા એકબીજાને સાથે મળી પ્રયત્ન કરવા અને બધાને તેની જાણ કરવી.

૩. હમણાં બધા પાંજરાપોળ પાસે ૬-૭ મહિના ચાલે તેટલો ઘાસચારો છે, પણ આપણા આગળ એક વર્ષ ચાલે તેટલો ઘાસચારો હોવો જોઈએ.

૪. અન્ય રાજ્યોમાંથી ચારો મળે તેવી વ્યવસ્થા કરવી.

૫. સામૂહિક જાહેરખબરની વ્યવસ્થા કરવી.

૬. જ્ઞાતિજનો પાસેથી પાંજરાપોળ માટે ડોનેશન મેળવવા સામૂહિક પ્રયત્ન કરવા.

ઉપરોક્ત મીટિંગ મધ્યે પ્રવીણભાઈ લોડાયા, નરેન્દ્ર દંડ, કીર્તીભાઈ લોડાયા, દિનેશ અજાણી, રાયચંડ લોડાયા, પિનાકીનભાઈ, ભરતભાઈ મૈશેરી વગેરે ઉપસ્થિત હતા.

# નાના શહેરમાં સુખી પરિવાર

**હુબલીના શ્રીમતી જીગ્ના નયન મોમાયાનો નિખાલસ ઈન્ટરવ્યુ જે ડૉ. મહિમા મોહિત દંડ દ્વારા લેવાયો.**



વૈવાહિક બાબતે મુંબઈમાં રહેતા અને મુંબઈ બહારના નાના મોટા શહેરોમાં રહેતા ક.દ.ઓ. ની રહેણી કરણી અને સગવડો વિષે પ્રચલિત માન્યતા અને ગેરસમજ સામે પ્રકાશ પાડતો આ પ્રકારનો બીજો ઈન્ટરવ્યુ છે. પશ્ચિમી જગતમાં કેટલાક હજીપણ માને છે કે ઈન્ડીયા પછાત દેશ છે એના જેવું આ છે. અનેક સવાલોના જવાબ અહિ અક્ષરશ: આપેલ છે. યુવતીઓને, વાલીઓને આ ઈન્ટરવ્યુથી તટસ્થ ચિતાર મળશે. તમારા મંતવ્યો પણ અહિ પ્રકાશિત થઈ શકશે. શ્રીમતી જીગ્ના નયન મોમાયાનો સંપર્ક - મો. : 9004 891736 • E-mail : jigna.meisheri@gmail.com

હુબલી જેવા બીજા ક્રમના શહેરમાં સ્થાપિત થવાનો નિશ્ચય કરવો પહેલા તો મારા માટે જરા મુશ્કેલ હતુ. પણ મારે કહેવું જોઈએ કે મારા માટે વડિલોએ મને ટેકો આપ્યો અને મારા નિર્ણયની પાછળ અડીખમ ઉભા રહ્યા તેઓ કહેતા મોટા શહેરનો યુવક પણ જોઈએ પણ છેવટે તો આ તારૂ જ ભવિષ્ય છે.

વખત જતા મને ખબર પડી કે આ બીજા ક્રમના શહેરમાં વસવું વધુ લાભકારી છે. બધા પાસેથી ખૂબ ટેકો મળ્યો. અહી ઓછી હરિફાઈ, ઓછો ટ્રાફિક અને ઓછુ પ્રદૂષણ છે.

મારા વડિલો મને હુબલીમાં પરણાવવા રાજી થયા કારણ કે તેમની ઈચ્છા મુજબ પરિવારનું સરળ અને સાદુ જીવન હોય અને મારી દીકરી સાસરામાં સુખેથી રહેતી હોય. આ દ્દષ્ટિ એ કુટુંબમાં અને હુબલીમાં બિલકુલ બંધ બેસતી હતી. અને એ મારા વડીલોનો નિર્ણય સાચો પૂરવાર થયો. ખરેખર ઈશ્વર કૃપાએ આવું સાસરુ મળ્યું. બેંગ્લોરમાં મારા લગ્નના એક વર્ષ પછી અમે બે માળના બિલ્ડીંગમાં હુબલીમાં સ્થળાંતર કરવાનું વિચાર્યુ.

મિત્રોને જ્યારે હુબલી રહેવા જવાની વાત કરી ત્યારે તેમના મતે કદાચ ત્યાં જ મારૂ ઉજ્વળ ભવિષ્ય લખેલ હશે. સંજોગોને સ્વીકારી લો હું માનું છું. આપણે જ આપણા ભાવિનું નિર્માણ કરીએ છીએ. અલબત્ત શરૂઆતમાં થોડુ મુશ્કેલ હતું. ભાષાની તકલીફ, બદલાતી આબોહવા, અવ્યવસ્થિત ટ્રાફિક વગેરે. મારા સાસરાની મદદ વગર હુબલીમાં ઠરીઠામ થવું મુશ્કેલ થઈ જાત.

મારા માતા-પિતા ગીતા/ચેતન મૈશેરી દહિસરમાં રહે છે. ૩જી ડીસેમ્બર ૨૦૧૬માં મે લગ્ન કર્યા. હું કંપની સેક્રેટરી (C.S.) છું અને હુબલીમાં Hiremath and Rathi (C.A.) ની કંપનીમાં કામ કરું છું. બીજા ક્રમના હુબલી શહેરમાં રહેવાના ખાસ લાભો છે. ઓછુ સ્ટ્રેસ/ચિંતા. મેટ્રો શહેરોના પ્રમાણમાં નાના શહેરોમાં દેખાડો કરવાની વૃત્તિ ઓછી છે. તમારા સાદા જીવનમાં પણ તમે ગૌરવથી માનપૂર્વક રહી શકો છો. ઓછી ઝંઝટ, નાના શહેરોમાં હજી બહુરાષ્ટ્રીય કંપનીઓ નથી ઉભરાઈ એટલે તમારે ઠરીઠામ થવા કે ધંધો સ્થાપિત કરવો પ્રમાણમાં સહેલ છે, પરિવાર સાથે સારો સમય વિતાવી શકો છો. બધુ તમારી નજીકમાં જ હોય છે અને બધાજ તમને પરિચિત હોય. તમારી મોટાઈ બતાડવાની સારી તકો પણ છે. કામકાજની ઓછી હરિફાઈ અને તમારી નામના વધારવાની સોનેરી તકો મળે. તમારી પસંદગીના ક્ષેત્રમાં તમે ઝળકી ઊઠો જે તમે મોટા શહેરમાં કદાચ નહીં કરી શકો. જીવન ધોરણ ઓછું ખર્ચાળ છે. આવાસથી લઈને કરિયાણા સુધી બધુ જ નાના શહેરોમાં સસ્તુ હોય છે.

હુબલીની નકારાત્મક બાજુ કે ધૂળ બહુ હોય. હુબલીમાં જ સાથે ફરવા જવા બહુ જગ્યાઓ નહિ અને ટ્રાફિક ઠેકાણા વગરનું. રીક્ષા વગેરે જનતા ટ્રાન્સપોર્ટ બહુ મોંઘુ પડે. આપણા થોડા લોકો પણ આવા શહેરોમાં રહેવાનું શરૂ કરે તો આપણે જ્ઞાતિમાં બીજા લોકોમાં દાખલો બેસાડી શકીએ. આથી આપમેળે યુવાનો અને બીજાં સૌનું દ્દષ્ટિ બિંદુ બદલાઈ જશે. આપણી યૂથ એક્સચેંજ યોજનાથી પણ ઘણો લાભ થશે.

તનમન કે એવા શૂર ઓપરેટર હુબલી કે બીજા મહાજનો દ્વારા સબસિડાઈઝ, આવવા જવાની કન્ડક્ટેડ ટૂર યુવાનો તથા માતા-પિતા માટે રાખે. જેમ કે મુંબઈ / ડોમ્બીવલીથી હુબલી/ગદગ, હંપી, હૈદરાબાદ અને પરત એમ જ મુંબઈથી બેંગલોર, કોઈમ્બતુર, કોચીન અને પરત. એવી જ રીતે મહારાષ્ટ્ર, ગુજરાત, રાયપુર, કલકત્તામાં પણ થઈ શકે.

આ બાબતમાં યુવતીઓ અને વાલીઓને મારો સંદેશ/સૂચન છે. તમારા જીવનમાં ગમે તેવા સંજોગો ઉભા થાય તો બેસી જવા કરતા પડકારોનો સામનો કરો. સમાજ શું કહેશે તે નહિ વિચારો, ખાસ કરીને યુવતીઓ.

કદાચ મારે નાના શહેરમાં જવું પડે તો મિત્રો અને પરિવારજનો શું વિચારશે તેની ચિંતા નહી કરો. આપણી દીકરીઓને મજબુત અને સ્વાવલંબી અને સમજુ બનાવો જેથી તેઓ પોતે નિર્ણયો લઈ શકે અને યુવતીઓએ આ સ્તરે રહેવું જોઈએ. જીગ્નાના જીવનસાથી નયન મોમાયા BCA, MBA છે અને Klecite માં પ્રોગ્રામ મેનેજર છે.

**નવા/બદલાયેલા સરનામા/ફોન** – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **નિમેશ જયંતીલાલ દંડ**<br>(PS 2886) | નં. ૪૭, જય ગિરીરાજ ટેનામેન્ટ્સ, મંગલેશ મહાદેવ રોડ, ઘોડાસર, ઘોડાસર કનાલ ગાર્ડનની સામે, અમદાવાદ - ૩૮૦ ૦૫૦.<br>મો.: નિમેષ ૦૭૮૧૭૦ ૬૧૦૯૧, મમતા ૦૯૩૭૭૬ ૦૨૦૦૩ |
| **દેવેન્દ્ર પ્રતાપ લોડાયા**<br>(PS 6357) | એસ. નં. ૬૪/૧, ૬૪ ગ્રીન મેડોઝ, ફ્લેટ નં. ૪૦૬, મરૂનજી ગ્રામપંચાયતની પાછળ, ગુરૂકૃપા સોસાયટની બાજુમાં, તા. મુળશી, પુણે - ૪૧૧ ૦૫૭.<br>મો.: ૦૯૪૨૩૦ ૧૯૧૪૧ |
| **પ્રિયકાંત માણેકજી દંડ**<br>(PS 3870) | ૫૦૧, સ્વસ્તિક, શિવસેના ઑફિસ પાસે, સાગાંવ, માનપાડા રોડ, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. |
| **મિનેશ મુળજી જૈન (નાગડા)**<br>(PS 6725) | પ્લોટ નં. ૮૪, ગટ નં. ૪૦/૪૧, શ્રીરામ નગર, સેજલ પાર્ક, દાદાવાડી, જલગામ - ૪૨૫ ૦૦૧. મો.: ૦૯૮૯૦૩ ૧૪૪૨૮ |

## પ્રકાશ સમીક્ષાની આગવી પરંપરા

પ્રકાશ સમીક્ષાના તા. ૨૦મી ઓગષ્ટના અંકમાં મારી સુપુત્રી ચારુલ યોગેશ પટેલનો એક લેખ પ્રકાશિત થયો તે જોઈને આનંદ થયો અને તેને પ્રોત્સાહિત કરવા બદલ પણ હું આપ સૌનો આભારી છું. જ્ઞાતિના વિશ્વસનીય અને બહોળો વાંચકવર્ગ ધરાવતા મુખપત્રમાં જ્ઞાતિના યુવાનોને તક આપીને અને ખાસ કરીને તેમના ફોટો અને અલ્પ પરિચય સાથે એમનો લેખ પ્રસારિત કરવાની પ્રકાશ સમીક્ષાની આગવી પહેલ ચોક્કસ આપણા યુવા વર્ગને પ્રોત્સાહિત કરશે અને આ રીતે તેમને તેમની સિદ્ધિઓ અને કાબિલિયત સાથે જ્ઞાતિ સમક્ષ કોઈ પણ જાતના પક્ષપાત વગર માત્ર પાત્રતાના આધાર પર રજૂ કરવાનો પ્રયાસ પણ પ્રશંસાપાત્ર છે.

પ્રકાશ સમીક્ષાનો નવો અવતાર હવે અઠવાડિકની જગ્યાએ પાક્ષિક રહેશે તે પણ આવકાર્ય છે. સમય સાથે ચાલવાની પ્રકાશ સમીક્ષાની નીતિને કારણે જ કદાચ આ જ્ઞાતિ મુખપત્ર છેલ્લા નેવું વર્ષથી અડીખમ છે અને ભવિષ્યમાં પણ રહેશે તેવી શુભેચ્છા.

પ્રવિણચંદ્ર શામજી શાહ (ધરમશી)
કોઠારા, સુરત
મો.: ૦૯૯૭૮૯ ૦૩૨૪૭



## B.K. ખુશી નયન લોડાયા – નાગપુર

*(વર્ષ ૧૫ - ધોરણ ૧૦)*

ખુશી લોડાયા ૧૦ વર્ષની હતી ત્યારથી ''પ્રજાપિતા બ્રહ્મકુમારી વિશ્વ વિદ્યાલય'' સાથે જોડાયેલ છે. તે શક્તિ નિકેતન ડિવાઈન ગર્લ્સ હોસ્ટેલ – ઈંદોરમાં જાય છે. અને હાલ વર્ગો પણ ચલાવે છે. તેના પિતા નયનભાઈ અને બીજા પરિવારજનો પણ રાજયોગમાં ભાગ લે છે. નયનભાઈ, ખેતીવાડીની જરૂરીયાતો તથા પંપ નિર્માણના વેપારમાં છે. તેઓ નાગપુર રહે છે. કોઈમ્બતુર અને દિલ્હીમાં પણ શાખાઓ છે. GREENEX ના બ્રાન્ડ નેમથી તેમના ઉત્પાદનો વેચાય છે.



૨૦૧૮-૧૯ની ચૂંટણીમાં

## શ્રી જતિન તરૂણ ધરમશી

(DELUX LOGISTICS P.L.)

બોમ્બે ગુડ્સ ટ્રાન્સપોર્ટ એસોશિયેશનની ૨૦૧૮-૧૯ની ચૂંટણીમાં શ્રી જતિન બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. પ્રકાશ સમીક્ષાના અભિનંદન.



## કુ. જ્યોતિબેન એચ. વિકમશી

– કચ્છ તા. ૧૯-૯-૨૦૧૮ના નરેન્દ્ર મોદી વિચાર મંચ દ્વારા કુ. જ્યોતિબેન ભુજના મુખ્ય પ્રમુખ તરીકે નિમાયા છે. પ્રકાશ સમીક્ષાના અભિનંદન.

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૦૫-૧૮ | દહીસર | અભિનવ, જયશ્રી સચિન જયંતીલાલ ધરમશી | ગોરખડી | પુત્ર |
| ૨૫-૦૬-૧૮ | સાંગલી | નવ્યા, દિપક મૈશેરી | નાની સિંધોડી | પુત્રી |
| ૧૧-૦૭-૧૮ | ઘાટકોપર | વિહાન, પ્રિયંકા ચિરાગ પ્રતાપ નાગડા | નલિયા | પુત્ર |
| ૧૫-૦૮-૧૮ | ડોમ્બીવલી | પહિની, ધ્વની પ્રિયેશ મહેન્દ્ર પીર (લોડાયા) | સુથરી | પુત્રી |
| ૨૩-૦૮-૧૮ | વડોદરા | ભવ્ય, સેજલ લીરીલ પદમસી મોમાયા | સાંયરા | પુત્ર |
| ૨૮-૦૮-૧૮ | પૂના | દિવિજ, ગૌતમ રૂપેશ લાપસિયા | સુથરી | પુત્ર |
| ૦૬-૦૯-૧૮ | ગાંધીધામ | ખુશ, નિરાલી હર્ષ ધરમશી | સુથરી | પુત્ર |
| ૧૫-૦૯-૧૮ | કાંજુર માર્ગ | નિશ્વ, સોનલ રાહુલ તિલક લોડાયા | વારાપધર | પુત્ર |
| ૨૨-૦૯-૧૮ | મુલુંડ | જક્ષ, નિકીતા ખુબીર શ્રેણીક મોમાયા | બારોઈ | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૯-૧૮ | મુલુંડ | જીગર સંજય પોલડીયા | ડુમરા | ૨૭ |
| | અમદાવાદ | વિરલ બિપીન સાયા | સુજાપર | ૨૫ |
| ૦૩-૦૯-૧૮ | અમદાવાદ | ધવલ નવીન ભવાનજી મૈશેરી | કુઆપધર | ૨૬ |
| | ડોમ્બીવલી | જીનલ મનીષ ગોવિંદજી ભેદા | વારાપધર | ૨૧ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬-૦૬-૧૮ | કોચીન | અમિત મનોજ જેઠાલાલ મોમાયા | સાંયરા | ૨૬ |
| | ત્રિવેન્દ્રમ | ગૌરી સુરેન્દ્રકુમાર નાયર | ત્રિવેન્દ્રમ | ૨૫ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૯-૧૮ | પોર્ટ લેન્ડ, USA | જય કમલેશ વિસનજી નાગડા (શાહ) | જખૌ | ૩૫ |
| | પોર્ટ લેન્ડ, USA | કેથરીન જેમ્સ નાથેન બિઅર્સ | પોર્ટ લેન્ડ | ૩૧ |
| ૨૨-૦૯-૧૮ | થાણે | કાર્તિક લક્ષ્મીનારાયણ | ચેન્નાઈ | ૨૪ |
| | મુલુંડ | ગ્રીષ્મા પરેશ માણેકજી દંડ | સુથરી | ૨૪ |

### સગપણ છુટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૯-૧૮ | થાણા | મેઘ પ્રતાપ રાયચંદ દંડ | મંજલ રેલડીયા | ૨૮ |
| | મુલુંડ | યેશા દિલીપ મણીલાલ ખોના | સુથરી | ૨૫ |
| ૦૩-૧૦-૧૮ | અમદાવાદ | ધવલ નવીન ભવાનજી મૈશેરી | કુઆપધર | ૨૬ |
| | ડોમ્બીવલી | જીનલ મનીષ ગોવિંદજી ભેદા | વારાપધર | ૨૧ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૯-૧૮ | સાંગલી | લીતિન રતિલાલ નરશી છેડા | સુથરી | ૪૨ |
| ૦૭-૦૯-૧૮ | ઈંદોર | કાન્તાબેન જીવરાજ મોતા | વારાપધર | ૭૦ |
| ૨૩-૦૯-૧૮ | કોઠારા | વનીતા દામજી ચત્રભોજ નાગડા | કોઠારા | ૫૦ |
| ૨૪-૦૯-૧૮ | બરોડા | પુષ્પાબેન લક્ષ્મીચંદ લોડાયા | કોઠારા | ૮૦ |
| ૨૬-૦૯-૧૮ | અમદાવાદ | રમીલા અનૂપચંદ નાગડા | નલીયા | ૭૬ |
| ૨૮-૦૯-૧૮ | ઘાટકોપર | ગૌતમ હિરાચંદ વેલજી પટેલ (મોતા) | તેરા | ૪૦ |
| ૨૯-૦૯-૧૮ | ભુજ | સરોજબેન મુકેશ મેઘજી પુનશી લોડાયા | સુજાપુર | – |
| ૨૯-૦૯-૧૮ | વાશી | રતનબાઈ રાઘવજી મોતા | લાખણીયા | ૭૫ |
| ૦૨-૧૦-૧૮ | દલતુંગી | કિશોર જેઠાલાલ શિયાલ | દલતુંગી | ૫૪ |

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ સંઘ (મહાજન), રાયપુર















## કન્યા છાત્રાલયની તપસ્વી વિદ્યાર્થીનીઓનું સન્માન





શ્રીમતી લક્ષ્મીબાઇ વીરજી કન્યા છાત્રાલય - ઘાટકોપરની ચાર્મી ધનપતિ રતાણી, ધારિણી હિમાંશુ અવિવાની, હેન્સી ચેતન ખોના, ઇશા હર્ષલ લોડાયા, કરીના કમલેશ ખોના, ખુશ્બુ અરૂણ ડાઘા, ખુશી નીલેશ ડાઘા તથા યુક્તા મનોજ નાગડા, એમ આઠ વિદ્યાર્થીનીઓએ પર્યુષણ પર્વ દરમ્યાન અઠ્ઠાઇ તપ આરાધના કરી હતી. તથા અક્ષતા કાંતિલાલ દંડ, હસ્તી વિનેશ મોમાયા, હિમાની પરેશ લોડાયા, કિંજલ નીલેશ મોતા, મીરાલી કમલેશ લોડાયા, યુક્તા વિરેશ મોમાયા તથા વિની દિપક ગોસર એમ સાત વિદ્યાર્થીનીઓએ અઠ્ઠમ તપની આરાધના કરી હતી. ૨૩-૯-૨૦૧૮ના રોજ તપસ્વી વિદ્યાર્થીનીઓનું સન્માન કરવામાં આવ્યુ હતું તે પ્રસંગે ટ્રસ્ટી સી.એ. હિરાચંદ દંડ, સી.એ. નિલેશ વિકમશી, કારોબારી પ્રમુખ શ્રીમતી વિમલાબેન હેમરાજ ગોશર, મંત્રી શ્રીમતી લીનાબેન વિરેન્દ્ર શાહ તથા સભ્યો શ્રીમતી હીના કલ્પરાજ ધરમશી, શ્રીમતી મૃદુલા હિરાચંદ દંડ, શ્રીમતી પ્રીતીબેન રોનક જૈન, શ્રીમતી ભારતીબેન નિલેશ વીકમશી તથા વિદ્યાર્થીનીઓના વાલીઓ ઉપસ્થિત હતા. કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓએ પર્યુષણ દરમ્યાન દરરોજ પ્રતિક્રમણ કર્યું હતા.

## श्रीमती प्रीति यशवंत शाह (भाटापारा)
## को मासक्षमण तपस्या की खूब खूब अनुमोदना



*"युध्द भूमि में योद्धा तपे,*
*सूर्य तपे आकाश,*
*तपस्वी साधक अंदर से तपे*
*करे कर्मो का नाश ।"*

*"तप जीवन का अमृत है,*
*तपजीवन, जलती ज्योत है*
*तप से होती कर्म निर्जला*
*तप मोक्ष मार्ग का स्त्रोत है ।"*

**सास ससुर** : **श्रीमती कल्पना महेंद्र शाह** (वराडिया - भाटापारा)
**माता पिता** : **श्रीमती ज्योति रायचंद जैन** (नलिया - शिहोर)
**बहन** : **श्रीमती रश्मि जैन बयाति** (अहमदाबाद)
**जेठ जेठानी** : **श्रीमती कविता संजय शाह** (वराडिया - भाटापारा)
**मामा-मामी** : **श्रीमती भारती सुशील लक्ष्मीचंद शाह** (सांयरा - जलगांव)

## સખીવૃંદ મહિલા મંડળ (SVMM) પુણે





પર્સ, પરફ્યુમ્સ, ડીઝાઇનર સોપસ્, આ બધુ શિખ્યા પછી હવે સમય હતો, "Oils for Head to Toe" શીખવાનો, જે શીખડાવવાનું બીડું ઝડપ્યું સૂચીતાબેન ઉદય મોમાયાએ. સૂચીતાબેને ઘણા પ્રકારનાં તેલ કરી બતાવ્યા તથા બનાવેલા તેલમાં વિવિધતા કેમ લાવવી તેનો માટે લેખીત રીત પણ આપી. તેઓએ ફક્ત તેલ જ નહીં પણ હેયર તેલ, હેયર સ્કબ, શેમ્પૂ, લીપ બામ, હેઅર ડાઇ, અને Esstential Oils પણ બનાવતા શીખવાડ્યું. બધા વિવિધ પ્રકારનાં તેલના ફાયદાઓ, તેમનો કેવી રીતે વપરાશ કરવો, કેવી રીતે સ્ટોર કરવું, બનાવતા વખતે કઇ કઇ બાબત ખાસ ધ્યાનમાં રાખવી તેની વિસ્તારપૂર્વક માહિતી લેખીત આપી. સુચીતાબેને નીચે પ્રકારના તેલ શીખવાડ્યા.૧) કેસ્ટર ઑઇલ, ૨) કેમ્ફર ઑઇલ, ૩) મસ્ટર્ડ ઑઇલ, ૪) કોકોનટ ઑઇલ, ૫) એલોવીરા ઑઇલ, ૬) સેનેમીન ઑઇલ, ૭) ઓલીવ ઑઇલ, ૮) સેસમે ઑઇલ, ૯) ડીબીસ્કડ ઑઇલ, ૧૦) હર્બલ ઑઇલ, ૧૧) કલ્બ ઑઇલ, ૧૨) મીન્ટ ઑઇલ, ૧૩) લેમન ઑઇલ, ૧૪) રોઝ ઑઇલ, ૧૫) ચાફા ઑઇલ, ૧૬) સેન્ડલવૂડ ઑઇલ, ૧૭) લેમનગ્રાસ ઑઇલ.

## શ્રી કે.ડી.ઓ. કલાસીકની એન્યુઅલ મિટીંગ



સંસ્થાની સામાન્ય વાર્ષિક સભા ૨૨-૯-૨૦૧૮ના રોજ ઘાટકોપર ખાતે યોજાઇ હતી જેમાં ૧૨૦ થી વધુ સભ્યો હાજર હતા. મિટીંગ પછી મનોરંજક કાર્યક્રમ 'કસુંબલ ડાયરો અને હાસ્યની રમઝટ' પ્રસ્તુત થયો જેમાં સુનીલ સોની, પંકજ કક્કડ તથા જયશ્રી ભોજવીયાએ ગીત સંગીતથી સજાવી દીધો. કે.ડી.ઓ. ક્લાસીકના પ્રમુખ શ્રીમતી સરસ્વતી જયંત લાપસીયાએ સૌને આવકાર આપ્યો. મંત્રી શ્રી કપિલ લહેરચંદ લોડાયાએ સભાનું તથા સહમંત્રીશ્રી ચંદ્રિકા ચેતન લોડાયાએ મનોરંજન કાર્યક્રમનું સંચાલન કર્યું. પૂર્વ પ્રમુખ શ્રી જયંત લાપસીયાએ આભાર દર્શન કર્યુ હતું.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મોટી સિંધોડી-ટ્રસ્ટ / પ્રગતિ મહિલા મંડળ મોટી સિંધોડીના સંયુક્ત ઉપક્રમે ખાનદેશની ચૈત્ય પરિપાટીએ...





તાજેતરમાં ૨૭ જણનો સંઘ ચૈત્ય પરિપાટી રૂપે ધુલીયા દાદાવાડી, નેર, બલસાણા, ડોંડાઇચા, પારોલા, અમલનેર, ચાલીસગાંવ વગેરે સ્થળોની જાત્રા કરી. ચૈત્યો જુહારવા તેમજ ગુરૂદેવ સાધ્વીશ્રી પૂ. સંયમગુણાશ્રીજી મ.સા. તથા ગામના પ્રથમ અને એકમેવ એવા બાલ સાધ્વી શ્રી પૂ. મલ્લીગુણાશ્રીજી મ.સા.ના દર્શન વંદનનો લાભ પારોલા મુકામે મળ્યો. પારોલા સંઘના માનદ્‌મંત્રી શ્રી ગોવિંદજીભાઇ સોની તરફથી ખૂબ સારો સાથ સહકાર મળ્યો. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી તિલકભાઇ લોડાયા, ચેરમેનશ્રી મુકેશભાઇ લોડાયા, પ્રમુખશ્રી હર્ષાબેન લોડાયા, ટ્રસ્ટીશ્રી દિનેશભાઇ મૈશેરી, ટ્રસ્ટીશ્રી મુલચંદભાઇ મૈશેરી, ઉપપ્રમુખ શ્રી ભરતભાઇ લોડાયા, પ્રગતિ મહિલા મંડળના અધ્યક્ષા શ્રીમતી જ્યોત્સનાબેન મૈશેરી, ઉપપ્રમુખ શ્રીમતી નીરૂપમાબેન મોતા, માનદ્‌મંત્રી શ્રીમતી અનિતાબેન લોડાયા, કારોબારી સભ્યો, વગેરેની ઉપસ્થિતિએ ચૈત્ય પરિપાટી સરસ રીતે સંપન્ન થઇ. એક સદ્‌ગૃહસ્થ પરિવાર તરફથી રૂા. ૧૫,૦૦૦/- ભેટ રૂપે મળ્યા. કુલ રૂા. ૨૧૦ ની સંઘ પ્રભાવના થયેલ.

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640
Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# અનુમોદના... અનુમોદના...

॥ શ્રી ધર્મનાથાય નમઃ ॥

# અનુમોદના...



**શ્રી બેંગલોર નગરે જયનગર સ્થિત વિશાલ**
**શ્રી ધર્મનાથસ્વામી જિનાલય ટ્રસ્ટ** દ્વારા નિર્મિત એવમ્ સંચાલિત
**સંપૂર્ણ એ.સી.નૂતન ભવનમાં ભોજનશાળાના હોલ માટે**
પોતાના ૮૧માં જન્મદિને તથા લગ્નજીવનની ષષ્ટીપૂર્તિ નિમિત્તે

## શ્રીમતી ગુણવંતીબેન અને શ્રી જયંતિલાલ લધાભાઈ મોમાયા
## (ગામ કચ્છ વરાડીયાવાલા હાલે બેંગલોર)

દ્વારા માતબર રકમનું અનુદાન આપવામાં આવેલ છે.
આ નૂતન ભવનમાં યાત્રાળુઓને રહેવા માટે ૨૪ રૂમો પણ બનાવવામાં આવી રહ્યા છે,
જેનું ઉદ્‌ઘાટન આગામી ચાર–પાંચ મહિનાઓમાં થશે.
આપના ઉદાર દિલની અંતઃકરણથી અનુમોદના સહ અંતરના વધામણા...

લી.
માતુશ્રી માંકબાઇ લધાભાઈ મણશી મોમાયા
(વરાડીયા)
માતુશ્રી દેવકાંબાઈ રતનશી લોડાયા (જખૌ)
માતુશ્રી મીઠીબાઈ મણીલાલ ટોકરશી ખોના (સુથરી)

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI** (Owner) and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,